આજનો સુવિચાર

બુધ્ધિશાળી અને સજ્જન, પુરૂષાર્થને જ મોટો માને છે, શકિતહીન, આળસુ અને કાયર ભાગ્યને ભરોસે રહે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2020)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૪ અંક : ૧૧૦ જૂનાગઢ તા.૨૫-૦૪-૨૦૨૨ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

પંજાબની અટારી બોર્ડરેથી રૂા. ૭૦૦ કરોડનું હેરોઈન ઝડપાયું : કચ્છનાં દરિયામાંથી રૂા. ૨૮૦ કરોડનાં ડ્રગ્સ સાથે ૯ પાકિસ્તાની ઝડપાયા

(અમદાવાદ બ્યુરો) ભુજ / ચંદીગઢ તા.૨૫:

સીમા શુલ્ક અધિકારીઓએ પંજાબની અટારી બોર્ડરેથી આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ ૭૦૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૦૨ કીલો હેરોઈન ઝડપી પાડયું છે, જે દિલ્હીના એક આયાતકાર દ્વારા અફઘાનિસ્તાનથી આયાતી મુલેઠીની ખેપ સાથે પેક કરવામાં આવ્યુ હતું. સીમા શુલ્ક વિભાગનાં જણાવ્યા અનુસાર, મુલેઠીની ખેપીના એકસ-રેસ્કેનીંગ પછી તેનો ભાંડો ફુટયો હતો. લાકડાનાં સામાનની ખેપમાં કેટલાક અનિયમીત ધાબાઓ હોવાની શંકા ઉભી થયા પછી સીમા શુલ્ક કર્મચારીઓએ થેલાઓ ખોલ્યા પછી જણાયું કે કેટલાક થેલાઓમાં નાની વેલણ આકારની લાકડીઓ હતી જે મુલેઠી નહોતી. સીમા શુલ્ક વિભાગે કહ્યું કે આ લાકડાની ખેપનું કુલવજન ૪૭૫ કીલો હતું જેમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ ૭૦૦ કરોડ મુલ્યનું ૧૦૨ કીલો હેરોઈન ઝડપાયુ હતું. હેરોઈનની આ ખેપ અફઘાનિસ્તાનથી પાકિસ્તાન માર્ગે ભારત લાવવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે પંજાબમાં માન સરકારે નશો રોકવા માટે મોટું અભિયાન શરૂ કર્યુ છે તેમ છતાં અવારનવાર કેટલાય યુવકોના મોત નશાના ઓવરડોઝને કારણે થતા રહે છે.

દરમ્યાન કચ્છના બંદર બાદ હવે દરિયાકિનારાથી ડ્રગ્ઝ પકડાવાના સિલસિલો શરૂ થયો હોય તેમ આજે જખૌ નજીકની ભારતીય જળસીમામાંથી ૨૮૦ કરોડના કેફી દ્રવ્યો સાથે ૯ પાકિસ્તાનીઓની ધરપકડ કરવામાં આવી છે. ભારતીય કોસ્ટગાર્ડ તથા એટીએસના સંયુક્ત ઓપરેશનમાં આ જથ્થો પકડાયો હતો. ભારતીય કોસ્ટગાર્ડ-એટીએસના સૂત્રોનાં જણાવ્યા મુજબ કચ્છના જળમાર્ગેથી ડ્રગ્ઝ ઘુસાડવામાં આવી રહ્યાની ચોકકસ બાતમીના આધારે દરિયાઈ પેટ્રોલીંગવધારી દેવામાં આવ્યુ હતું. આ દરમ્યાન અરબી સમુદ્રની ભારતીય જળસીમામાં અલ-હજ નામની શંકાસ્પદ બોટ નજરે ચડી હતી તેનો પીછો કરીને તલાશી લેવામાં આવતા તેમાંથી ૨૮૦ કરોડની કિંમતનું ૫૬ કિલો ડ્રગ્ઝ મળી આવ્યુ હતું. બોટમાં સવાર તમામ ૯ પાકિસ્તાની નાગરિકો-મેમ્બરની ધરપકડ કરવામાં આવી હતી અને તમામને બોટ-ડ્રગ્ઝના જથ્થા સાથે જખૌ લાવવામાં આવ્યા હતા. કુલ ૫૫ પેકેટમાં ૫૬ કિલો ડ્રગ્ઝ રાખવામાં આવ્યું હતું.

ડ્રગ્ઝના જથ્થા સાથે કોઈ અન્ય બોટ છે કે કેમ અને આ જથ્થો કયાં ઉતારવાનો હતો અને તેને મોકલવાનો હતો સહિતના વિવિધ મુદાઓ ઉપર ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. હજુ વધુ ડ્રગ્ઝ પકડાવાની શકયતાનો પણ ઈન્કાર થતો નથી. છેલ્લા કેટલાંક વખતથી કચ્છમાંથી ડ્રગ્ઝ પકડાવાનો સિલસિલો જારી જ રહ્યો છે. અત્યારસુધીમુંદ્રા જેવા બંદર ઉપરથી ડ્રગ્ઝ પકડાતુ હતું. પરંતુ હવે દરિયામાંથી પકડાતા ખળભળાટ સર્જાયો છે. બંદર પરથી તે પકડાય જતુ હોવાથી બોટ મારફત નિર્જન સ્થળે ઘુસાડવાનું ડ્રગ્ઝ માફીયાઓએ ષડયંત્ર ઘડયુ હોવાની આશંકા વ્યકત કરવામાં આવી છે.

મુંબઈ શેરબજારમાં આજે મંદી : સેન્સેકસમાં ૭૦૦ પોઈન્ટનું ગાબડું

મુંબઈ તા. ૨૫

આજે મુંબઈ શેરબજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું છે. આકમણકારી વેચવાલીના દબાણ હેઠળ મોટાભાગના શેરોમાં ગાબડા પડ્યાહતાં.અમેરિકી ફેડરલઅર્ધા ટકાનો વ્યાજદર વધારો ઝીંકશે તેવી આશંકા તથા ભારતમાં પણ મોંઘવારી સામે વ્યાજ વધવાના ભણકારા જેવા કારણોનો ગભરાટ હતો.

આઈસીઆઈસીઆઈ બેંક, બજાજ ઓટો, હીરો ઓટો, મારુતિ, અદાણી વિલ્મર, અદાણી પાવર જેવા શેરોમાં ઉછાળો હતો. જયારે ભારત પેટ્રો, કોલ ઈન્ડીયા, ટાટા સ્ટીલ, બ્રીટાનીયા, રિલાયન્સમાં ગાબડા હતા. રિલાયન્સ સાથેની ડીલ રદ થતા ફ્યુચર ગ્રુપના શેરોમાં ધોવાણ હતું અને ઉંધી સર્કિટ લાગી હતી. મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૭૦૦ પોઈન્ટ ગગડીને ૫૬૬૯૯ હતો નિફટી ૧૭૨ પોઈન્ટ ગગડીને ૧૬૯૯૯ હતો.

યુપીઆઈ સર્વર ડાઉન : ફોન-પે, ગૂગલ-પે, પેટીએમમાં મુશ્કેલી

નવી દિલ્હી તા. ૨૫ : યુપીઆઈનું સર્વર ડાઉન થઈ ગયું છે. જેને લઈને લોકોને પેમેન્ટ કરવામાં મુશ્કેલી સર્જાઈ રહી છે. લોકો યૂપીઆઈના ડાઉન થયા બાદ તેની ફરિયાદ સોશિયલ મીડિયા ઉપર ટ્વીટ કરીને કરી રહ્યા છે. યુઝર્સ **PhonePe, Google Pay** અને **Paytm** જેવી મોટી **UPI** એપ્સ દ્વારા ટ્રાન્ઝેકશન થઈ રહ્યું નહી હોવાની ટ્વીટર ઉપર ફરિયાદ કરી રહ્યા છે. યુઝર્સને લાંબા પ્રોસેસિંગ સમય બાદ નિષ્ફળ ચૂકવણીની સૂચના આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષમાં આ બીજી વખત છે જયારે **UPI** સર્વરડાઉન થયું છે, ગત વખત ૯ જાન્યુઆરીએ સર્વર ડાઉન થયું હતું. **NPCI** એ હજુ સુધી વિક્ષેપ અંગે ઔપચારિક માહિતી આપી નથી.

ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાવાની જોરદાર ચર્ચા : ૧ મે બાદ વિધાનસભાનું વિસર્જન - ૧૫ જૂન સુધીમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની વહેતી વાતો

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ તા. ૨૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વહેલી યોજાશે એવી જોરશોરથી ચાલી રહી છે. આ ચર્ચાઓ વચ્ચેહાલ ગુજરાતમાંચાલી રહેલી રાજકીય ગતિવિધિઓ અને ચૂંટણીપંચની તૈયારીઓને ધ્યાનમાં રાખતા એવી પ્રબળ વાતો વહેતી થઈ છે કે ૧મેએ ગુજરાત સ્થાપના દિવસ બાદ વિધાનસભાનું વિસર્જન કરીને ૧૫ જૂન સુધીમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાંઆવી શકે છે.

જોકેઅંતે તો શાસકપક્ષ જનહીં, વિપક્ષના ધુરંધરો પણ એમ જ કહે છે કે આખરે બધું ભાજપ 'સુપ્રીમો'ની ઈચ્છાને જ આધીન છે.

ગુજરાતમાં માર્ચ મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રવાસ સાથે જ ભાજપ ફુલ ઈલેકશન મોડમાંઆવી ગયો છે. આટલુંઓછું હોય તેમ એપ્રિલમાં પણ નરેન્દ્ર મોદી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવી ગયા છે, સાથે-સાથે અમિત શાહ પણ એપ્રિલના અંતમાં ફરીથી ગુજરાત આવી રહ્યા છે. બીજીતરફ, કોંગ્રેસના રાહુલ ગાંધી પણ ૧ મેએ દાહોદ અને ૧૨ મેએ બારડોલી આવીરહ્યાછે. આપના કેજરીવાલનો પણ મેના પ્રથમ વીકમાં ગુજરાતનો પ્રવાસ ગોઠવાઈ રહ્યો છે. આ બધું જોતાં ગુજરાતમાં ચૂંટણી જૂન મહિનામાં આવે એવી પૂરેપૂરી શક્યતા છે.

વિશ્વનાં ટોચનાં પાંચ ધનકુબેરોની યાદીમાં ગૌતમ અદાણીની એન્ટ્રી

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા.૨૫

ગુજરાત અને ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિશ્વભરના ધનિકોની યાદીમાં છલાંગ લગાવતા જ રહ્યા છે. હવે તેઓએ વોરેનબફેટને પાછળ રાખી દીધા છે અને ટોપ-ફાઈવમાં સ્થાન હાંસલ કરી લીધુ છે.

ઈન્વેસ્ટમેન્ટ ગુરૂ તરીકેની ઓળખ ધરાવતા વોરેન બફેટ કરતા પણ ગુજરાતી ઉદ્યોગપતિ ગૌતમ અદાણી કુલ સંપતિમાં આગળ નીકળી ગયા છે. ફોર્બસરીયલટાઈમ બીલીયોનર ઈન્ડેકસના છેલ્લામાં છેલ્લા રેન્કીંગ પ્રમાણે અલગથી ૧૨૩.૨ અબજ ડોલરની સંપતિમાં વિશ્વના ધનપતિઓની યાદીમાં પાંચમા સ્થાને આવી ગયા છે. જયારે વોરેન બફેટ ૧૨૧.૭ અબજ ડોલરની સંપતિ સાથે છઠ્ઠા સ્થાને સરકી ગયા છે.

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી પણ એક કમ આગળ આવી ગયા છે. ૧૦૪.૨ અબજ ડોલરની સંપતિ સાથે ૮માં સ્થાને પહોંચ્યા છે જેઓ અગાઉ ૯માં કમે હતા.

દેશમાં કોરોનાની ચોથી લહેરનાં ભણકારા આજે વડાપ્રધાન સાથે મુખ્યમંત્રીઓની બેઠક

(દિલ્હી બ્યુરો) નવીદિલ્હી, તા.૨૫

દેશમાં કોરોનાના કેસો ફરીએક વખત વધવા લાગ્યા છે. આધારભુત અહેવાલ મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સ થકી કોરોનાની સ્થિતિ અંગેની સમીક્ષા કરશે. આ બેઠક દરમ્યાન તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રી તેમજ વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓ ઉપસ્થિત રહેશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા, ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય મંત્રાલયોના અધિકારી બેઠકમાં ભાગ લેશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણ મહામારીની સ્થિતિને લઈને પ્રેઝન્ટેશન આપશે. તેઓ વેક્સિનેશનની સ્થિતિ અને બૂસ્ટર ડોઝની પણ જાણકારી આપશે. પાછલા બે સપ્તાહથી કોરોનાના કેસ વધી રહ્યા છે અને એટલા માટે ચોથી લહેરનો ડર સતાવવા લાગ્યો છે.

કર્ણાટકમાં હિઝાબ બાદ હવે બાઈબલ વિવાદ

બેંગલુરૂ તા. ૨૫

કર્ણાટકમાં હિજાબ વિવાદ પછી હવે બાઈબલ ઉપર વિવાદ શરૂ થઈ ગયો છે. બેંગલુરૂની ક્લેરેન્સ હાઈસ્કૂલે સ્કૂલમાં બાળકોને ફરજિયાત બાઈબલ લાવવાનું કહેવામાં આવ્યું છે. સ્કૂલના નિર્ણયને લઈને હિન્દુ સંગઠનોએ વિરોધ શરૂ કરી દીધો છે.

સુત્રોનાં જણાવ્યા મુજબ, બેંગલુરૂના ક્લેરેન્સ હાઈસ્કૂલના એડમિનિસ્ટ્રેશને પેરેન્ટ્સ પાસેથી એક એપ્લિકેશન ફોર્મ ઉપર વચન લીધું છે કે તેઓ તેમના બાળકને બાઈબલને સ્કૂલે લઈ જવા બાબતે વાંધો વ્યકત નહિ કરે. સ્કૂલના આ નિર્ણયને હિન્દુ સંગઠનોએ એજયુકેશન એકટનું ઉલ્લંઘન ગણાવ્યું છે. હિન્દુ જનજાગૃતિ સમિતિના રાજય પ્રવકતા મોહન ગૌડાએ દાવો કર્યો કે સ્કૂલ ખ્રિસ્તી ન હોય તેવા ધર્મોના વિદ્યાર્થીઓને બાઈબલ વાંચવા માટે મજબૂર કરી રહી છે. રાઈટ વિંગ ગ્રુપના લોકોએ દાવો કર્યો છે કે સ્કૂલમાં ખ્રિસ્તી ન હોય તેવા વિદ્યાર્થીઓ પણ છે.જેમને જબરદસ્તીથી બાઈબલ ભણવામાટે મજબૂર કરવામાં આવે છે. જોકે સ્કૂલે તેના પગલાનો બચાવ કર્યો છે.

ફ્રાન્સનાં રાષ્ટ્રપતિ પદે ઈમૈનુઅલ મૈક્રો બીજીવાર ચુંટાઈ આવ્યા

નવીદિલ્હી, તા.૨૫

ઈમૈનુઅલ મૈક્રો સતત બીજી વખત ફ્રાન્સના રાષ્ટ્રપતિપદે ચૂંટાઈ આવ્યા છે. રાષ્ટ્રપતિપદનીચૂંટણીના અંતિમ મતદાનમાં તેમણે પોતાના કટ્ટર હરિફ એવા દક્ષિણપંથી મરીન લે પેનને પરાજય આપ્યો છે. મત ગણતરીના પ્રાંભીક ટ્રેન્ડમાં મૈક્રોને ૫૮.૮ ટકા મત મળ્યા હતા જયારે તેમના હરિફ લે પેનને માત્ર ૪૧.૨ ટકા જ મત મળ્યા છે. લે પેનના મુકાબલે મૈક્રોની જીત અપેક્ષિત મનાય રહી હતી કેમ કે પહેલાં તબક્કાના મતદાન બાદ આ બન્ને ટોચના ઉમેદવારો સામે પછડાયા બાદ ડાબેરી નેતા લુસ મેલેક્રોએ મૈક્રોની નીતિઓથી સહમત ન હોવા છતાં તેને સમર્થન આપ્યું હતું.

ગોંડલ નજીક હાઈબોન્ડ સિમેન્ટ ફેકટરીમાં ગમખ્વાર અકસ્માત : ત્રણ શ્રમિકોનાં મોત

(રાજકોટ બ્યુરો) રાજકોટ તા. ૨૫

ગોંડલ-જેતપુર નેશનલ હાઈવે ઉપર ગોમટા ચોકડી પાસે આવેલી હાઈબોન્ડ સિમેન્ટની ફેકટરીમાં આજે વહેલી સવારે અકસ્માત થયો હતો. જેમાં ફેક્ટરીમાં જ કામ કરતા ત્રણ શ્રમિકના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. ત્રણેય શ્રમિકો ફેક્ટરીમાં કેમિકલની બેંકમાં વેલ્ડિંગનું કામ કરી રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો. જેમાં એક શ્રમિકનું મોઢુ એટલી હદે છૂંદાઈ ગયું હતું કે તેનો ચહેરો ઓળખવો પણ મુશ્કેલ બન્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ આજે સવારે ચાર વાગ્યે ફેક્ટરીની અંદર કેમિકલની બેંકમાં વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અકસ્માત થયો હતો. જેમાં ગીર સોમનાથના દેવલપુર ગામના આશિષ હમીરભાઈ સોલંકી (ઉં.વ. ૨૫), સુત્રાપાડાના રાહુલ જસાભાઈ પંપાણિયા (ઉં.વ. ૨૨) અને ઉત્તરપ્રદેશના બલવા ગોરીનાં અમર શિવધારાભાઈ વિશ્વકર્મા (ઉં.વ. ૩૩)ના મોત નિપજ્યા હતા. ઘટનાની જાણ થતા જ ગોંડલ તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. તેમજ ત્રણેય યુવાનના મૃતદેહને પીએમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા. અકસ્માત કઈ રીતે થયો તેહજુ બહાર આવ્યું ન હોય પોલીસે તપાસ હાથ ધરી છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ત્રણેય યુવાનો વહેલી સવારે ચાર વાગ્યે કેમિકલની બેંકમાં વેલ્ડિંગ કામ કરી રહ્યા હતા અને અકસ્માત થયો હતો. જેમાં એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે અન્ય બે યુવાનને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તે દરમ્યાન રસ્તામાં જ અન્ય એક યુવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે ત્રીજા યુવાનનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. પોલીસે ત્રણેય યુવાનના પરિવારજનોનો સંપર્ક સાધવા કાર્યવાહી હાથ ધરી છે.

મોંઘવારીએ માઝા મુકી : માસિક ખર્ચમાં રૂા.૧૦,૫૦૦નો વધારો : મધ્યમવર્ગ બેહાલ

નવી દિલ્હી તા. ૨૫:

નવા વર્ષના પ્રારંભથી જ મોંઘવારીએ ફુંફાડા મારવાના શરૂ કરતાં અનાજ, કઠોળ, ખાદ્યતેલ, પેટ્રોલ, ડિઝલ, શાકભાજી, પરિવહન, દૂધ સહિતની ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. તેવામાં રશિયા - યુક્રેન યુધ્ધે બળતામાં ઘી હોમ્યું છે. દરેક ચીજવસ્તુઓના ભાવ ભડકે બળવા લાગતા સામાન્યજનની હાલત કફોડી બની ગઈ છે. કારમી મોંઘવારીમાં પુરૂં કેમ કરવું એ પ્રશ્ન સૌને સતાવી રહ્યો છે. એક અંદાજ મુજબ વધતી મોંઘવારીને કારણે મધ્યમ વર્ગ ઉપર રૂા. ૧૦,૫૦૦નું ભારણ વધી ગયું છે. પહેલા જેમનો ઘરખર્ચ રૂા. ૨૦,૦૦૦ હતો તે હવે વધીને રૂા. ૩૨૦૦૦થી ૩૩૦૦૦ માસિક થઈ ગયો છે. છેલ્લા થોડા સમયથી મોંઘવારીએ માઝા મુકી છે. તમામ ચીજવસ્તુઓમાં સરેરાશ ૪૦ ટકા જેટલા ભાવ વધી ગયા છે. ૬૦૦ રૂપિયાનો ઘરેલું વપરાશનો રાંધણગેસનો બાટલો હવે ૯૫૦માં મળે છે. ૭૦ રૂપિયાનું પેટ્રોલ ૧૦૫ સુધી પહોંચી ગયું છે. ૧૪૦૦ રૂપિયાના તેલના ૧૫ લીટરના ડબાના હવે ૨૯૦૦ રૂપિયા ચૂકવવા પડે છે. દૂધની અડધો લીટરની ૨૪ રૂપિયાની થેલીના રૂા.૩૦ અને ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોથી નીચેના ભાવે લગભગ કોઈ લીલા શાકભાજી મળી રહ્યા નથી. ઘઉં, મસાલા વગેરેના ભાવ પણ વધ્યા છે. કોરોના મહામારીના બે વર્ષના લોકડાઉનના કારણે ધંધા-રોજગારને માઠી અસર પડી હોય લોકોની આવકમાં કોઈ વધારો થયો નથી. લોકોના ખિસ્સા ખાલીથઈ ગયા છે. બીજી તરફ વધતી મોંઘવારીના કારણે મધ્યમ વર્ગીય સામાન્ય પરિવાર પર મહિને રૂા. ૧૦,૫૦૦નું ભારણ વધી ગયું છે. શાકભાજીના ભાવ વધે ત્યારે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું, તેવા સમાચારો જોવા મળતા હતા. પરંતુ હવે તો આખા પરિવારના બજેટ ખોરવાઈ ગયા છે.





રાજ્યમાં સૌ પ્રથમ જૂનાગઢ જિલ્લા પંચાયત સોલાર સીસ્ટમથી વિજળી મેળવતી થઈ

રૂા.૧૮ લાખનાં ખર્ચે ૬૮ કીલોવોટ સીસ્ટમ કાર્યાન્વીત કરાઈ : ૨૫ વર્ષની વોરંટી અને ટોટલ સીસ્ટમની પાંચ વર્ષની ગેરંટી

મંત્રી બ્રિજેશભાઈ મેરજાએ સોલાર સીસ્ટમનું કર્યુ લોકાર્પણ : વાર્ષિક ૮૭૦૪૦ યુનિટ ગ્રીન ઉર્જાનું ઉત્પાદન થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

રાજ્યમાં સૌ પ્રથમ જિલ્લા પંચાયતો પૈકી જૂનાગઢ જિલ્લા પંચાયત સોલાર સીસ્ટમથી વિજળી મેળવતી જિલ્લા પંચાયતનું બહુમાન પ્રાપ્ત કર્યુ છે. ગ્રામ વીકાસ અને પંચાયત રાજ્યમંત્રી બ્રિજેશભાઈ મેરજાએ જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન ખટારીયા, જિલ્લા સહકારી બેંકના ચેરમેન કીરીટભાઈ પટેલની ઉપસ્થીતીમાં આજે ૬૮ કિલોવોટની સોલાર સીસ્ટમનું જિલ્લા પંચાયત કચેરી જૂનાગઢ ખાતે લોકાર્પણ કર્યુ હતું. ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂા.૧૮ લાખનાં ખર્ચે ૬૮ કીલોવોટની સોલાર સીસ્ટમ જે.જે.પીવી. સોલાર સીસ્ટમ શાપર દ્વારા કાર્યાન્વીત કરવામાં આવી છે. ૨૫ વર્ષની વોરંટી અને ટોટલ સીસ્ટમની પાંચ વર્ષની ગેરંટી છે. સોલાર સીસ્ટમથી દરરોજ ૨૭૨ યુનિટ અને વર્ષે સુર્ય પ્રકાશનાં ૩૨૦ દિવસો ગણતા ૮૭૦૪૦ યુનિટનું ગ્રીન વિજ ઉત્પાદન થશે. જેનાથી વર્ષે ૨૦૯૧ ટન કાર્બન ઉત્સર્જન થતું અટકાવી શકાશે. જે ૩૩૪૬ નવા વૃક્ષ વાવવા બરોબર છે. તેમ જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે મંત્રીને સોલાર સીસ્ટમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું. આ સોલાર સીસ્ટમથી જિલ્લા પંચાયતને દર વર્ષે રૂા.છ લાખથી વધુ વિજ બીલની બચત થશે. જૂનાગઢ જિલ્લા પંચાયતની આ પહેલને મંત્રી મેરજાએ બીરદાવી જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારીયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ અને સમગ્ર ટીમને ખાસ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા સહકારી બેંકના ચેરમેન કીરીટભાઈ પટેલ, દિનેશભાઈ ખટારીયા, જિલ્લા ગ્રામ વિકાસ યોજનાનાં નિયામકશ્રી જાડેજા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અંગત મંડોત, જે.જે. સોલાર સીસ્ટમનાં ડાયરેકટર રાજેશ જોષી સહિત અધીકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ૧૩.૧૫ ક્રોડનાં વિકાસ કામો હાથ ધરાશે

પંચાયતી રાજ દિવસે જૂનાગઢ જિલ્લાને રૂા. ૧૩.૧૫ કરોડનાં કામોની ભેટ : પંચાયત મંત્રી બ્રિજેશ મેરજા અને મંત્રી દેવાભાઈ માલમની ઉપસ્થિતીમાં સેંદરડા ખાતે કાર્યક્રમ યોજાયો

- ૩૧ ગ્રામપંચાયતોનું બાંધકામ થશે
- ૧૦૭ આંગણવાડીનું નિર્માણ કરાશે
- ૯ રમત ગમતનાં ગ્રાઉન્ડ બનાવાશે
- ૧૭ ચેકડેમનું નિર્માણ કરાશે
- ૨૦૪ કેટલશેડ બનાવાશે
- ૧૮ મોડલ ઈ-ગ્રામ સેન્ટર માટે સાધનોની ફાળવણી
- ૩૦ મંદિરોનાં પટાંગણમાં શૌચાલય બનાવાશે
- લોએજ અને નગીચાણા ગામને ટ્રેક્ટર અપાયા
- ૧૫૦૦૦ જેટલા આયુષ્યમાન કાર્ડનું વિતરણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

વંથલી તાલુકાનાં સેંદરડા ગામે પંચાયતી રાજ દિવસની ઊજવણી અંતર્ગત જૂનાગઢ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારો માટે રૂા.૧૩.૧૫ કરોડનાં વિકાસકામોની ભેટ આપવામાં આવી છે. જે પૈકી રૂા.૧૧.૫૦ કરોડના કામો મનરેગા યોજના અંતર્ગત નિર્માણ કરાશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મુ કાશ્મીરના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ સૌ ઉપસ્થિતિઓ નીહાળ્યું હતું. ગ્રામવિકાસ અને પંચાયત રાજ્યમંત્રી બ્રિજેશભાઈ મેરજા, પશુપાલન રાજ્યમંત્રી દેવાભાઈ માલમ, માણાવદર રમત વિસ્તારનાં ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા અને જિલ્લા પંચાયતનાં પ્રમુખ શાંતાબેન ખટારીયા, ઉપ પ્રમુખ વિપુલ કાવાણી, સેંદરડા ગામનાં સરપંચ અને સહકારી અગ્રણી દિનેશભાઈ ખટારીયા અને જિલ્લા પંચાયતની વિવિધ સમિતીઓનાં ચેરમેનો, તાલુકા પંચાયતનાં હોદેદારોની ઉપસ્થિતીમાં આ વિકાસ કામોનું ખાતમુહુર્ત લોકાર્પણ તથા વિવિધ સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રામ વિસ્તારોની જરૂરીયાત મુજબ ૩૧ પંચાયતો, ૧૦૭ આંગણવાડી, ૯ શાળામાં રમત ગમતનાં પટાંગણ, ૧૭ ચેકડેમ અને ૨૦૪ કેટલશેડનું ખાતમુહુર્ત કરાયું હતું. ઉપરાંત જિલ્લાની ૧૮ ગ્રામપંચાયતોને મોડલ ઈ-ગ્રામ સેન્ટર માટે કોમ્પ્યુટર સેટ, પ્રિન્ટર, સ્કેનર, ઝેરોક્સ મશીન થમ્બ રીડર, વેબ કેમેરા, સહિતનાં સાધનોનું મંત્રી અને મહાનુભાવોનાં હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે આ અંગે જણાવ્યું હતું કે, ૧૫માં નાણાપંચ અંતર્ગત ૩૦ મંદિરોનાં પટાંગણમાં રૂા.૯૦ લાખનાં ખર્ચે શૌચાલય બનાવાશે. ઉપરાંત લોએજના સરપંચ રવી નંદાણીયા અને નગીચાણાના સરપંચ મશરીભાઈ પીઠીયાને રૂા.૯ લાખનાં ખર્ચે મીની ટ્રેકટર સ્વચ્છતા મીશન અંતર્ગત આપવામાં આવ્યા હતા. ઉપરાંત લોકોને આરોગ્યની સુવીધા આપવા ૧૫૦૦૦ આયુષ્યમાન પી.વી.સી. કાર્ડ તૈયાર કરી વિતરણ કરવા સાથે પદ૭ લાભાર્થિને ૧૦૦ ચોરસવારના પ્લોટ પણ ફાળવવામાં આવ્યા છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત દ્વારા જનકલ્યાણની વિવિધ કામગીરીને બીરદાવી પંચાયત મંત્રી બ્રિજેશભાઈ મેરજાએ અને વહિવટીતંત્રના અધિકારીઓનાં સંકલનથી જૂનાગઢ જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી છે. સેંદરડા ખાતે આ પ્રસંગે રૂા.૨૯ લાખનાં ખર્ચે સાબરી નદી ઉપર નિર્માણ થનાર ચેકડેમનું પણ ખાતમૂહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત વિવિધ સમિતીનાં ચેરમેનો, જિલ્લા પંચાયતનાં સદસ્યો, સેંદરડા ગામનાં ગ્રામજનો, વંથલી તાલુકા પંચાયતનાં હોદેદારો, આગેવાનો અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રી તથા મહાનુભાવોની ઉપસ્થીતિમાં સેંદરડા ખાતે ખાસ ગ્રામસભા પણ યોજવામાં આવી હતી.

જૂનાગઢમાં સ્માર્ટ લાઈબ્રેરીનું લોકાર્પણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર ગ્રંથાલય ખાતાના નિયામકડો. પંકજ ગોસ્વામી અને મદદનીશ ગ્રંથાલય નિયામક ભાવનગરના આર.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ અત્રે કચેરી સરકારી જિલ્લા પુસ્તકાલય જૂનાગઢ ખાતે આઝાદીનો અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે તારીખ ૨૩મી એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે સ્માર્ટ લાઈબ્રેરીનો લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પંકજ ઔંધીયા, એડિશનલ કલેકટર અને ડિરેકટર રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા અને પંચાયતી રાજ ભવન જૂનાગઢના વરદ હસ્તે રીબીન કાપીને સ્માર્ટ લાઈબ્રેરી પ્રજાજનો માટે ખુલ્લી મુકવામાં આવી હતી તથા નિવૃત્ત ગ્રંથપાલ મુકુન્દરાય રાવળ, મદદનીશ ગ્રંથાલય નિયામક ભાવનગરના સહકર્મચારી કિશોરભાઈ રાવલ તથા જૂનાગઢના સંજયભાઈ પંડ્યા, જિલ્લા પુસ્તકાલય સ્ટાફના એચ.પી. સુત્રેજા દિપ પ્રાગટ્ય કરી પુસ્તક પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. તા.૨૩મી એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે કે.પી.સી. ગોડા ગર્લ્સ હાઈસ્કૂલ, જૂનાગઢના આચાર્ય બી.ડી. ગરચર તથા સરકારી જિલ્લા પુસ્તકાલય જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીનીઓ દ્વારા "ગ્રંથયાત્રા" આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગ્રંથપાલ મહેશ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

દ્વારકાના દશ ખેલાડીઓ રાજ્યકક્ષાની માસ્ટર્સ એથલેટિકસમા ૩૦ મેડલો મેળવ્યા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૫

જામનગર ખાતે યોજાયેલ "પાન ગુજરાત માસ્ટર્સ ગેમ ફેડરેશન ચેમ્પિયન શીપ, ૨૦૨૨"માં દ્વારકાના સ્પોર્ટમેન ચેતનભાઈ જીંદાણી દ્વારા ચાલતા શ્રી ભડકેશ્વર યોગ ગૃપના ચેતનભાઈ પાસે ટ્રેનિંગ પામેલા સાત પુરૂષ તેમજ ત્રણ મહિલા ખેલાડીઓએ પોતપોતાની ત્રણ ત્રણ ઈવેન્ટમાં ગોલ્ડ અને સિલ્વર મેડલો મેળવી દ્વારકાને ગૌરવ અપાવ્યું છે. જેમાં (૧) ચેતનભાઈ જીંદાણી, ૧૦૦મી દોડ, ૧૦૦મી હડલ્સે તેમજ ચક ફેક, ત્રણેયમાં ગોલ્ડ મેડલ, (૨) કણઝારિયા હરેશ, ૧૦૦મી દોડ, ૧૦૦મી હડલ્સે, તેમજ ચક ફેંકમાં ત્રણ ગોલ્ડ, (૩)આર.ડી. ખાખરિયા, ગોળા ફેંક, ચક ફેક તેમજ બછીફેક, ત્રણ ગોલ્ડ, (૪) નવનીત કણઝારિયા, ૧૦૦મી દોડ, ૧૦૦મી હડલ્સે તેમજ ગોળાફેક, ત્રણ ગોલ્ડ, (૫) શીતલબેન હરેશભાઈ કણઝારિયા હેમર થ્રો, ચકફેંક તેમજ ૧૦૦મી હડલ્સે, ત્રણેય ગોલ્ડ, (૬) કવિતાબેન એન. ઠાકર ગોળા ફેંક, ચકફેક તેમજ બછી ફેક ત્રણેયમાં ગોલ્ડ, (૭) નયનાબા રાણા, બછીફેંક તેમજ ૮૦મી હડલ્સેમાં ગોલ્ડ તેમજ ચકફેંકમાં સિલ્વર મેડલ, (૮) મનિષ માવાણી, ચક ફેંક, બછી ફેક, ગોલ્ડ તેમજ ગોળા ફેંકમાં સીલ્વર મેડલ, (૯) હર્ષદરાય પુરોહિત ૧૦૦મી દોડ, ગોળા ફેંક, હાઈ જમ્પ, ત્રણેય ગોલ્ડ, (૧૦) સુરેશ કણઝારિયા પ કિમી વોક, ચકફેક, ૧૦૦મી દોડ ગોલ્ડ મેળવ્યો છે. દ્વારકાના આ રમત વીરોએ ગોલ્ડ મેડલોની હારમાળા સર્જી દ્વારકાનું ગૌરવ વધાર્યું છે. આ ખેલાડીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનમાં ચેતનભાઈ જીંદાણીની ટ્રેનીંગ તેમજ માર્ગદર્શન દ્વારા બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

દ્વારકા નગરપાલીકા સંચાલીત સ્મશાનની દયનિય હાલત

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૫

યાત્રાધામ દ્વારકામાં દ્વારકા નગર પાલીકા સંચાલીત સ્મશાનની દયનિય હાલત જોવા મળી છે. સ્મશાનનો પણ વિકાસને બદલે વિનાસ થતો જાય છે !!! સ્મશાન આસપાસ ગંદકી તેમજ આડેધડ લાકડા ખુલ્લામાં હોવાથી મૈયત લઈને આવતા સ્નેહીજનોને અગવડતા વેઠવી પડે છે. દ્વારકા તાલુકાના ૪૨ ગામડાઓ અને આસપાસના વિસ્તારો લોકો મૃત્યું પામતા હોય તેમને યાત્રાધામ દ્વારકાનું શ્રેષ્ઠ ગણાતું સ્મશાને અગ્નિ સંસ્કાર માટે લઈ આવતા હોય છે. પરંતુ શ્રેષ્ઠ ગણાતા દ્વારકાના સ્મશાનમાં હાલની તકે હાલત દયનિય બની છે. હેરિટેજ સીટીમાં સમાવિષ્ટ દ્વારકા નગરીમાં સ્મશાનમાં હાલત બદતર હોય ત્યારે દ્વારકા નગરપાલીકાના અધિકારી સતાધિશો જાણે સ્મશાણ પ્રત્યે કાઈ પયરીજ ના હોય કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવી પરિસ્થિતી સર્જાણી છે. સ્મશાનમાં આવેલ અગ્નિ સંસ્કાર માટેના ખાટલા જર્જરિત બન્યા હોય બીજી બાજુ સ્મશાનમાં યોગ્ય જાળવણીનો અભાવ અને વિકાસ પણ ખૂટતો હોઈ તેવા દ્રશ્યો જોઈ લોકો તંત્ર સામે નારાજગી વ્યકત કરી રહ્યા છે.

ખંભાળિયામાં જુગારની મોજ માણતા આઠ શખ્સો ઝડપાયા : ૧.૭૯ લાખનો મુદ્દામાલ કબજે

(કુંજન રાડિયા દ્વારા)

જામનગર, તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા પંથકમાં દારૂ-જુગારની પ્રવૃત્તિ સાથે સામે કડક હાથે કામગીરી કરવા અંગે જિલ્લા પોલીસ વડા તથા ડીવાયએસપી દ્વારા આપવામાં આવેલી સૂચના અંતર્ગત અહીંના ઈન્ચાર્જ પી.આઈ. જે.કે. ડાંગરના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત ગઈકાલે રવિવારે અહીંના પી.એસ.આઈ. કે.એન. ઠાકરીયા તથા સ્ટાફ દ્વારા અત્રે લુહારશાળ વિસ્તારમાં રહેતા મનસુખલાલ પોપટલાલ થોભાણી નામના એક આસામીના રહેણાંક મકાનમાં જુગાર દરોડો પાડી, આ સ્થળે ગંજીપાના વડે તીનપતીનો જુગાર રમી રહેલા મનસુખ પોપટલાલ થોભાણી, વિનોદ કુરજીભાઈ વિઠલાણી, મહેન્દ્ર વીરચંદભાઈ મહેતા, હસમુખ લાભુભાઈ વિઠલાણી, હરદાસ નાથાભાઈ વારોતરીયા, સંજય રમણીકભાઈ, ગોવિંદ વશરામભાઈ ચોપડા અને રસિકલાલ હરિદાસભાઈ ભાયાણી નામના આઠ શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે કુલ રૂપિયા ૮૨,૦૦૦ રોકડા, રૂપિયા ૧૭ હજારની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૮૦ હજારની કિંમતની ત્રણ નંગ મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૧.૭૯ લાખના મુદ્દામાલ કબજે કર્યો છે.

ગુજરાતના પ્રિન્ટ મીડિયાના માલિકો તથા તંત્રીઓ તેમજ ઈલેકટ્રોનિક મીડિયાના માલિકો તથા ચેનલ હેડ્સ સાથે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરનો સીધો સંવાદ

પી.આઈ.બી. અમદાવાદ દ્વારા યોજાયેલ બે અલગ-અલગ કાર્યક્રમમાં અગ્રણી પ્રિન્ટ તથા ટી.બી. ચેનલ્સના મોભીઓએ મંત્રી સાથે વિચારવિમર્શ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૫

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે પોતાની એક દિવસીય મુલાકાત દરમ્યાન ગાંધીનગર ખાતે અગ્રણી પ્રિન્ટ તથા ટી.વી. ચેનલ્સના માલિકો, તંત્રીઓ અને ચેનલ હેડ્સ સાથે અલગ-અલગ બેઠક યોજી હતી. આ અનૌપચારિક બેઠકમાં પ્રિન્ટ ઈલેકટ્રોનિક મીડિયા જગતને લગતા પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આદ્યતરરાષ્ટ્રીય મુદ્દા ઉપર મીડિયા જગતના મોભીઓએ વિશદ છણાવટ કરી હતી. મંત્રીએ લોકશાહીના આ ચોથા આધાર સ્તંભને વધુ મજબૂત બનાવવા સરકાર કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરોત કોરોના કાળ દરમ્યાન અખબારો, ટી.વી. ચેનલ્સ અને એના રિપોર્ટર્સ, એડિટર્સને પડેલી મુશ્કેલીઓ અંગેની રજૂઆતના સંદર્ભમાં મંત્રીએ ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા તથા એના પત્રકારોના લાભાર્થે સરકાર અનેક પગલા ઉઠાવી રહી હોવાની વાત કરી હતી. પ્રેસઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા આયોજિત આ ગોષ્ઠિમાં જાહેર હિતના અનેક મુદ્દાઓ ઉપર મંત્રીશ્રીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. ભ્રામક અને ખોટા સમાચારો ફેલાવતા સોશિયલ મીડિયાના કેટલાક પ્લેટફોર્મ ઉપર સરકાર દ્વારા કોઈ પ્રકારનો અંકુશ મૂકાય એવી અપેક્ષા પ્રિન્ટ તથા ઈલેકટ્રોનિક મીડિયાના અગ્રણીઓએ વ્યક્ત કરી હતી. પી.આઈ.બી.ના એડિશનલ ડી.જી. ડો. ધીરજ કાકડિયા, રાજય સરકારના માહિતી અને પ્રસારણ સચિવ અવંતિકા સિંહ, માહિતી નિયામક આર.કે. મહેતા વગેરેપણ આ ગોષ્ઠિમાં ઉપસ્થિત રહયા હતા.

વેરાવળના વડોદરા ડોડીયા ગામ પાસેથી ગેરકાયદેસર ધમધમતી બિલ્ડીંગ લાઈમસ્ટોનની ખાણ મરીન પોલીસે ઝડપી, ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૫

વેરાવળ નજીક વડોદરા ડોડીયા ગામના ડેમ વિસ્તારમાં સરકારી પડતર જમીનમાં ચાલતી ગેરકાયદેસર બિલ્ડીંગ લાઈમ સ્ટોનની ખાણ ઉપર બાતમીના આધારે મરીન પોલીસે ખાણ ખનીજ વિભાગને અંધારામાં રાખી દરોડો પાડી કાર્યવાહી કરતા ખનીજ ચોરોમાં ફફડાટ પ્રસર્યો છે. આ દરોડામાં ૨ કટર મશીન, બેલા પથ્થર ભરેલ ૨ ટ્રેકટર સહિત ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સ્થળ ઉપરની વિશાળ જમીનમાંથી ખનીજ ચોરી થઈ હોવાનું જોવા મળેલ હતું. જેથી પોલીસ દ્વારા ખાણ ખનીજ વિભાગને જાણ કરવામાં આવતા સ્ટાફ દ્વારા ખનીજ ચીરીની માપણી હાથ ધરવામાં આવી હોય જે કામગીરી પૂર્ણ થયા બાદ કરોડોની ચોરીનો આંક સામે આવે તેવી શકયતા દર્શાવાય રહી છે. જોકે આ ગેરકાયદેસર ખાણ ઘણા લાંબા સમયથી જવાબદાર તંત્રની મીઠી નજર હેઠળ ચાલતી હતી પરંતુ તાજેતરમાં નવા પોલીસ અધિક્ષક આવતા સમીકરણો બદલાતા હોવાથી દરોડો પડ્યો હોવાની વ્યાપક ચર્ચા સ્થળ પંથકમાં થઈ રહી છે. વેરાવળ સહિત સમગ્ર જિલ્લામાં ઠેકઠેકાણે ગેરકાયદેસર ખનીજ ખનનની પ્રવૃત્તિ બેરોકટોક પ્રસાદી અને તંત્રની મીઠી નજર હેઠળ ચાલી રહી હોવાની વ્યાપક ચર્ચાઓ લોકોમાં થઈ રહી છે. ત્યારે થોડા દિવસોથી આ ગેરકાયદેસર ખનીજની પ્રવૃત્તિ ઉપર પોલીસ તંત્રની નજર પડી હોય તેમ ઉપર છાપરી રેડ પાડી દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ગઈકાલે મરીન પોલીસે કરેલ કાર્યવાહીની પ્રાપ્ત વિગતોનુસાર વેરાવળ તાલુકાના વડોદરા ડોડીયા ગામની ડેમ સાઈડ વિસ્તારમાં જીવાબાપાના મંદિરની સામેની સાઈડમાં સરકારી પડતર જગ્યામાં ગેર કાયદેસર લાઈમ સ્ટોનની પ્રવૃતિ ચાલતી હોવાની મરીન પોલીસને બાતમી મળી હતી. જેના આધારે પીઆઈ એન.જી. વાઘેલા અને પીએસઆઈ વી.આર. રાઠોડએ સ્ટાફ બાતમી વાળા સ્થળે દરોડો પાડ્યો હતા. ત્યારે સ્થળ ઉપર સરકારી પડતર જમીનમાંથી ગેરકાયદેસર રીતે પથ્થર કાંપવાની ચકરડીઓ વડે ખોદકામ ચાલુ હતું. ખાણમાં હાજર કરણ લાખાભાઈ ચાવડા રહે. ચોરવાડ વાળા કોઈપણ જાતની મંજુરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઈમ સ્ટોનનું ખનન કરતા હોવાનું જણાયેલ હતું. સ્થળ ઉપરથી પથ્થર કાંપવાની બે ચકરડીઓ કિં.રૂા.૨ લાખ તથા બિલ્ડીંગ માઈલ સ્ટોન (બેલા) ભરેલા બે ટ્રોલી સાથેના ટ્રેક્ટર કીં.રૂા.૧૦ લાખ મળી કુલ મુદ્દામાલ રૂા.૧૨ લાખનો મળી આવતા જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ દરોડામાં મળી આવેલ બિલ્ડીંગ લાઈમસ્ટોનની ગેરકાયદેસર ખાણમાંથી મોટા પ્રમાણમાં ખોદકામ થયેલ હોવાનું જણાય આવતા ખાણ ખનીજ વિભાગને રીપોર્ટ કરી જાણ કરવામાં આવી હતી. જેના પગલે સ્થળ ઉપર આવેલ ખાણ અધિકારી સહિતના સ્ટાફએ ખનીજ ચોરી અંગે માપણીની કામગીરી હાથ ધરી હતી. જે પૂર્ણ થયા બાદ કરોડોની ખનીજ ચોરી સામે આવે તેવી શકયતા દર્શાવાય રહી છે. જો કે, આ ગેરકાયદેસર ખાણ લાંબા સમયથી રાજકીય ઓથ અને તંત્રની મીઠી નજર હેઠળ ચાલતી હોવાની સ્થાનીકોમાં વ્યાપક ચર્ચાઓ થઈ રહી છે.

લોએજ પંચાયતને ઘન કચરાનાં નિકાલ માટે ટ્રેકટર-ટ્રોલી અર્પણ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૫

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત લોએજ ગ્રામ પંચાયતને ઘન કચરાના નિકાલ માટે મીની ટેકટર તથા ટ્રોલી પંચાયત મિનિસ્ટર બ્રિજેશકુમાર મેરજાના હસ્તે આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી અને ધારાસભ્ય દેવાભાઈ માલમ, માજી કેબિનેટ મિનિસ્ટર જવાહરભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ ખટારીયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, ડીઆરડીએ નિયામકશ્રી જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ જીલ્લા આયોજન મંડળ દ્વારા રૂા.૧૦.૬૨ કરોડના કામો મંજુર કરાયા

ગુણવત્તા યુક્ત અને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ ન કરતા અધિકારીઓ સામે કાર્યવાહી થશે : મંત્રી રૈયાણી

જૂનાગઢ જીલ્લા પ્રભારી મંત્રી અરવીંદભાઇ રૈયાણીના અધ્યક્ષસ્થાને જીલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ જિલ્લા આયોજન મંડળની જિલ્લા પ્રભારી અને પ્રવાસન રાજયમંત્રી અરવીંદભાઇ રૈયાણીની અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં કુલ રૂા.૧૦.૬૨ કરોડના વિકાસના કામો મંજુર કરાયા હતા.

કલેકટર કચેરી જૂનાગઢ ખાતે યોજાયેલ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા આયોજન મંડળ દ્વારા મંજુર કરાયેલ કામોને પ્રાથમિકતા આપવા સાથે સમય મર્યાદામાં પૂર્ણ કરવા મંત્રી રૈયાણીએ સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

રાજય સરકાર અને અધિકારીઓ પાસે લોકોની ખુબ અપેક્ષા છે. રાજય સરકાર નાણાં ફાળવે પરંતુ સ્થળ ઉપર કામ સમય મર્યાદામાં પૂર્ણ ના થાય ગુણવત્તા ન જળવાઇ એ બાબત કોઇ રીતે ચલાવી શકાય નહિં તેમ જણાવી મંત્રીએ કહ્યું કે, કામગીરીમાં ઢીલાશ કે બેદરકારી રાખતા અધિકારીઓ સામે કાર્યવાહી થશે.બેઠકમાં આયોજન મંડળ દ્વારા વર્ષા ૨૦૨૧-૨૨, ધારાસભ્ય ગ્રાન્ટ, સાંસદ ગ્રાન્ટ સહિતના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત જે કામ પૂર્ણ થયા હોય તેની ડેટા એન્ટ્રી પૂર્ણ કરવા કામો ન થયા હોય તેમની જવાબદારી ફિક્સ કરવા મંત્રીએ તાકીદ કરી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય જવાહરભાઇ ચાવડા, ભીખાભાઇ જોષી, બાબુભાઇ વાજા, જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન દિનેશભાઇ ખટારિયા, મ્યુ.કમિશ્નર આર.એમ.તન્ના, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી, નિવાસી કલેકટર એલ.બી.બાંભણિયા સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની કાર્યવાહીનું સંચાલન જિલ્લા આયોજન અધિકારી આર.આર.ગંભીરે કર્યું હતું.

જામખંભાળિયાના બેહ ગામે વીર વછરાજ જુંગીવારાના મંદિરે પાટોત્સવનું ભવ્ય આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૫

ખંભાળિયા તાલુકાના બેહ ગામે સુપ્રસિદ્ધ વીર વછરાજ જુંગીવારા વાછરાભાઈનું મંદિર આવેલું છે. જેના છઠ્ઠા પાટોત્સવનું ભવ્ય આયોજન આગામી શુક્રવાર તારીખ ૨૯મી એપ્રિલના રોજ કરવામાં આવ્યું છે.આ પ્રસંગે સમસ્ત બેહ ગામ દ્વારા જુંગીવારા ધામ ખાતે નૂતન ધ્વજારોહણ, ૧૦૮ કુંડી મહાયજ્ઞ અને ગૌ શાળાના લાભાર્થે સંતવાણી તથા લોકડાયરાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે.આ ધાર્મિક સ્થળના ઈતિહાસની વિગત મુજબ આશરે પાંચ સદી પહેલાં બેહ ગામે જુંગી જંગલમાં અસુર (રાક્ષસ) રહેતો હતો. જે ગામ લોકોને કનગડત કરતો હતો. એક વખત ગામમાં રહેલી કરમઈબાઈ નામની ચારણ દીકરી જંગલમાંથી ભાતું લઈને પસાર થતી હતી, ત્યારે આ અસુરે જંગલમાં કરમઈબાઈને રોકી તેની પર કુદ્રષ્ટિ કરી લાજ

લેવાનો પ્રયાસ કરતા જ કરમઈબાઈ નામની ચારણ દીકરી સાક્ષાત્કાર પરા અંબા શક્તિનો અવતાર હોવાથી તેમણે વીર વાછરાનું સ્મરણ કરી ત્રણ સાદ કરતા જ વીર વછરાજ ઘોડે સવાર થઈને પ્રગટ થતાં જ કરમઈબાઈના આદેશ અનુસાર આ અસુરને ત્યાંજ હણી નાખીને તેની રક્ષા કરી હતી.શક્તિનો અવતાર કરમઈબાઈ પ્રગટ થયેલા વછરાજને અહીં બેહ ગામે જ રહીને ગામનું રક્ષણ કરવાનો કોલ લઈ ત્યાંજ કરમઈબાઈ સમાધિ રૂપે સમાઈ ગયા હતા. ત્યારથી જ વીર વછરાજ જુંગીવારા નામથી બેહ ગામ પ્રજ્વલિત થયું છે. આ પછી પણ અનેક પરચા ગામ લોકોને વીર વછરાજે સાક્ષાત્કાર આપેલ છે.બેહ ગામે આજે પણ સિંધિયા પરિવાર બીડી, ચુલમ કે હુકો પિતા નથી ગામમાં ઘર ઉપર બીજો માળ પણ નથી બનાવામાં આવ્યા. જુંગીવારા વાછરાભાઈએ ૨૦૦ વર્ષ પહેલાં જામનગર સ્ટેટને ગામનો કર ભરી દેતા વછરાજે ગામને ખાલશા થતું બચાવ્યાનો ઈતિહાસ છે.જુંગીવારા ધામે વાર્ષિક છઠ્ઠા પાટોત્સવ નિમિત્તે આગામી શુક્રવારે સવારે સાત વાગ્યે ધ્વજારોહણ, નવ વાગ્યે શાસ્ત્રીજી જનકગુરુ અને ચેતન મહારાજ દ્વારા મંત્રોચ્ચાર સાથે ૧૦૮ કુંડી મહાયજ્ઞ પ્રારંભ થશે. બપોરે બાર વાગ્યે મહાપ્રસાદી તથા સાંજે ચાર વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમ અને રાત્રે નવ વાગ્યે ગૌ શાળાના લાભાર્થે ભવ્ય સંતવાણી તથા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કલાકારો રાજભા ગઢવી તથા વિજયભાઈ ગઢવી દ્વારા સંતવાણી- ધૂનની રમઝટ બોલાવવામાં આવશે. આ સમગ્ર આયોજનમાં પ્રસાદી અને ૧૦૮ કુંડી મહાયજ્ઞમાં દાતા સ્વ.કાનાભાઈ કરશનભાઈ સંઘિયા પરિવાર દ્વારા જાહેર આમંત્રણ પાઠવાયુ છે. હાલ ભવ્ય આયોજનની તૈયારી માટે બેહ ગામના વડીલો તથા જય જુંગીવારા અન્નક્ષેત્ર ટ્રસ્ટના અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ યુવાનો દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ રહી છે. જુંગીવારા ધામે દર વર્ષે ઉજવાતા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટે છે. દર વર્ષેની જેમ કઆ વર્ષે પણ મોટી સંખ્યામાં ભાવિકો તથા આગેવાનો ઉમટી પડશે.

અપંગતા ધરાવતા ભારતના ૫ લાખથી વધુ લોકોને પ્રોસ્થેટીક, ઓર્થોટીક ડિવાઈસીસની જરૂર

અમદાવાદનું મધુરમ ચેરીટેબલ ટ્રસ્ટ કપાયેલા અંગો ધરાવતા લોકોને પ્રોસ્થેટીક પગ પુરા પાડીને સહયોગ આપે છે. સંસ્થાને ટુંકાગાળામાં આવા ૮૫ લોકોને પ્રોસ્થેટીક પગ પુરા પાડયા છે

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ, તા.૨૫

ભારતમાં ૫ લાખથી વધુ લોકોને પ્રોસ્થેટીક અને ઓર્થોટીક ડિવાઈસીસની જરૂર છે. આ સંખ્યા દર વર્ષે ૫થી ૩૦ હજાર જેટલી વધતી જાય છે. ઉંચા ખર્ચને કારણે આ ડિવાઈસીસ મર્યાદિત લોકોને ઉપલબ્ધ હોવાના કારણે ખુબ મોટી સંખ્યામાં લોકો વંચિત તરીકે જીંદગી જીવી રહ્યા છે. આ સ્થિતિમાં પરિવર્તન લાવવા એક સંસ્થા કટીબધ્ધ છે અને તે આવા તમામ લોકોને તબીબી સુવિધા અને સંભાળ મળી રહે તે માટે સક્રિય સંસ્થા છે. અમદાવાદની સ્વૈચ્છિક સંસ્થા મધુરમ ચેરીટેબલ ટ્રસ્ટે ત્રણ વર્ષથી ઓછો સમયમાં ૮૫ વ્યકિતઓની જીંદગી બદલી નાંખી છે. એમાં મોટી સંખ્યામાં બાળકો છે. જેમને જર્મનીથી આયાત કરીને પ્રોસ્થેટીક પગ પુરા પાડવામાં આવ્યા છે. આ પ્રોસ્થેટીક પગની કિંમત રૂા.૧ લાખથી રૂા.૨.૫ લાખ છે. સંસ્થાએ સામાજના ગરીબ વર્ગમાંથી આવતા ૪૦૦થી વધુ બાળકોનો અન્ય કેટલીક શસ્ત્રક્રિયા અને સારવાર પુરી પાડવામાં સહાય કરી છે. આ ટ્રસ્ટ ગયા વર્ષે જે પ્રવૃતિ કરી હતી તેની હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી કિસ્સાઓના ઘનિષ્ઠ અહેવાલનું ઝાયડસ લાઈફસાયન્સિસના ચેરમેન પંકજ પટેલ, બફેરી ગૃપના ડિરેકટર પવન બકેરી અને વાઘબકરી ટી ગૃપના એકિઝકયુટીવ ડિરેકટર પરાગ દેસાઈ તથા અન્ય મહાનુભાવોની હાજરીમાં શનિવારે જીએલએસ ઓડીટોરીયમમાં યોજાયેલા એક સમારંભમાં વિમોચન કરવામાં આવ્યું હતું સમારંભમાં ટ્રસ્ટની કામગીરીનો લાભ મેળવનાર લોકો પણ હાજર રહ્યા હતા. આ ટ્રસ્ટની કામગીરીમાં યોગદાન આપનાર ૧૨ વ્યકિતઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાત કરતા મધુરમ ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક અને ટ્રસ્ટી શ્રધ્ધા સોપારકરે જણાવ્યું હતું કે, હાથ-પગ વગરના અનેક લોકો તેમની કોઈપણ ભુલ વગર તકલીફ ધરાવતી જીંદગી જીવતા હોય છે. મધુરમ ચેરીટેબલ ટ્રસ્ટમાં અમે આવા શકય તેટલા વધુ લોકોને સહાયરૂપ બનવા માટે પ્રયાસો કરી રહ્યા છીએ. લાભાર્થીઓના જીવનમાં તફાવત લાવી શકવાનો અમને આનંદ છે. આ પ્રવૃતિ અમારા દિલને ગમતી પ્રવૃતિ છે અને અમારો વાર્ષિક અહેવાલ આ ઉદેશ માટે કરેલા કામનું ઉદાહરણ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમે હાથ-પગની ખોડ ધરાવતા લોકોને યોગ્ય તબીબી સારવાર મળી રહે અને તે સરળ જીંદગી જીવી શકે તે માટે સહાય કરવાનો છે. અમે સમાજનો કશુંક પરત કરવા માટે કટીબધ્ધ છીએ. સમાજના વધુ લોકોને આ પ્રવૃતિનો લાભ મળી રહે તે માટે આ કામગીરી ચાલુ રાખીશું. જોગાનુંજોગ જેમણે અંગ ગુમાવ્યા છે તેવા લોકોમાં જાગૃતિ (Limb Loss Awareness Month) માટે એપ્રિલ મહિનો મનાવાય છે. સમારંભનો ઉદેશ કૃત્રિમ અંગો અંગે જાગૃતિ ઉભી કરીને આવી ઉણપને કારણે પરેશાન થતા લોકોનું સશકિતકરણ કરવાનો તથા તેમની વાત જાણવાનો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અંદાજ મુજબ દુનિયામાં ૩ કરોડથી વધુ લોકોને પ્રોસ્થેસ્ટીક અને ઓર્થોટીક ડિવાઈસીસની જરૂરી છે. પ્રોસ્થેસ્ટીક સંભાળ એ માત્ર ભારતમાં જ નહીં પણ દુનિયાભરમાં પડકાર છે. વિકસતા દેશોમાંથી ૭૫ટકા કરતા વધુપાસે પ્રોસ્થેસ્ટીક અને ઓર્થોટીક તાલિમ કાર્યક્રમ નથી. આથી આવા દર્દીઓને નબળી કિલ્નીકલ સારવાર મળે છે.

રાજકોટ રેલવે ડિવિઝન હવે ૧૫ સ્ટેશનો ઉપર સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપશે

નાના ઉદ્યોગકારો માટે વેપાર વધારવાની સોનેરી તક

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' યોજના હેઠળ, રાજકોટ સ્ટેશન પર ટેરાકોટા માટીના વાસણોનું સ્ટોલ તા.૮ મે સુધી શરૂ કરવામાં આવ્યો છે.

હવે રેલવે બોર્ડ તરફથી મળેલી સૂચના મુજબ, આ યોજના ડિવિઝનના અન્ય સ્ટેશનો ઉપર પણ લંબાવવામાં આવી રહી છે જેના લીધે નાના ઉદ્યોગકારોને તેમના વેપાર વધારવાની સોનેરી તક મળશે. આ મુદ્દે રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફ દ્વારા જણાવાયું છે કે, રાજકોટ રેલવે ડિવિઝનના ૧૫ સ્ટેશનો ઉપર આવા સ્ટોલ ઉભા કરવામાં આવશે. જેમાં રાજકોટ, ભક્તિનગર, મોરબી, થાન, સુરેન્દ્રનગર, વાંકાનેર, જામનગર, હાપા, દ્વારકા, ઓખા, ખંભાળિયા, ભાટિયા, મીઠાપુર, પડધરી અને કાનાલુસનો સમાવેશ થાય છે. આ સ્ટોલ પ્રાયોગિક ધોરણે વિવિધ વિક્રેતાઓને નજીવી ટોકન રકમ ઉપર ફાળવવામાં આવશે.

આ સ્ટોલ ઉપર હસ્તકલા, કાપડ અને હાથશાળ, સ્થાનિક રમકડાં, ચામડાની બનાવટો, પરંપરાગત સાધનો, વસ્ત્રો ઉપરાંત અન્ય ઉત્પાદનોનું વેચાણ કરી શકાશે. આ યોજનાનો લાભ લેવા માટે, ઉત્પાદક, ડેવલપમેંટ કમિશનર/રાજય/કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા ઓળખ કાર્ડ, ટ્રાઇબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઇન્ડિયા(TRIFED), રજિસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થા અથવા MSME પ્રમાણપત્રા ધારક, ભારત સરકાર રજિસ્ટર્ડ કે નોંધાયેલા આદિવાસી કારીગરો, વીવર્સ વિગેરે અરજી કરી શકે છે. વધુ માહિતી માટે ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્સ વિભાગ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટની ઓફિસ માં ડિવિઝનલ કેટરિંગ ઈન્સ્પેક્ટર વિશાલ ભટ્ટ(મોબાઈલ નં.૯૭૨૪૦ ૯૪૯૭૮)નો સંપર્ક કામકાજના દિવસોમાં સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી કરી શકાશે. 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' યોજના હેઠળ સ્ટોલ માટેની અરજીઓ આગામી તા.બીજી મે સુધી સ્વીકારવામાં આવશે.

ખંભાળિયાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સ્પર્ધાના વિજેતા ખેલાડીઓ માટે બેટરી ટેસ્ટ યોજાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત- ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ(ડી.એલ.એસ.એસ.) યોજના અંતર્ગત ખેલ મકાકુંભમાંથી તાલુકા કક્ષાની અંડર-૧૧ વયજુથના ખેલાડીઓ એથલેન્ટીકસ સ્પર્ધાની સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ, ૫૦મીટર દોડ ઈવેન્ટમાંથી તાલુકા કક્ષાએ પ્રથમ ૧ થી ૮ ક્રમ મેળવનાર ખેલાડી બહેનો માટે જિલ્લા કક્ષાની બેટરી ટેસ્ટ તા.૨૯એપ્રિલ અને ભાઈઓ માટે તા.૩૦ એપ્રિલના રોજ ખંભાળિયામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે સાત વાગ્યે યોજાશે. જેથી એથ્લેટીકસ સ્પર્ધાની સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ અને ૫૦ મીટર દોડ ઈવેન્ટમાંથી તાલુકા કક્ષાએ ૧ થી ૮ ક્રમ મેળવનાર ખેલાડીઓએ ઉપરોકત સ્થળ અને સમયે કે.એમ.કે. આઈ-ડી સ્લીપ, આધારકાર્ડની ઝેરોક્ષ તથા પાસપોર્ટસાઈઝના ફોટોગ્રાફસ-૨ સાથે હાજર રહેવા જિલ્લાના સીનીયર કોચની યાદીમાં જણાવાયું છે.

દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખાસ રોજગાર ભરતી મેળો તા. ૫ મેના રોજ યોજાશે

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના રોજગાર વાચ્છુંઓને રોજગારીની તક મળી રહે તેવા હેતુથી આગામી તા.૫ મેના રોજ જિલ્લા કક્ષાના ખાસ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં રોજગાર વાચ્છુંઓને પોતાના કૌશલ્યને અનુરૂપ પસંદગીની બહોળી તક મળી રહે તે માટે જાહેર અને ખાનગી ક્ષેત્રના એકમોને સક્ષમ માનવ એકમ ખાતે ખાલી પડેલ જગ્યાઓની વિગત રોજગાર કચેરી ખાતે નોંધાવવા જવાવાયું છે. રોજગાર ભરતી મેળાના માધ્યમથી એકમો ખાલી જગ્યાની નોંધણી "અનુબંધમ" વેબસાઈટ https://anubandham.gujarat.gov.in કરી શકાશે અથવા રોજગાર કચેરીના ઈ-મેઈલ dee.devbhumidwarka@gmail.com ઉપર નિયત ફોમ દ્વારા તા. બીજી મે સુધીમાં જાણ કરી ભરતી મેળામાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે જીલ્લા રોજગાર કચેરી દેવભૂમિ દ્વારકાના કોલ સેન્ટર નંબર ૬૩૫૩૯૦૩૯૦ ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

ઓખા ખાતે દ્વારકા તાલુકાના હેલ્થ મેળાનું આયોજન કરાયું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૨

દ્વારકા તાલુકાના ઓખા ખાતેના ક્રિકેટ ગ્રાઉન્ડમાં હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. આયુષ્માન ભારત અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની ચોથી વર્ષગાઠ નિમિત્તે બ્લોક હેલ્થ મેળામાં ૮૦૦ જેટલા લાભાર્થીઓની જુદી જુદી આરોગ્ય તપાસ કરવામાં આવેલ હતી. આ મેળામાં સામાન્ય રોગ, સગર્ભા તપાસ, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, લોહીની તપાસ, આયુર્વેદિક દવાઓ, મેલેરિયા, ટી.બી., માનસિક રોગ વગેરે યોજનાકીય સ્ટોલ રાખવામાં આવેલ હતા.

આયુષ્માન ભારત હેઠળ કુલ ૫૮ લાભાર્થીના આયુષ્માન કાર્ડ બનાવવામાં આવેલ તેમજ ઉપરોકત કાર્યક્રમમાં તાલુકાના ધારાસભ્ય પબુભા માણેક, જિલ્લા પંચાયત પ્રમુખ વી. ડી. મોરી, જિલ્લા વિકાસ અધિકારી ડી. જે. જાડેજા, આરોગ્ય સમિતિના ચેરમેન, નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ વગેરે અગ્રણીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ દ્વારકા તાલુકાના આરોગ્ય કર્મચારીઓ વગેરે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

ખંભાળિયામાં ચાલી રહેલી ભાગવત સપ્તાહમાં રસતરબોળ થતા શ્રોતાજનો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

ખંભાળિયામાંબેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજનવાડી ખાતે અહીંના જાણીતા રઘુવંશી સદ ગૃહસ્થ સ્વ. હરિદાસ વીરજી દત્તાણી પરિવાર દ્વારા ગુરૂવારથી શ્રીમદભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. જાણીતા કથાકાર બળવંતભાઈ શાસ્ત્રીના વ્યાસાસને ચાલી રહેલી આ ભાગવત સપ્તાહમાં દરરોજ મોટી સંખ્યામાં શ્રોતાજનો કથા શ્રવણનો લાભ લઈ રહ્યા છે.આ પ્રસંગેઆજરોજ શનિવારે ત્રીજા દિવસે કથા સ્થળે રાત્રિના સમયે શ્રીનાથજીની ઝાખીના કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.આ આયોજન દરમિયાન ખંભાળિયાના વતની અને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી દ્વારા આયોજક પરિવારને સંબોધીને શુભેચ્છા સંદેશો પણ પાઠવવામાં આવ્યો હતો. આ તકે પરિમલભાઈ નથવાણી સાથેના પારિવારિક સંબંધોને પણ યાદ કરીને કથા સ્થળે તેમના શુભેચ્છા સંદેશનું પઠન કરવા માં આવ્યું હતું. આ સાથે શુક્રવારે કથા વિરામ બાદ ઉપસ્થિત ભાગવત પ્રેમીઓએ જાણીતા લેખક કનુ આચાર્ય લેખિત જલારામ બાપાના જીવનચરિત્રનું "શ્રી જલારામ દર્શન" પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

બળતા ઉનાળામાં ખંભાળિયાના નગરજનોને વિજ તંત્રના ડામ : વીજ ધાંધિયાથી નગરજનો ત્રસ્ત

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

ખંભાળિયા શહેરમાં અવાર નવાર વીજ વિક્ષેપ તથા વોલ્ટેજ સહિતની સમસ્યાઓથી નગરજનોમાં રોષની લાગણી જોવા મળી છે. ખંભાળિયાના જુદા-જુદા વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જવા તથા વોલ્ટેજની વધઘટને કારણે વિજ ઉપકરણોને નુકસાની થવાની દહેશત વચ્ચે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એટલું જ નહિ, પાવર કટ કે વિજ વોલ્ટેજ બાબતે પીજીવીસીએલને ફોન ઉપર જાણ કરવામાં આવતા સામેથી ગ્રાહકોને લેખિત અરજી આપવાનો આગ્રહ રાખવામાં આવે છે. આ મુદ્દે અહીંના રહીશો દ્વારા વિજતંત્રને લેખિત રજૂઆતો કરી, હાલ કાળઝાળ ગરમીમાં આ પ્રશ્નોનું તાકીદે નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

હિંસક ઘટનાઓ કાયદાના શાસન માટે મોટો પડકાર

હજુ રામનવમી ઉપર દેશના વિભિન્ન ભાગોમાં શોભાયાત્રાઓ ઉપર હુમલાની શાહી હજુ સૂકાઈ પણ ન હતી કે દિલ્હીમાં હનુમાન જન્મોત્સવ ઉપર કાઢવામાં આવેલ શોભાયાત્રા ઉપર પણ હુમલો કરવામાં આવ્યો. આ પ્રકારની હિંસા હરિદ્વારમાં પણ થઈ હતી અને આંધ્ર તથા કર્ણાટકનાં શહેરોમાં પણ. તેના પહેલાં હિંદુ નવા વર્ષ પ્રસંગે પણ હિંસક ઘટનાઓ બની ચૂકી છે, જેમાં રાજસ્થાનના કરોલીની ઘટના ના પડઘા તો હજુ પણ સંભળાઈ રહ્યા છે. આવી ઘટનાઓ સામાજિક તાણાવાણાને ક્ષતિ પહોંચાડવા ની સાથે જ કાયદો અને વ્યવસ્થા સમક્ષ પડકાર પણ ઊભો કરે છે. એનાથી ખરાબ વાત બીજી શી હોય કે શાંતિ અને સદ્ભાવનો સંદેશ આપનારા પર્વો અને તેની સાથે જોડાયેલા આયોજનો હિંસાનો શિકાર થાય ? ધ્યાન રહે કે જ્યારે એવું થાય છે તો વેર વધવાની સાથે દેશની છબિ ઉપર પણ ખરાબ અસર પડે છે એ ચિંતાની વાત છે કે આ એક ચલણ બનતું જાય છે કે જ્યારે પણ જાહેર સ્થળો ઉપર કોઈ ધાર્મિક આયોજન થાય છે ત્યારે પહેલાં કોઈ વાતને લઈને વિવાદ થાય છે અને પછી હિંસા શરૂ થઈ જાય છે. કેટલીય વાર તો આ હિંસા મોટા પાયે અને કોઈ સુનિયોજિત કાવતરા અંતર્ગત થતી હોવાનું દેખાય છે. મધ્ય પ્રદેશના ખરગોન અને ગુજરાતના હિંમતનગર તથા ખંભાતમાં થયેલ ભીષણ હિંસા એ જ સંકેત કરે છે કે તેને લઈને પૂરતી તૈયારી કરવામાં આવી હતી. દિલ્હીના જહાંગીરપુરી વિસ્તાર ની હિંસા પણ એ જ બાબત તરફ ઈશારો કરે છે. કેટલીક ઘટનાઓના મૂળમાં ભડકાઉ નારા લગાવવાના આરોપો પણ જોવા મળ્યા છે. આ આરોપોની તપાસ થવા ની સાથે જ એ પણ જોવું જોઈએ કે શું કેટલાક લોકો કોઈપણ બહાને ઉશ્કેરાઈ જવા અને હિંસા કરવા માટે તૈયાર જ રહે છે ? વાસ્તવમાં જેમ એ એક સવાલ છે કે શું કેટલાક ધાર્મિક આયોજનોમાં મર્યાદા અને ગરિમાનું ઉલ્લંઘન થવા લાગ્યું છે, એવી જ રીતે એ પણ સવાલ છે કે શું ગમે ત્યાં આવું થાય તો પથ્થરમારો, તોડફોડ અને આગચંપી કરવાનું જરૂરી માની લેવામાં આવ્યું છે ? આ પ્રશ્નો ઉપર પક્ષાપક્ષીના રાજકારણથી અલગ થઈને ગંભીરતા સાથે સમાજે વિચાર કરવો જોઈએ. એ જ રીતે પોલીસ પ્રશાસને પણ એ જોવું પડશે કે વૈમનસ્ય વધારનારી ઘટનાઓ કેમ વધતી જાય છે ? નિ:સંદેહ સમાજે પણ એ સમજવાની જરૂર છે કે જ્યારે દેશ સામે બીજા પણ કેટલાય મોટા પડકારો છે, ત્યારે રાષ્ટ્રીય એકતા અને સદ્ભાવને બળ આપવું સૌની પહેલી અને સહિયારી પ્રાથમિકતા બનવી જોઈએ. તાળી એક હાથે નથી વાગતી. એક વિભાજિત અને વૈમનસ્ય ગ્રસ્ત સમાજ ના તો પોતાનું ભલું કરી શકે છે કે ના દેશને આગળ લઈ જઈ શકે છે. સમય આવી ગયો છે કે એ મૂળ કારણો ઉપર વિચાર કરવામાં આવે, જેને કારણે તણાવ વધારનારી ઘટનાઓ અટકી નથી રહી.

ચૂંટણી ભલે ડિસેમ્બરમાં હોય, ધમધમાટ અત્યારે દેખાય છે

ગુજરાતમાં ચૂંટણી ભલે ડિસેમ્બરમાં યોજાવાની હોય પરંતુ ચૂંટણીનો ધમધમાટ તો અત્યારથી જ જોવા મળી રહ્યો છે. જ્યાં એક તરફ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ બાદ પીએમ બુધવારે દિલ્હી પહોંચ્યા તો બીજી તરફ ભાજપ પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ ગુજરાતના પ્રવાસે છે. ભુપેન્દ્ર યાદવ નવી સરકાર રચાયા બાદ પ્રથમ વખત ગુજરાત મુલાકાતે આવ્યા છે. તેમના બે દિવસના આ પ્રવાસ દરમિયાન સરકાર અને સંગઠનમાં બેઠકનો ધમધમાટ રહેશે. જેમાં આગામી સમયના ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઉપરાંત સરકાર-સંગઠનની કામગીરીની સમીક્ષા પણ થશે.

સંગ્રહખોરી કરતા વેપારીઓ પોલીસની રડારમાં

ગુજરાત રાજ્યમાં સંગ્રહખોરોના પાપે ભાંગ ઘટવા છતાં લીંબુના ભાવ હજુ નથી ઊતર્યા

આંધ્રપ્રદેશ બાદ ગુજરાત દેશમાં લીંબુના ઉત્પાદનમાં બીજા ક્રમે આવે છે

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ તા.૨૫

આજકાલ જો તમને કોઈ ભેટમાં લીંબુ આપે તો તમારી જાતને નસીબદાર ગણજો કારણકે ચાલુ વર્ષે ઉનાળામાં આ ખાટાં ફળની કિંમત આકાશે આંબી રહી છે. માત્ર ખાવાપીવાની વસ્તુઓ જ નહીં ખરાબ નજર ઉતારવા માટે પણ વપરાતું લીંબુ હાલ ખૂબ મોંઘું થઈ ગયું છે. જાન્યુઆરીમાં એક લીંબુ ૨ રૂપિયામાં મળતું હતું જ્યારે આજે રિટેલ માર્કેટમાં એક લીંબુ ૧૫થી ૨૫ રૂપિયાની વચ્ચે વેંચાય છે. શહેર પોલીસનું માનવું છે કે, કોઈ અનૈતિક વેપારીના બદઈરાદાના કારણે લીંબુની કિંમતમાં કૃત્રિમ ભાવ વધારો થયો છે. ઈન્ટેલિજન્સ તરફથી બાતમી મળી છે કે, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદમાં આવેલા કેટલાક કોલ્ડસ્ટોરેજના માલિકોએ લીંબુની સંગ્રહખોરી કરી છે અને પરિણામ સ્વરૂપે કિંમતો ઊંચી ગઈ છે. આ વાતની પુષ્ટિ કરતાં શહેરના એક પોલીસકર્મીએ જણાવ્યું કે, જમાલપુર APMCના એક હોદેદારે તેમને માહિતી આપી છે કે, કૃત્રિમ અછત ઊભી કરવા માટે લીંબુનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. "ઉનાળાની શરૂઆત થઈ તે પહેલા એટલે કે ફેબ્રુઆરીના અંતથી કેટલાક વેપારીઓએ લીંબુનો સંગ્રહ કરવાનું શરૂ કર્યું હતું", તેમ આ કેસ સાથે સંકળાયેલા એક પોલીસકર્મીએ જણાવ્યું છે. ઉનાળામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર જાય છે ત્યારે આકરા તાપ અને અમદાવાદ હાલ જેવી હિટવેવનો સામનો કરી રહ્યું છે તેવી સ્થિતિમાં દરેકને બને તેટલું ઓછું બહાર નીકળવાની અને પાણી પીવાની એમાંય

ખાસ કરીને લીંબુ પાણી પીવાની સલાહ આપવામાં આવે છે. પરંતુ પુરવઠાની સામે માંગ અનેક ગણી વધતાં લીંબુ એટલા મોંઘા થયા કે રાજકોટના એક લગ્નમાં મહેમાનોએ વરરાજાને ભેટમાં લીંબુ ભરેલા બોક્સ આપ્યા હતા. પોલીસ અને APMCનું માનીએ તો, એક વેપારીએ સાબરકાંઠાના હિંમતનગરના વખારમાં આશરે ૩૦૦ ટન લીંબુનો સંગ્રહ કર્યો છે. "આજે ૨૦૦ રૂપિયે કિલો લીંબુ છૂટક બજારમાં વેચાય છે. આ કિંમતને ધ્યાને લઈને હિસાબ માંડીએ તો લોકલ માર્કેટમાં સંગ્રહી રાખેલા લીંબુના જથ્થાની કિંમત ૬ કરોડ રૂપિયા થાય છે. પાંચ મહિના પહેલા જ્યારે એક કિલો લીંબુનો ભાવ ૨૦ રૂપિયા હતો ત્યારે સંગ્રહખોરી કરવામાં આવી હતી", તેમ પોલીસે ઉમેર્યું. ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદમાં કોલ્ડસ્ટોરેજ યુનિટ અથવા વખાર ધરાવતા પાંચ વેપારીઓની ઓળખ કરી છે, તેમ પોલીસનું કહેવું છે. "અગાઉ ક્યારેય લીંબુને આ રીતે કોલ્ડસ્ટોરેજમાં સંગ્રહી રાખવામાં આવ્યા નથી. વહેલામાં વહેલી તકે વેપારીઓ તેને વેંચવાનું પસંદ કરતા હતા. જોકે, આ સંગ્રહખોરોને અંદાજો હતો કે ઉનાળામાં લીંબુની માંગ વધશે એટલે જ તેમણે કોલ્ડસ્ટોરેજને વધુ સગવડોથી સજ્જ કર્યા જેથી કરીને જલ્દી બગડી જતાં આ ખાટાં ફળને સાચવી શકાય. અહીં નોંધનીય છે કે, આંધ્રપ્રદેશ બાદ ગુજરાત દેશમાં લીંબુના ઉત્પાદનમાં બીજા ક્રમે આવે છે. આંધ્રપ્રદેશમાં દેશના ૨૦ ટકા લીંબુનું ઉત્પાદન થાય છે જ્યારે ૧૮ ટકા ઉત્પાદન સાથે ગુજરાત બીજા ક્રમે છે. ગુજરાતના ભાવનગર અને રાજકોટ લીંબુ ઉત્પાદિત કરતાં મોખરાના જિલ્લા છે. પોલીસ અને એપીએમસીમાં રહેલા સૂત્રોના મતાનુસાર, રડારમાં રહેલા વેપારીઓએ દિલ્હી અને પંજાબમાં પણ લીંબુ ઊંચી કિંમતે વેચ્યા છે. "ગુજરાતના વેપારીઓનું દક્ષિણ ભારતના વેપારીઓ સાથે નેટવર્ક છે અને તેમણે લીંબુનો શરૂઆતનો પાક અહીંથી જ મેળવ્યો હતો", તેમ એક પોલીસકર્મીએ જણાવ્યું. લીંબુની માંગમાં ૩૫ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે તેમ છતાં છૂટક અને જથ્થાબંધ બજારમાં તેના ભાવમાં સહેજ પણ ફરક નથી પડ્યો. શહેરના પશ્ચિમ વિસ્તારોના છૂટક બજારમાં હજી પણ એક કિલો લીંબુનો ભાવ ૨૦૦ થી ૩૦૦ રૂપિયા છે જ્યારે જથ્થાબંધ બજારમાં પ્રતિ કિલોનો ભાવ ૧૨૦થી ૨૦૦ રૂપિયા છે. પોલીસનું કહેવું છે કે, સંગ્રહખોરી કરનાર વેપારી પકડાઈ જાય અને તેની સામેના આરોપો સાબિત થઈ જાય પછી તેની સામે કાયદાકીય કેસ દાખલ કરવામાં આવશે.

પ્રતિકુળ હવામાનનાં કારણે આ વર્ષે કેરીના ભાવ આસમાનને આંબશે, માર્કેટમાં અપુરતી આવક

કેરળની હાફુસ ગતવર્ષે ૧૦૦ થી ૧૨૦ના ભાવે ૧ કિલો મળતી હતી, જેનો ભાવ આ વર્ષે રૂા.૨૦૦ ની આસપાસ

(પ્રતિનિધિ દ્વારા)

વડોદરા તા.૨૫

તાઉતે વાવાઝોડાને પગલે માવઠાની મોકાણ સાથે કુદરતી આપત્તિ જારી રહી હતી . જેના કારણે કેરીના પાકને ૩૦ ટકા જેટલું નુકશાન થતા આ વર્ષે કેરીના ભાવ આસમાનને આંબે એવી સ્થિતીનું નિર્માણ થયું છે. હોલસેલ ફુટ માર્કેટમાં રોજની ૩૦ ટ્રક ભરીને કેરીઓ આવતી હતી. હાલમાં માત્ર ૩ ટ્રક ભરીને કેરીઓ આવી રહી છે. વડોદરા શહેરના સયાજીપુરા હોલસેલ માર્કેટ ખંડેરાવ માર્કેટ સહિત શહેરના વેપારીઓ કેરળથી તોતાપુરી, લાલબાગ, ગોલા, પાયરી, હાફુસ અને દેશી કેરી વિપુલ જથ્થામાં મંગાવે છે આ પ્રમાણે મહારાષ્ટ્રના રત્નાગીરીથી હાફુસ, કેસર, પાયરી, દક્ષિણ ભારતના હૈદરાબાદ-વિજયવાડાથી બદામ અને તોતાપુરી, સૌરાષ્ટ્રથી કેસર, ઉત્તર પ્રદેશથી લંગડો, દશેરી, ચોરસા તેમજ ગુજરાતના વલસાડથી કેસર, લંગડો તોતાપુરી, રાજાપુરી, દાડમિયા કેરી મંગાવે છે. સૌથી મોંઘી કેરી રત્નાગીરી હાફુસ છે. જે કિલોના હિસાબે નહિં પરંતુ ડઝનના હિસાબે વેંચાય છે. ગતવર્ષે જે કેરી રૂા.૧૫૦૦ના ભાવે ૩ થી ૪ ડઝન મળતી હતી એ કેરી આ વર્ષે ફળની સાઈઝ અનેક્વોલિટી મુજબ રૂા.૨૫૦૦ થી ૪૦૦૦ના ભાવે મળે છે. કેરળની હાફુસ ગતવર્ષે રૂા.૧૦૦ થી ૧૨૦ના ભાવે ૧ કિલો મળતી હતી. જેનો ભાવ આ વર્ષે રૂા.૨૦૦ની આસપાસ રમે છે. છૂટક માર્કેટમાં હાલમાં બદામ રૂા.૧૨૦ થી ૧૮૦, કેસર રૂા.૨૫૦ થી ૪૦૦, રત્નાગીરી હાફુસ રૂા.૨૫૦ થી ૪૦૦, લાલબાગ રૂા.૧૨૦ થી ૨૦૦, પાયરી રૂા.૨૦૦ થી ૩૦૦ના

ભાવે ફળની સાઈઝ - ક્વોલિટી પ્રમાણે વેંચાય છે. કાચી કેરીને પરાળમાં રાખી પકાવવામાં વધુ દિવસો વિતી જાય છે, જેને બદલે છેલ્લા દાયકાથી ચાઈનાથી આવતી કાર્બાઈડ યુક્ત પડીકીથી કેરી પકવવામાં આવે છે. તદુપરાંત કેરી પકવવા માટે એ.સી. હીટ એન્ડ ચિલ્ડ ચેમ્બરનો ઉપયોગ પણ કરાય છે. તાઉતે વાવાઝોડાના ઝંઝાવાતને પગલે સૌરાષ્ટ્ર, કચ્છ, વલસાડ સહિતના દરિયાકાંઠા વિસ્તારમાં આંબાના વૃક્ષો ધરાશાયી થયા હતા. જેને પગલે આ વર્ષે કેરીનો પાક ઘટવા પામ્યો હોઈ ભાવ વધ્યા હોવાનું સર્વેક્ષણ છે. દેશના વિવિધ વિસ્તારોમાં જાત-જાતની અને ભાત-ભાતની કેરીઓ બારેમાસ ઊતરે છે. જે ઓફ સિઝનમાં મોંઘા ભાવે વેચાય છે. તદુપરાંત કોલ્ડ સ્ટોરેજમાં રાખેલી કેરીઓ પણ શાકભાજી-ફ્રુટ માર્કેટમાં બારેમાસ વેંચાય છે.

● જનતા માંગે ઉકેલ ●

બોમ્બે રેન્ટ એકટ-૧૯૪૯માં સુધારો જરૂરી તથા લેન્ડ ગ્રેબીંગ પ્રોહિબીશન એકટ-૨૦૨૦ અપૂર્ણ ?

લેન્ડ ગ્રેબીંગ પ્રોહિબીશન એકટ-૨૦૨૦નો કાયદો વિધાનસભામાં તાત્કાલીક પસાર થઈ ગયો. આ એકટની અમલવારી અર્થે વિશેષ કોર્ટ અધિનિયમ જોગવાઈ છે. કિન્તુ સાંભળ્યું છે કે, આ કાયદા હેઠળ ફરીયાદીને સાંભળ્યા વગર જ હીયરીંગ કર્યા વગર જ માત્ર આધાર-પુરાવા માંગીને એકતરફી ફેંસલો આપી દેવાય છે. આથી ફરીયાદીને ન્યાય ના મળે. આ કાયદામાં અપીલ સાંભળવાની જોગવાઈ જ નથી ! આ કાયદો 'મિલ્કત હડપ કરનાર'ને શિક્ષા કરવાનો અને પીડીતને ન્યાય અપાવવાનો છે. લેન્ડ ગ્રેબીંગનાં આરોપી મિલ્કત પડાવનાર-મિલ્કત હડપ કરવાનો બદઈરાદો ધરાવનાર ભાડુત, ભાડુતી મિલ્કત અને ભાડુતી મિલ્કતની લાગુ મિલ્કતને નુકશાન પહોંચાડનાર ભાડુત/પેટા ભાડુત અથવા બિન અધિકત કબ્જેદારો ! મતલબ કે શું આ કાયદો દ્વિઅર્થી સંદિગ્ધ કે અપૂર્ણ છે ? સત્તાધિકારીઓ કાયદામાં છિંડા પાડે છે કે ? છિંડા જાણી-જોઈને પાડે છે ? રાજનીતિમાં રાજ સત્તા મહત્વની છે, ચૂંટણી આવશે... કેટલાક પોલીટીશીપનો જશે અને કેટલાક નવા આવશે અને કેટલાક પરિવારવાદી પણ આવશે. લોકશાહીમાં આંદોલનાત્મક કાર્યવાહી વથર કશું ના થાય ! દિન-પ્રતિદિન અપરાધ વધી રહ્યા છે એનું શું ?

-અનુભવી

ગૂગલના નિર્ણયના પગલે થર્ડ પાર્ટી એપ્સને કોલ રેકોર્ડિંગનું એક્સેસ મળશે નહીં : ૧૧ મેથી અમલવારી થશે

(એજન્સી)

નવી દિલ્હી તા.૨૫

ગૂગલે કોલ રેકોર્ડિંગ એપ્સ ઉપર કડકાઈ કરવાની જાહેરાત કરી છે. ૧૧ મેથી ગૂગલ ઘણી નવી પોલિસી લાગુ કરશે જેનાં હેઠળ થર્ડ પાર્ટી એપ્સને એન્ડ્રોઈડ સ્માર્ટફોન્સમાં કોલ રેકોર્ડિંગનું એક્સેસ નહીં મળી શકે. ગૂગલની આ પોલિસીને ફોલો કરતા હવે ટૂ કોલરે પણ આ કન્ફર્મ કર્યું છે કે હવે ટૂ કોલરથી પણ રેકોર્ડિંગ થઈ શકશે નહીં. ટૂ કોલરનાં ટોપ ફીચર્સમાંથી એક છે રેકોર્ડિંગ. ભારતમાં પણ લોકો ટૂ કોલરનાં માધ્યમથી કોલ રેકોર્ડ કરે છે. હવે નવી પોલિસીનાં આવવાથી અહી પણ અસર પડશે. ટૂ કોલર અનુસાર, હવે દુનિયાભરમાં કંપની કોલ રેકોર્ડિંગનો ઓપ્શન બંધ કરી દેશે. હવે ટૂ કોલરથી પણ રેકોર્ડિંગ થઈ શકશે નહીં. તમને જણાવી દઈએ કે જે સ્માર્ટફોન્સમાં નેટીવ કોલ રેકોર્ડર ફીચર આપવામાં આવે છે, તે ૧ મે બાદ કોલ રેકોર્ડિંગ ચાલુ રાખી શકે છે. પરંતુ જે સ્માર્ટફોન્સમાં કોલ રેકોર્ડિંગ માટે અલગથી એપ ડાઉનલોડ કરવામાં આવે છે, તે રેકોર્ડ નહીં થઈ શકે. ટૂ કોલરે એક સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે યૂઝર્સના રિસ્પોન્સ બાદ તેમણે એંડરોઈડ સ્માર્ટફોન્સ માટે કોલ રેકોર્ડિંગ ફીચર લોન્ચ કર્યું હતું, પરંતુ હવે ગૂગલની અપડેટેડ પોલિસી બાદથી ગૂગલ કોલ રેકોર્ડિંગની પરમિશન રેસ્ટ્રીકટ કરી દેશે અને ટૂ કોલરથી પણ કોલ રેકોર્ડિંગ નહીં થઈ શકે. એપલ હંમેશાથી આઈફોનમાં ઈનબિલ્ટ કોલ રેકોર્ડિંગનું ફીચર નથી આપતી. એપ સ્ટોર ઉપર અમુક કોલ રેકોર્ડર એપ્સ મળશે પણ, પરંતુ તે સારી રીતે કામ કરતા નથી અને અમુક તો પેડ એપ્સ છે.

હાર્દિક વિશ્વાસઘાતી છે, નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાશે તો ભાજપને કાંઇ ફેર નહીં પડે

સહકારી આગેવાન દિલીપ સંઘાણીના હાર્દિક પટેલ પર ચાબખા

ગુજરાતમાં ચૂંટણી આવતા જ માહોલ ગરમાયો છે. સહકારી નેતા દિલીપ સંઘાણીએ કહ્યું કે, કયા પક્ષમાં જવું એ હાર્દિક નક્કી કરી શકે. સાથે જ હાર્દિક પટેલને સંઘાણીએ સમાજનો વિશ્વાસઘાતી ગણાવ્યા હતા. તેમણે આ મુદ્દે વધુમાં કહ્યું કે, હાર્દિકે જે તે સમયે સમાજનો વિશ્વાસઘાત કર્યો હતો એટલે હાર્દિકનો વિશ્વાસ ન કરી શકાય. હાર્દિક પટેલ મામલે નિર્ણય ભાજપ અધ્યક્ષ લેશે. હું સી. આર. પાટીલના નિર્ણયની સાથે છું. નરેશ પટેલ કોંગ્રેસમાં જાય તોપણ ભાજપને કોઈ ફેર પડે નહીં. પાટીદારો ભાજપની સાથે છે ને રહેશે.

ભાજપનું ઓપરેશન સૌરાષ્ટ્ર: કાંધલ જાડેજા ભાજપમાં જોડાશે ?

સૌરાષ્ટ્રના ભાજપના પૂર્વ મંત્રીએ ઓપરેશન સૌરાષ્ટ્ર પાર પાડ્યું છે. કુતિયાણાના એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજા ભાજપમાં જોડાશે તેવી ચર્ચા થઇ રહી છે. કાંધલ જાડેજાએ ભાજપ પ્રદેશ પ્રમખુ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પણ મુલાકાત કરી હોવાનું કહેવાય છે. ભૂપેન્દ્ર પટેલે કાંધલ જાડેજાને સૌરાષ્ટ્ર પ્રવાસમાં સાથે રાખ્યા હતા. અમિત શાહની લીલીઝંડી આવતા જ કાંધલ જાડેજા કેસરિયા કરશે.

શું તમે લોકર ધરાવો છો ? તો નવા ફેરફાર જાણી લો...

સામાનની ચોરી માટે બેંકને દંડ ભરવો પડશે : જો કોઈ ગ્રાહકના લોકરમાંથી ચોરીની ઘટના બને છે, તો આવી સ્થિતિમાં બેંકને ચોરીના સામાન માટે દંડ ભરવો પડશે. આ પેનલ્ટી ગ્રાહક દ્વારા ચૂકવવામાં આવેલા લોકરના ભાડાના ૧૦૦ ગણા સુધી હશે. ચોરીના કિસ્સામાં, બેંકો તેમની જવાબદારીથી બચી શકશે નહીં.

ઈમેલ દ્વારા ગ્રાહકોને મેસેજ આપવામાં આવશે : જ્યારે પણ ગ્રાહકો બેંક લોકર ખોલશે ત્યારે તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી પર એક મેસેજ આવશે.

લોકર રૂમમાં સીસીટીવી લગાવવું ફરજિયાત છે : આરબીઆઈના નવા લોકર નિયમ મુજબ બેંકોએ તેમના લોકર રૂમમાં ફરજિયાતપણે સીસીટીવી કેમેરા લગાવવા પડશે. બેંક માટે લોકર રૂમનો ૧૮૦ દિવસનો ડેટા બેકઅપ રાખવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

કચ્છ મહિલા કર્મીની સેવાને સલામ

રાપરના જૂના ભંજડા દાદાનુ મંદિર મોરારી બાપુની રામકથા યોજાઈ હતી. ૮૬ વર્ષના વૃદ્ધા માજી પણ ડુંગર ઉપર બેઠેલા જૂના ભંજડા દાદાના દર્શન કરવાની ઈચ્છા થઈ હતી. દર્શન કરવા આવેલા માજી અડધા ડુંગર સુધી પહોંચી ગયા હતા, પરંતુ અડધા ડુંગરે તેઓ ચક્કર આવતા બેહોશ થઈ ગયા. બંદોબસ્તમાં હાજર રાપર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કર્મચારી વર્ષાબેન ગાજીયાભાઈ પરમારને આ વાતની ખબર પડી હતી. તેઓ તરત પાણી લઈને ૫ કિ.મી દોડતા ત્યાં પહોંચી ગયા હતા. તેઓ કથા સ્થળ પર માજીને ૫ કિ.મી સુધી પોતાના ખભા પર ઉંચકીને લઈ આવ્યા હતા

રાજયના યુવાઓ માટે સરકારનો રોજગારલક્ષી મહત્વનો નિર્ણય

૨૦૧૮-૧૯ની લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સીધી ભરતીમાં વેઈટિંગ લિસ્ટ ઓપરેટ કરાશે

● આશાસ્પદ યુવાઓને વધુ રોજગારીની તક મળે તે માટે ૧૦ટકાને બદલે હવે ૨૦ટકાની પ્રતીક્ષાયાદી તૈયાર કરવા ખાસ કિસ્સામાં નિર્ણય ● આ નિર્ણયને પરિણામે જે ઉમેદવારો નોકરી માટે અરજી કરવાની મહત્તમ વય મર્યાદા પૂરી કરી ચૂક્યા હતા તેવાઓને સરકારી સેવામાં જોડાવાની તક મળશે

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રીએ યુવાઓ માટે વર્ષ૨૦૧૮-૧૯ની લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સંયુક્ત સીધી ભરતીની જાહેરાત સંદર્ભે વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવાનો વધુએક રોજગારીલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. હવેથી લોકરક્ષક દળની ભરતીમાં રાજયમાં સૌપ્રથમવાર ખાસ કિસ્સામાં ૧૦ ટકાને બદલે હવે ૨૦ ટકાની પ્રતીક્ષાયાદી તૈયાર કરાશે. સરકારના આ નિર્ણય અંગે ગૃહ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુવાઓ માટે લીધેલા આ મહત્વના નિર્ણયને પરિણામે ગુજરાતના પોલીસ તંત્રમાં જોડાઈને રાજ્યની સાડા છ કરોડ જનતાની તન, મન અને ધનથી સેવા કરવા ઈચ્છુક યુવાનોને રોજગારીનો અનેરો અને સોનેરી અવસર મળશે. રાજ્ય સરકારે પોલીસતંત્ર માટે કરોડરજ્જુ સમાન પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક દળ, જેલ સિંપાઇ સંવર્ગની આશરે ૧૦,૦૦૦ જગ્યાઓ ઉપર ભરતી કરવા માટે સૌથી મોટો ભરતી કાર્યક્રમ હાથ ધર્યો હતો. વિશાળ પાયા ઉપર હાથ ધરેલ પ્રક્રિયાના અંતે લાયક ઉમેદવારોને નિમણૂક આપી દેવાઈ છે. તેમણે ઉમેર્યુંહતું કે, સામાન્ય રીતે વિવિધ ભરતી પ્રક્રિયામાં પસંદગીયાદી બાદ ૧૦ ટકા જગ્યાની વેઈટીંગ લીસ્ટ તૈયાર કરવામાં આવે છે. પરંતુ કાયદો અને વ્યવસ્થાની મજબુત જાળવણી, ગુનાઓ બનતા અટકાવવા, નોંધાયેલા ગુનાની વૈજ્ઞાનિક અને આધુનિક સાધનોની મદદથી તપાસ કરવા માટે કૌશલ્યવાન પોલીસ દળ ઉપલબ્ધ થઈ રહે અને આશાસ્પદ યુવાનો યુવતીને રોજગારીની તક મળે તે માટે હવે ૧૦ ટકાને બદલે ૨૦ ટકાની પ્રતીક્ષાયાદી તૈયાર કરવા માટે રાજ્યમાં સૌપ્રથમવાર ખાસ કિસ્સામાં નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ મહત્વાકાંક્ષી નિર્ણયના લીધે યુવાન-યુવતીઓ રાજ્યના ગૌરવ સમાન પોલીસ તંત્રમાં જોડાઈને તેમની શક્તિઓ અને સામર્થ પ્રદર્શિત કરવાની અમૂલ્ય તક સાંપડશે. તેમણે ઉમેર્યુ કે, આ મહત્વના નિર્ણયને પરિણામે જે ઉમેદવારો નોકરી માટે અરજી કરવાની મહતમ વય મર્યાદા પૂરી કરી ચૂક્યા હતા અને નોકરી મેળવવાની આશાને તિલાંજલિ આપી ચૂક્યા હતા તેવા ઉમેદવારને સરકારી સેવામાં જોડવાની તક મળશે. પોલીસના લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સીધી ભરતીમાં વધુ યુવાનોને સમાવવાના હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ લોકરક્ષકના વિવિધ સંવર્ગોની સંયુક્ત સીધી ભરતીની જાહેરાત ક્રમાંકઃ૨૦૧૮૧૯/૧ અન્વયે ૨૦ટકા વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. મંત્રીએ વધુમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૧૮-૧૯માં લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષકના વિવિધ સંવર્ગોની કુલ-૧૨૧૯૮ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેનું અંતિમ પરીણામ વર્ષ ૨૦૨૦ માં પ્રસિધ્ધ થયેલ હતું, પરંતુ વેઈટીંગ લીસ્ટ બનાવવામાં આવેલ ન હતું. આ સંદર્ભે રાજ્ય સરકારની મળેલ વિવિધ રજૂઆતો અન્વયે ઉમેદવારોની માંગણી અને લાગણીને ધ્યાને લઈ ઉમેદવારોના હિતમાં આ ભરતીમાં વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવાનો રાજ્યસરકારે સંવેદનશીલ નિર્ણય કર્યોછે. જેના પરિણામે બેરોજગાર ઉમેદવારોને રોજગારી મળશે તથા ઉમેદવારોમાં સંતોષની લાગણી પ્રવર્તશે અને તેઓ પોતાની ફરજો પૂરતા ખંત અને ઉત્સાહથી બજાવશે.

ગુજરાત હાઈકોર્ટનો રાજ્ય સરકારને પ્રશ્ન

શું નાની ઉંમરના સંતાનોની સગાઈ કરવી તે સજાપાત્ર ગુનો નથી?

નાનપણમાં સગાઈ કરી દેવાથી વ્યક્તિની સ્વતંત્રતાને હાની પહોંચે છે અને તે પોતાના નિર્ણય લેવામાં સક્ષમ હોતી નથી સગાઈ એ લગ્ન તરફ આગળ વધવાનું પગલું છે બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો તે અંગે સજા નથી કરતો?

અમદાવાદ, તા.૨૫

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને પ્રશ્ન કરી એ જાણવા માંગ્યું છે કે શું માતાપિતા તેમની સગીર વયની દીકરીઓની સગાઈ કરાવી દે તો તે બાળલગ્ન કાયદા હેઠળ સજાપાત્ર બને છે કે નહીં છે, કારણ કે સગાઈ કરાવવી તે લગ્ન તરફ આગળ વધવાનું જ એક પગલું છે. ઉપરોક્ત સવાલ હાઈકોર્ટે એક હેબિયસ કોર્પસની અરજીની સુનાવણી દરમ્યાન પૂછ્યો હતો. જેમાં બનાસકાંઠાના એક પરિવારે તેમની સગીર દીકરીનું અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ કરતી હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી ત્યારે કોર્ટે આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. જે પરિવાર તરફ તેમણે શંકા વ્યક્ત કરી હતી તેમણે કથિત રીતે છોકરીના માતા-પિતાને જણાવ્યું હતું કે, જ્યાં સુધી છોકરી ૧૮ વર્ષની ન થાય અને લગ્ન ન કરે ત્યાં સુધી તેઓ તેને મળવા દેશે નહીં. પોલીસે દાવો કર્યો હતો કે, વિવિધ સ્થળોના સીસીટીવી ફૂટેજ દર્શાવે છે કે છોકરી પોતાની મરજીથી શંકાસ્પદ સાથે ગઈ હતી. આ દરમ્યાન જાણવા મળ્યું કે છોકરીની સંમતિ વિના તેના માતાપિતાએ તેની સગાઈ અન્ય પુરૂષ સાથે કરી આવી હતી. આ બાબતની જાણ થતાં જસ્ટિસ સોનિયા ગોકાણી અને જસ્ટિસ મૌના ભટ્ટની ખંડપીઠે માતા-પિતાના વકીલને પ્રશ્ન કર્યો હતો કે, 'તે ૧૮ વર્ષની થાય તે પહેલાં તેની સગાઈ શા માટે થઈ ગઈ? જો લગ્ન શક્ય ન હોય તો? ૧૮ વર્ષ પહેલાં સગાઈને કેવી રીતે પરવાનગી આપી શકાય? શું તે કાયદા દ્વારા માન્ય છે? તમે માતાપિતા તરીકે કાયદાનું ઉલ્લંઘન કરો છો અને કોર્ટમાં ફરિયાદ કરવા આવો છો.' કોર્ટે વધુમાં ટિપ્પણી કરી હતી કે માતાપિતાએ તેમની દીકરીઓની વહેલી સગાઈ કરાવી દીધી કારણ કે નાની ઉંમરે છોકરીઓ તેમની સ્વતંત્ર ઈચ્છાનો ઉપયોગ કરી શકતી નથી. ન્યાયાધીશોએ સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ટાંકીને કહ્યું હતું કે, જાતિ, સંપ્રદાય અને ધર્મને ધ્યાનમાં લીધા વિના પોતાની પસંદગીના પુરૂષ સાથે લગ્ન કરવા એ સ્ત્રીનો મૂળભૂત અધિકાર છે. ટૂંકી ચર્ચા પછી, ન્યાયાધીશોએ સરકારી વકીલ અને અરજદારના એડવોકેટને આ અંગે જવાબ આપવા માટે કહ્યું હતું કે, 'શું બાળ લગ્ન ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો માતાપિતાને તેમની દીકરીઓની ૧૮ વર્ષની ઉંમર પહેલાં સગાઈ કરાવવા અંગે સજા નથી કરતો? કારણ કે સગાઈ એ લગ્ન તરફ આગળ વધવાનું એક પગલું છે.'' કોર્ટે કહ્યું કે, તે અવલોકન કરી રહ્યું છે કે, છોકરીઓની વહેલી સગાઈ એ જ તેમના માટે ઘર છોડવાની ઉત્પત્તિ છે, જે સિસ્ટમ ઉપર વધુને વધુ બોજ બની રહી છે. 'અમારે ખરેખર તે જ મુદ્દાને લક્ષ્ય બનાવવાની જરૂર છે જે આ (સમસ્યા)નું કારણ બની રહ્યું છે. શરૂઆતનો મુદ્દો એ છે કે તેણીને એવી વ્યક્તિ સાથે સગાઈ કરવા માટે ફરજ પાડવામાં આવે છે જે તેને પસંદ નથી, કોર્ટે કહ્યું. જ્યારે અરજદારના વકીલે રિવાજોને ટાંકીને છોકરીઓની વહેલા સગાઈની સિસ્ટમનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ન્યાયાધીશોએ દલીલને નકારી કાઢી અને કહ્યું કે, જો આવી સિસ્ટમ પ્રચલિત હોય તો પણ છોકરીઓ પાસે પોતાને અનુકૂળ હોય તેવી જગ્યાએ જવા સિવાય કોઈ વિકલ્પ નથી. હાઈકોર્ટે પોલીસને છોકરીની ૧૮ વર્ષની થાય તે પહેલા તેને શોધી કાઢવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, 'અમે એ જોવા માંગીએ છીએ કે શું આ સગાઈ પણ એક કારણ હતું કે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું.

પ્રિ-સ્કૂલનાં બાળકો માટે દિવસે ઝપકી લેવી ફાયદાકારક

સિડનીમાં બે ડેકેર સેન્ટર્સના ૩-૫ વર્ષની વયના ૩૨ બાળકોએ નિયમિતપણે આ અભ્યાસમાં ભાગ લીધો હતો

નવી દિલ્હી, તા.૨૫

વર્તમાન સમયે દિવસે સુવાનો સમય કોઈ પાસે નથી. વ્યસ્ત જીવનશૈલીના કારણે લોકો દિવસે સુવાનું ટાળે છે. અલબત્ત, બાળકોને દિવસે સુવડાવવાના ફાયદા અંગે તાજેતરમાં થયેલા એક સંશોધનમાં રોચક આંકડા સામે આવ્યા છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, પ્રિ-સ્કૂલનાં બાળકો એટલે કે નર્સરી કે પ્રિ-પ્રાઈમરી સ્કૂલ દિવસ દરમિયાન ઊંઘી જાય તો તે તેમના માનસિક વિકાસ માટે ફાયદાકારક સાબિત થઈ શકેછે. અત્યાર સુધીમાં ઊંઘ, મેમરી ડેવલપમેન્ટ અને સાક્ષરતા કૌશલ્ય વચ્ચેના સંબંધની વાત કરવામાં આવી હોય તેવા જૂજ સંશોધન થયા છે. પરંતુ હવે નવા અભ્યાસમાં પ્રિ-સ્કૂલ જતા બાળકો માટે લેટર સાઉન્ડ કુશળતા શીખવા માટે દિવસના સમયની નિદ્રા ફાયદાકારક હોઈ શકે તેવું પ્રાથમિક તારણ સામે આવ્યુંછે. ઓસ્ટ્રેલિયાની મેક્વેરી યુનિવર્સિટી અને યુકેની યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ, યોર્ક અને શેફિલ્ડના સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવેલા આ અભ્યાસમાં દિવસે ઝપકી લેવાથી પ્રિ-સ્કૂલ બાળકોમાં લેટર્સ સાઉન્ડ અવાજો શીખવાની ક્ષમતા વિકસાવે છે કે કેમ? તે વિષય ઉપર તપાસ કરવામાં આવી હતી. મેક્વેરી યુનિવર્સિટીની સ્કૂલ ઓફ એજ્યુકેશનના લેક્ચરર હુઆ-ચેન વાંગએ ધ્યાન દોર્યું હતું કે શીખ્યા પછી નિદ્રા લેવાથી નવી શીખેલી માહિતીનો નવા કામમાં ઉપયોગ કરવાની ક્ષમતા સરળ બની શકે છે. અમે બાળકોમાં લેટર-સાઉન્ડ મેપિંગ્સ શીખવાથી અને ખાસ કરીને અજાણ્યા શબ્દો વાંચવાના આ જ્ઞાનનો ઉપયોગ કરવાથી સકારાત્મક અસર પડી હોવાનું જોયું હતું. આ અભ્યાસના તારણો ચાઈલ્ડ ડેવલપમેન્ટ જર્નલમાં પ્રકાશિત થયા છે. સિડનીમાં બે ડેકેર સેન્ટર્સના ૩-૫ વર્ષની વયના ૩૨ બાળકોએ નિયમિતપણે આ અભ્યાસમાં ભાગ લીધો હતો. આ બાળકોને ડેકેર સેન્ટર્સ દ્વારા અક્ષરોના નામ અથવા ધ્વનિઓનું ઔપચારિક શિક્ષણ આપવામાં આવ્યું ન હતું. દરેક બાળકે બેથી ચાર અઠવાડિયામાં સાત સેશનમાં ભાગ લીધો હતો.

ઉનાળાને લીધે દેશમાં વીજળીની માંગમાં વધારો

વીજ કટોકટી ટાળવા ગુજરાત સહિત વીજ મથકો શરૂ કરવાની સૂચના

રાજ્યોને જણાવાયું છે કે, તેઓ નિષ્ક્રિય અથવા સ્ટ્રેસ્ડ થર્મલ પ્લાન્ટને ચાલુ કરે ભલે પછી તેનો ખર્ચ વધારે આવે

નવી દિલ્હી, તા.૨૫

ઉનાળાના કારણે દેશભરમાં વીજળીની ડિમાન્ડમાં ભારે વધારો થયો છે જેને પહોંચી વળવું મુશ્કેલ હોવાથી ગંભીર વીજ કટોકટી પેદા થવાની શકયતા છે. વીજ કટોકટીથી બચવા માટે ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોને તેના બંધ પાવર પ્લાન્ટ ચાલુ કરવા જણાવાયું છે કારણ કે, વીજળીનું ઉત્પાદન વધારવામાં નહીં આવે અને ડિમાન્ડ વધતી જશે તો પાવર ગ્રીડ ફેઈલ થવાનો ભય છે. રાજ્યોને જણાવાયું છે કે, તેઓ પોતાના નિષ્ક્રિય અથવા સ્ટ્રેસ્ડ થર્મલ પ્લાન્ટને ચાલુ કરી દે ભલે પછી તેનો ખર્ચ વધારે આવે. નેશનલ ગ્રીડ ઓપરેટરોએ રાજ્યોને શક્ય એટલી વધુ વીજળીનું ઉત્પાદન કરવા જણાવ્યું છે. કેટલાક રાજ્યો મોંઘા ગેસ અને કોલસાથી ઉત્પાદિત વીજળી માટે વધુ ખર્ચ ચૂકવવા પણ તૈયાર છે. કેન્દ્રીય વીજ મંત્રાલયના સૂત્રોએ કહ્યું કે, પશ્ચિમના રાજ્યોમાં વીજળીની કટોકટીનું કારણ કોલસાની અછત નથી, પરંતુ આયોજનનો અભાવ છે. ગ્રીડ ઓપરેટર પાવર સિસ્ટમ ઓપરેશન કોર્પ (પોસોકો)એ વેસ્ટર્ન રિજનના રાજ્યોમાં વધુ પડતા લોડ સામે ચેતવણી આપતો પત્ર લખ્યો છે. મહારાષ્ટ્ર નિર્ધારિત શિડ્યુલ કરતા વધારે પાવર ઉપાડી રહ્યું છે. તેના કારણે ગ્રીડ ફ્રિકવન્સી એક્સકર્ઝન ઘટીને નીચે જતું રહ્યું છે. હાલમાં ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને દાદરા અને નગર હવેલી દ્વારા વધુ પડતો પાવર ઉપાડવામાં આવતો હોવાથી નેશનલ ગ્રીડ સંકટમાં છે. આ અંગે વેસ્ટર્ન રિજન લોડ ડિસ્પેચ સેન્ટરે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનમાં એક પિટિશન પણ ફાઈલ કરી છે. ગુજરાત સરકારે સિક્કા પાવર સ્ટેશન માટે આયાતી કોલસો ખરીદવાના ઓર્ડર આપ્યા છે. આયાતી કોલસો ગમે ત્યારે પોર્ટ ઉપર પહોંચશે અને આ પ્લાન્ટને ચાલુ કરવામાં આવશે. આ ઉપરાંત એસ્સાર પાવરના ૧.૨ ગીગાવોટના સલાયા પાવર પ્લાન્ટને પણ શરૂ કરવામાં આવશે. મહારાષ્ટ્ર સરકાર પણ બંધ પડેલા અથવા ઓછા વપરાશમાં લેવાતા પ્લાન્ટને પૂર્ણ ક્ષમતાએ કામમાં લેવા આયોજન કરી રહી છે. તમિલનાડુએ કોસ્ટલ એનર્જન લિમિટેડનો પ્લાન્ટ શરૂ કરવા પ્રયાસ હાથ ધર્યા છે. વીજળીની કટોકટીનો મામલો સીઈઆરસી પાસે ગયો છે. જેના આધારે ઓર્ડર આપવામાં આવશે. પોસોકોએ રાજ્યોને જણાવ્યું છે કે, ૪૯.૯૭ હર્ટ્ઝના સ્તરે સિસ્ટમ ફ્રિકવન્સી ઘટી જવાના કારણે ગ્રીડ ફેઈલ થવાનો રહે છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં અત્યારે ભીષણ ગરમી પડી રહી હોવાથી વીજળીની માંગમાં તેજી આવી છે.

● મા-બાપો તેમનાં સંતાનો કરતાં વધારે નાદાન છે......●

તાજા જ સમાચાર છે. સુરતના ગોડાદરાની ઘટના છે. ધોરણ એકમાં ભણતા એક દીકરાએ ટ્યૂશને જવું ન હતું ને તેને, તેની મમ્મીએ ટપારીને ટ્યૂશને જવાની ફરજ પાડી તો તે ટ્યૂશને જવાને નામે બહાર તો નીકળ્યો, પણ ટ્યૂશને ગયો નહીં. ટ્યૂશનનો ટાઈમ પૂરો થવા આવ્યો, છતાં છોકરો આવ્યો નહીં તો તપાસ ચાલી. પોલીસમાં જાણ થઈ ને પોલીસે અપહરણની શંકાથી તપાસ શરૂ કરી. સીસીટીવીના ફૂટેજમાં છોકરો બહાર જતો દેખાયો નહીં એટલે પોલીસે આજુબાજુમાં તપાસ કરી તો છોકરો તેની જ પાણીની ટાંકીમાંથી મૃત હાલતમાં મળી આવ્યો. બન્યું હતું એવું કે છોકરો બાજુવાળાને ત્યાંથી તેની અગાશીએ પહોંચ્યો અને ત્યાંથી પોતાની અગાશી ઉપર આવવા પાણીની ટાંકી ઉપર ઊતર્યો, પણ તેનું ઢાંકણું ઢીલું હતું એટલે તે ટાંકીમાં જઈ પડ્યો ને ૨૦૦૦ લિટરની ટાંકીમાં ગરકાવ થઈ ગયો. તેનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવે ત્યારે વધુ વિગત બહાર આવે એમ બને, પણ પોલીસને ટાંકીની પાસે તેની સ્કૂલબેગ અને ચંપલો મળી આવી છે તે એ પ્રશ્ન ઊભો કરે છે કે તે અકસ્માતે ટાંકીમાં પડ્યો હોય તો બેગ અને ચંપલ સાથે જ પડેને! તેને બદલે બેગ, ચંપલ ટાંકીની બહાર છે ને છોકરો ટાંકીમાં ડૂબ્યો છે. જો આ અકસ્માત હોય તો ટાંકીની બહાર ચંપલ કાઢવા ને બેગ મૂકવાં એ રોકાય ને પછી ટાંકીમાં પડે એ ગળે ઉતરતું નથી. એ જે હોય તે, પણ ટ્યૂશન છ વર્ષનાં બાળકનાં મોતનું કારણ બન્યું છે તે ખરૂ.

આવું બનતું રહે છે ને બીજી ઘટના બને ત્યારે આગલી ઘટના ભુલાઈ જતી હોય છે, પણ આ ઘટના શિક્ષણ સંબંધે માબાપની માનસિકતા છતી કરે છે. એક વસ્તુ આપણે બધાંએ સમજી લેવાની જરૂર છે કે સારૂ શિક્ષણ અકસ્માતે જ અપાતું હશે. સારી સરકારી કે ખાનગીર સ્કૂલ કોલેજોય હશે જ, સારા શિક્ષકો, અધ્યાપકો પણ છેજ, સારા મહેનતુ વિદ્યાર્થીઓ પણ ખરા જ ને શિક્ષણ સારૂ અપાય એવી સરકારનીર દાનત પણ ખરી, પણ એ બધું હવે આકસ્મિક છે. અપવાદ રૂપે છે. શિક્ષણ ખાડે જ નહીં, અખાડે પણ ગયું છે. બધાં જ શિક્ષણના અખાડામાં ઊતર્યાં છે ને એકબીજાને પછાડીને ઉપર ઊઠવા મથતા હોય એવો દેખાવ છે. બધાં જ રમે છે, ધંધો કરે છે. એમાં કોઈ શંકા નથી કે શિક્ષણ નફાકારક ધંધો છે ને એ સરકાર કે સંચાલકો, કમાવાને ઈરાદે કરે છે. એમાં શિક્ષણ ગૌણ છે, આકસ્મિક છે. શિક્ષણને નામે થઈ શકે એવી ઈતર પ્રવૃત્તિઓ પણ કમાવાના હેતુથી જ ચાલે છે. શિક્ષણ થોડું ઘણું થતું હશે, પણ મોટે ભાગે સમય ફીની ઉઘરાણીમાં અને પરીક્ષાઓ લેવામાં જ જાય છે. ભણાવ્યા વગર પરીક્ષાઓ લેવાનું અને પરીક્ષાઓ વગર પાસ કરવાનું હવે કોઠે પડી ગયું છે. ફી એ જ શિક્ષણ છે, પરીક્ષા એ જ શિક્ષણ છે. એની આસપાસ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, સંચાલકો ગરબે ઘૂમે છે ને ઉત્તમ કાર્ય થઈ રહ્યું હોય તેમ તેનાં પ્રમાણપત્ર, પગાર અને પ્રસાદ વહેંચાતાં રહે છે. એક વાત સ્પષ્ટ છે કે તંત્રો હવે શિક્ષણને ગંભીરતાથી લેતાં નથી એટલે શિક્ષણ એક વ્યાપક અવ્યવસ્થા છે અને એમાં વગવાળા, ખુશામતિયા લોકોની સરકારે વ્યવસ્થા કરવાની રહે છે. શિક્ષણમંત્રીથી માંડીને શિક્ષકોને ગોઠવવા સુધીની જવાબદારી એવા જ વગવાળા માણસો નિભાવે છે. એમાં ગુણવત્તા ને પાત્રતા તમામ ક્ષેત્રે આકસ્મિક છે. કેટલાક કુલપતિઓ કે શિક્ષકો, અધ્યાપકો વગ વગરના, પાત્રતા ધરાવનારા હશે, પણ મોટો ફાલ, ખુશામતખોરીનું, સરકારની ભક્તિનું પરિણામ છે. એને ગુણવત્તા કે પાત્રતા જોડે બહુ લેવાદેવા નથી.

જે વિદ્યાર્થીઓ ક્રિએટિવ છે કે કશીક અસાધારણ પ્રતિભા ધરાવે છે તેમાં તેમની પોતાની બૌદ્ધિકતા ને કેટલાક એવા જ શિક્ષકોની નિસ્વાર્થ મદદ કેન્દ્રમાં છે. એમાં આ કહેવાતું શિક્ષણ બહુ મદદમાં આવતું નથી. ખરેખર તો ભણાવાય છે એટલે કે વિદ્યાર્થી અભણ ન ગણાય, પરીક્ષા એટલે લેવાય છે કે પેપરો ફૂટી શકે કે એકને બદલે બીજું પેપર આપી શકાય. પરીક્ષાઓ એટલે પણ છે કે વિદ્યાર્થીઓમાં ચોરીનું અવનવું કૌશલ્ય વિકસે. પેપરો એટલે અપાય છે કે પેપરસેટરો પેપર સેટ કરવાનો અનુભવ પરીક્ષાર્થીઓને ખર્ચે ને જોખમે મેળવે. ટૂંકમાં, ગુજરાતે શિક્ષણને મામલે એટલું પુરવાર કરી દીધું છે કે અહીં બધા જ શિખાઉ છે. આવું વત્તેઓછે અંશે અગાઉ પણ હતું જ. શિક્ષકોને પગારમાં જ રસ હોય એ આજની શોધ નથી, વિદ્યાર્થી આજે જ ચોરી કરતો થયો એવું નથી, પેપરો આજે જ ફૂટે છે એવું પણ નથી, પણ માથે જે મૂકાતાં હતાં, એ માથાંને શિક્ષણ જોડે લેવાદેવા હતી. એમને શિક્ષણની ચિંતા હતી. આખો કારભાર તુક્કાઓનું પરિણામ નહતો. આજે સૌથી વધારે ખૂટે છે તે નિસબત!

કેટલુંક ધંધાદારી નીતિને કારણે આ સમયમાં પેધું પડ્યું છે. માબાપોમાં એક આગ ઊઠી છે તે સંતાનોને નાનેથી જ ભણાવી દેવાની! સારૂ છે કે એર રીતે એડમિશન આપવાનું હજી શરૂ થયું નથી, નહીંતર બાળકને તેની મમ્મી સ્કૂલમાં જ જન્મ આપે એમ બને. નર્સરી ક્લાસમાં મોકલીને માતાને સંતોષ ન થયો તો હવે પ્રિ-નર્સરી પણ શરૂ થયું છે. બને કે એ પહેલાંનો કોઈ વર્ગ પણ આવનાર વર્ષોમાં શરૂ થાય ને તેમાં ઢગલો ફી આપવા છતાં એડમિશનનાં ફાંફાં પડે. ખાસ કરીને આજની મમ્મીઓને પોતાનું બાળક સ્માર્ટ હોય ને ફટાફટ અંગ્રેજી બોલતું થાય તે જોવાની તાલાવેલી છે. તેમાં ઓછું ભણેલી હોય તો આ ઘેલછા થોડી વધારે જ હોય છે. પપ્પા પૈસા આપી છૂટે છે કે બહુ બહુ તો બાળકનાં એડમિશન માટે દોડી વળે છે, પણ પોતાનું બાળક બહુ જ હોંશિયાર બને તે માટે મમ્મીઓ મચી પડતી હોય છે. એ ચારેક વર્ષનાં બાળક ઉપર સ્કૂલમાં જે વીતે તે તો વીતે જ છે, પણ મમ્મીઓ પણ કોઈ કસર છોડતી નથી. બાળકને રમાડવાને બદલે તે ભણાવવા બેસે છે. તેને આવડે કે ન આવડે, બાળકને બધું જ આવડવું જોઈએ. પપ્પા કંટાળીને આવે તેની સામે મમ્મી બાળક નથી ભણતો એનું પારાયણ માંડે છે. પપ્પા મૂડ પ્રમાણે બાફકને વેતરે છે ને રડીને સૂઈ ન જાય ત્યાં સુધી તેને વીતે છે. ત્રણચાર વર્ષનાં બાળક માટે આ શિક્ષણ નથી, શિક્ષા છે. એનાથી બાળક ખિલતું નથી, કરમાય છે.

આટલું ઓછું હોય તેમ નવું દૂષણ ઉમેરાયું છે તે ટ્યૂશનનું. નર્સરીનું ટ્યૂશન ચાલે છે કે નહીં, તે નથી ખબર, પણ ધોરણ એકથી ટ્યૂશન ચાલે છે તે તો છોકરો ટાંકીમાં ડૂબી ગયો એ ઉપરનાં સમાચારમાં પણ જોયું. એ છ વર્ષનાં છોકરાએ ટ્યૂશને જવું ન હતું ને મમ્મીએ તેને ટ્યૂશને મોકલવાનો આગ્રહ રાખ્યો ને છોકરો ખોયો. ખબર નહીં, માબાપોમાં કયા પ્રકારની ઘેલછા કામ કરે છે, પણ સંતાનને ટ્યૂશને મોકલ્યા વગર તેમને ચાલતું નથી. ક્યારેક બાળક પણ દેખાદેખી ટ્યૂશને જવાની જીદ પકડે છે. એક સમય હતો જ્યારે ખાનગી ટ્યૂશનનો વાંધો લેવાતો, પણ આજકાલ તો ટ્યૂશન ફરજિયાત જેવું જ છે. એ પાછું હજારો હજારોમાં પડે છે. માબાપો ફી અને ટ્યૂશન ફીમાં જ ખપતાં રહે છે. સ્કૂલે ભણવાનું ને ઉપરથી ટ્યૂશનમાં પણ જવાનું અને તેમાંથી એક ધોરણના વિદ્યાર્થી પણ બાકાત નહીં? આ બધી રીતે તિરસ્કારને પાત્ર છે. ઊઠીને ઊભાં શતાં બાફકને આટલો ત્રાસ શેને માટે ને કેવાં શિક્ષણ માટે? ભણાવવાને નામે બાળકને તલવારની ધાર ઉપર રાખવાનો આ આખો ઉપક્રમ નિંદનીય છે. સંતાનોને બધાંમાં જ નંબર વન રાખવાનો માબાપોને ચસ્કો લાગ્યો છે. બધાંને પોતાનું બાળક એક નંબર ઉપર જ જોઈએ છે. એક નંબર ઉપર હોય ને એક નંબર ઉપર રહે તેનો વાંધો નથી, પણ બધાં જ તો એક નંબર ઉપર ન હોયને! કોઈ બીજે નંબરે પણ આવે, કોઈ નાપાસ પણ થાય, તો તેને માથે પહાડ તોડવાના? કોઈનાં કરતાં બેચાર માર્કપણ ઓછા આવે તો મમ્મીઓ વલોવાઈ જાય છે. માર્ક ઓછા આવ્યા જ કઈ રીતે એ મુદ્દે બાળક ઉપર ખટલો ચાલે છે! એ વખતે માબાપ ભૂલી જાય છે કે પોતાનાં એ ઉંમરે કેટલાં માર્કસ આવતા હતા? બાપ એ ઉંમરે નાપાસ થયો હશે, પણ દીકરા પાસેથી તો એ ૧૦૦માંથી ૨૦૦ ટકાની જ અપેક્ષા રાખતો હોય છે. એપણ એવા બાળક પાસેથી જેની રમવાની ઉંમર છે ને તેને સ્કૂલમાં ભણવાની અને ટ્યૂશને જવાની માબાપે ફરજ પાડીછે.

આજના શિક્ષકો ને વાલીઓએ એ સમજી લેવાની જરૂર છે કે જે સંવેદનશીલ છે તે બાળકો ભણતર, ટ્યૂશનને કારણે સખત તાણ અનુભવેછે. તેમાં માબાપ બાળકો સાથે કડકાઈથી વર્તે છે તો બાળક વાતો છુપાવતું અને અંતર્મુખી થતું જાય છે. તેમાં પરીક્ષાનું પરિણામ ધાર્યું ન આવે તો તે ફ્રસ્ટ્રેટ થાય છે ને માર્કસ ઓછાં આવેલા હોવાનું જાણીને માબાપ કેવી રીતે રિએક્ટ કરશે એ વાતે બહુ જ મૂંઝાય છે ને એમાં ને એમાં આત્મહત્યા પણ કરી લેછે. પરીક્ષાને કારણે આત્મહત્યા કરનારા બાળકોની સંખ્યા વધતી આવે છે તે ચિંતાનો વિષય છે. શિક્ષણ એને માટે કેટલું જવાબદાર છે તેમાં ન પડીએ, પણ શિક્ષણ નિમિત્તે આ બધું થાય છે તે સ્પષ્ટ છે. આમાં ક્યાંક શિક્ષણનો ધંધાકીય અભિગમ ભાગ ભજવે છે એવું ખરૂ કે કેમ? બધે બધું જ ઉત્તમ હોય એવું ન પણ બને, પણ ગુજરાતમાં શિક્ષણને નિમિત્તે જે થાય છે તે અનેક સ્તરે સુધારણાને પાત્ર છે, બીજું બધું જવા દઈએ તો પણ સાવ નાનાં બાફકોને માથે શિક્ષણનું ને ટ્યૂશનનું જે ભારણ વધારવામાં આવ્યું છે એ કુદરતી છે કે તંત્રોની ધંધાદારી નીતિની નીપજ છે એટલું વિચારવાની તાતી જરૂરછે. લાગતા વળગતા વિચારશે?

આજે સૌથી વધારે ભોળપણ કદાચ વાલીઓનું છે ને તેનો ભોગ બને છે વિદ્યાર્થીઓ. શિક્ષણને બધાંએ જ હળવાશથી લીધું હોય ત્યારે વાલીઓએ તેને ગંભીરતાથી લીધું છે. ગંભીરતાથી એ અર્થમાં કે તેણે વાપરેલાં નાણાંનું વળતર તેનાં સંતાનો તેને આપે. કેટલાક વાલીઓ બધી રીતે ઉત્તમ હોય છે, તો કેટલાંક સંતાનોને પોતાનું ઇન્વેસ્ટમેન્ટ પણ માને છે. વ્યાજ સાથે પાછું આપવાના છે એ ગણતરીએ તેઓ સંતાનોનાં શિક્ષણ પાછળ ખર્ચાય છે, તો કેટલાંક કેવળ લાગણીને કારણે, ફરજ સમજીને સંતાનોનું ઉત્તમ થાય એને માટે વેઠે છે. વિદ્યાર્થીઓમાંનાં પણ કેટલાંક તનતોડ મહેનત કરી શ્રેષ્ઠ દેખાવ કરવા મથે છે, પણ ઘણી વાર આ મહેનત વાલીઓ અને વિદ્યાર્થીઓને પક્ષે નિરર્થક પુરવાર થાય છે, કારણ ઓછી આવડતવાળા એક યા બીજા કારણે આગળ જતાં હોય તો જે ખરેખર મહેનત કરીને આગળ જવા મથે છે તેને ભાગે નિરાશા જ આવે છે.

જૂનાગઢ તાલુકા લેઉવા પટેલ સંગઠન મહોત્સવ, સ્નેહમિલન અને ભૂમિપુજનનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ તાલુકા લેઉવા પટેલ સંગઠન મહોત્સવ, સ્નેહમિલન અને ભૂમિપુજનનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગેની વધુ મળતી વિગત અનુસાર બામણગામમાં લેઉવા પટેલ સમાજના અદ્યતન ભવનનું નિર્માણ થશે. જેમાં ૫૦ ગામના પ્રતિનિધિ હાજર રહેશે. યુવા અગ્રણી અને પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા, કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા યુવા ઉદ્યોગપતિ વિજયભાઈ દોમડિયાના હસ્તે ભૂમિપુજન થશે. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, યુવા અગ્રણી બિપીનભાઈ રામાણી, ઉદ્યોગપતિઓ ભોવાનભાઈ રંગાણી, દિનેશભાઈ કુંભાણી, સરદારધામના પરેશભાઈ ગજેરા, ધારાસભ્યો પરેશભાઈ ધાનાણી, હર્ષદભાઈ રિબડીયા વગેરે હાજર રહેશે. ઉપરાંત રૂા. ૮૦ લાખથી વધુના ખર્ચે આકાર લેનાર નવા સમાજ ભવનના નિર્માણ માટે દાતાઓએ ઉદારહાથે દાનની સરવાણી વહાવી છે. આવા રચનાત્મક કાર્યક્રમમાં સમાજના સંગઠનનો હકારાત્મક ઉપયોગ થતા તે આજના સમયની જરૂરિયાત - આયોજનના માર્ગદર્શક અને સમુહલગ્ન પ્રણેતા હરસુખભાઈ વઘાસિયા જૂનાગઢ તાલુકાના બામણગામ ખાતે લેઉવા પટેલ સમાજના અદ્યતન નવા ભવનનો ભૂમિપુજન તેમજ જૂનાગઢ તાલુકા લેઉવા પટેલ સંગઠન મહોત્સવ અને સ્નેહમિલનના ભવ્ય કાર્યક્રમનું આયોજન આગામી તા.૨ મે અને સોમવારના રોજ કરવામાં આવ્યું છે . યુવા અગ્રણી અને પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા , રાજ્ય સરકારના કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા યુવા ઉદ્યોગપતિ વિજયભાઈ દોમડિયાના હસ્તે નવા સમાજ ભવન નિર્માણ કાર્યનું ભૂમિપુજન કરવામાં આવશે . સમસ્ત લેઉવા પટેલ સમાજ બામણગામ દ્વારા આગામી તા.૨ ને સોમવારના રોજ યોજાનારા આ ત્રિવિધ કાર્યક્રમમાં બપોરે ૩.૩૦ કલાકે મહેમાનોના સામૈયા કરાશે . ત્યાર બાદ ૪ કલાકે નવા સમાજ ભવનનુંભૂમિપુજન થશે . ૪.૩૦ કલાકે સમારોહનું ઉદ્ઘાટન અને ૫ કલાકે નાના -મોટા દાતાઓનું સન્માન કરાશે . હાજર મહાનુભાવોના પ્રેરક ઉદ્બોધન બાદ સાંજે ૭ કલાકે ભોજન સમારોહ રાખવામાં આવ્યો છે . આ સમગ્ર આયોજનનુંમાર્ગદર્શન સમુહલગ્ન પ્રણેતા અને સમાજ સેવક હરસુખભાઈ વઘાસિયા કરી રહ્યા છે . તેઓએ આ આયોજન અંગે જણાવ્યું છે કે , આજના સમાયમાં સમાજના સંગઠનનો આવા રચનાત્મક કાર્યમાં ઉપયોગ થાય તે જરૂરી છે . સમાજનો એક વર્ગ ખુબ જ સક્ષમ બની રહ્યો છે , જ્યારે બીજો વર્ગ ખુબ જ આર્થિક મુશ્કેલી અનુભવી રહ્યો છે . સમાજમાં બંને વર્ગ વચ્ચેની આ ખાઈ દૂર કરવી જરૂરી છે . તેના માટે જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને આર્થિક સક્ષમ જ્ઞાતિજનો મદદરૂપ બને અને આગળ લાવવામાં ઉપયોગી થાય તે સાચો ધર્મ છે . સમાજના તમામ લોકોને ઉપયોગી થાય તે માટે હાલ લેઉવા પટેલ સમાજ દ્વારા ગામડે ગામડે નવા સમાજ ભવનના આયોજનો ચાલી રહ્યા છે . અત્યાર સુધીમાં ૩૫ ગામમાં નવા સમાજ ભવનનું નિર્માણ થઈ ચૂક્યું છે . આ કાર્યક્રમમાં ૫૦ થી વધુ ગામના લેઉવા પટેલ સમાજના પ્રતિનિધિઓ હાજર રહેશે.

બામણગામમાં આશરે ૮૦ લાખથી ૧ કરોડ રૂપિયાના ખર્ચે તમામ સુવિધાઓ સાથેનું સમાજ ભવન આકાર લેશે . તમામ જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં હાજર રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે . નવા સમાજ ભવનના નિર્માણ માટે ભગવાનજીભાઈ , હરિભાઈ અને ગીરીશભાઈ હંસરાજભાઈ ગજેરા પરિવાર તરફથી મહત્વનું એવું ભૂમિદાન પ્રાપ્ત થયેલ છે . આ ઉપરાંત ગામના નાના - મોટા દાતાઓ દ્વારા ઉદાર હાથે દાનની સરવાણી વહાવવામાં આવી છે . સમાજ ભવનના નિર્માણ માટે પ્રમુખ પારસભાઈ ગજેરા, ઉપપ્રમુખ ગોપાલભાઈ હિરપરા , મંત્રી કેતનભાઈ ગજેરા ઉપરાંત તમામ ટ્રસ્ટીઓ તેમજ સમસ્ત ગામના યુવાનો અને વિડલો તથા બહેનોની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ અને માર્કેટીંગ યાર્ડના ચેરમેન કિરીટભાઈ પટેલ, વિધાનસભાના પૂર્વ વિપક્ષીનેતા પરેશભાઈ ધાનાણી , રાજકોટ બેકબોનના ભોવાનભાઈ રંગાણી, સરદારધામ રાજકોટના ઉપપ્રમુખ પરેશભાઈ ગજેરા, અમદાવાદના ઉદ્યોગપતિ દિનેશભાઈ કુંભાણી, સમાજ રત્ન અને સમાજસેવક બિપીનભાઈ રામાણી, વિસાવદરના ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયા, કેળવણીકાર જે.કે.ઠેસિયા, ઉદ્યોગપતિ જેન્તીભાઈ વઘાસિયા, ખોડલધામના ટ્રસ્ટી ડો.જી.કે.ગજેરા, ઉદ્યોગપતિ અતુલભાઈ પોશિયા, સવજીભાઈ સાવલિયા, ભાવેશભાઈ દૂધાત્રા, એડવોકેટ મુકેશભાઈ ભંડેરી, ચેનભાઈ વઘાસિયા, ડો.ડી.પી. ચિખલીયા, પૂર્વમંત્રી જશુબેન કોરાટ, પૂર્વ મેયર જ્યોતિબેન વાછાણી, જૂનાગઢ જિલ્લા લેઉવા પટેલ મહિલા મંડળના પ્રમુખ પ્રિતિબેન વઘાસિયા, સરદારધામના મહિલા કન્વીનર જયશ્રીબેન વેકરિયા વગેરે રાજકિય, સમાજિક અને સેવાભાવી ક્ષેત્રના વિવિધ આગેવાનો કાર્યક્રમમાં હાજર રહીને માર્ગદર્શન પુરૂ પાડશે.

જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાના પ્રોહીબીશનના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પ્રતાપસિંહ પવાર, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમશેટ્ટીની સુચના તેમજ ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ નાસ્તા ફરતા આરોપીઓને ઝડપી લેવા અને કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હોવાની સુચના અનુસંધાને સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.જે. ગઢવી તથા સ્ટાફ પ્રયત્નશીલ હતા. આ દરમ્યાન તા.૨૩-૪-૨૨ના રોજ નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન એવી હકીકત મળેલ કે, ઈંગ્લીશ દારૂના ગુન્હાઓમાં નાસતો ફરતો મહિપત આચાર્ય સફેદ કલરની એકસીસ મોપેડ લઈ વાડલા ફાટકની સાંઈબાબાના મંદિર તરફ આવે છે. જેથી વોચમાં રહયા હતા અને પેટ્રોલીંગ દરમ્યાન આ શખ્સને કેફી પીણું પીધેલી હાલતમાં મોપેડ સાથે ઝડપી લીધેલ છે અને તેના વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. તેની પુછપરછ કરતા વિસાવદર પોલીસ સ્ટેશન, ઉના પોલીસ સ્ટેશન જી. ગીર સોમનાથ ખાતેના પ્રોહીબીશનના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હોય અને પકડવાનો બાકી હોવાની કબુલાત કરેલ. મહિમન ઉર્ફે મહિપત દિપકભાઈ આચાર્ય (ઉ.વ.૩૦), રહે. આકાશ ગંગા સોસાયટી જૂનાગઢ વાળાને ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢ લોહાણા મહાજનના ઉપક્રમે ૩૯માં સમુહલગ્ન- યજ્ઞો પવિત કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ લોહાણા મહાજનના ઉપક્રમે આગામી તારીખ ૧ જુન ને બુધવારે ૩૯માં સમુહ લગ્ન- યજ્ઞો પવિત કાર્યક્રમ યોજવામાં આવશે. આ સમૂહ લગ્ન યજ્ઞોપવિત કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા રઘુવંશી પરિવારોએ કાર્યક્રમ અંગેનું ફોર્મ લોહાણા મહાજનવાડી ગિરનાર રોડ ખાતેથી સવારે ૧૦ થી ૧૨ તથા સાંજે ૫ થી ૭ દરમ્યાન મેળવવાના રહેશે. તથા કાર્યક્રમ અંગે વધુ વિગત માટે પ્રોજેક્ટ ચેરમેન દીપકભાઈ રૂપારેલિયા તથા નીતિનભાઈ તન્નાનો સંપર્ક કરવા લોહાણા મહાજન મહામંત્રી નંદલાલભાઈ ચોલેરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

ઉંમરાળાની મિલ્કતમાં નોંધ રદ કરી હકક દાખલ કરવા કલેકટરને આદેશ કરતી કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢતા.૨૫

બિલખાના ઉમરાળાના ભીખાભાઈ હીરાભાઈ કીકાણીના વારસોએ વડીલોપાર્જીત મિલ્કતમાં સીધી લીટીના વારસ દરજજે અંબાબેન તેમજ જયાબેનનું નામ હોવા છતાં તેઓની જાણ બહાર બાકીના વારસદારોએ જમીનમાં પોતાના હીત માટે હકક હીત છુપાવી વારસાઈ નોંધ પ્રમાણિત કરાવી લીધેલ જેની જાણ બંને બહેનોને થતા આવું કોઈ સોગંદનામું કે કબુલાત આપેલ ન હોવાનું ધ્યાને આવતા બંને બહેનોએ ન્યાય માટે નામદાર કોર્ટનું શરણ લીધેલ. દરમ્યાન નામદાર કોર્ટે દાવાના બંને પક્ષકારોની જુબાની, દસ્તાવેજી પુરાવા તેમજ વાદીના એડવોકેટ રોહીત કોટડીયાની દલીલો ધ્યાને લઈ જૂનાગઢની કોર્ટે ઉમરાળાની મિલ્કતની જુની નોંધો રદ કરેલ અને હકક દાખલ કરવા કલેકટરશ્રીને હુકમ મુજબ અમલવારી કરવા આદેશ ફરમાવેલ છે.

પાક.માં ભણ્યા હશો તો દેશમાં નોકરી-ઉચ્ચ શિક્ષણ નહીં મળે : યુજીસી, એઆઈસીટીઈની ચેતવણી

(એજન્સી)

નવી દિલ્હી તા. ૨૫

એક પછીએક મોટા નિર્ણયો વચ્ચે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) અને એઆઈસીટીઈ એ એક જોઈન્ટ એડવાઈઝરી બહાર પાડી છે. એડવાઈઝરીમાં એવા ભારતીય નાગરિકોઅને પ્રવાસીઓને ચેતવણી અપાઈ છે જે પાકિસ્તાન જઈને એજ્યુકેશનલ ડિગ્રી કે હાયર એજ્યુકેશન લેવાની ઈચ્છા ધરાવેછે. એડવાઈઝરીમાંએઆઈસીટીઈ એ ભારતીય વિદ્યાર્થીઓને પાકિસ્તાની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અંગે ચેતવ્યા છે. જો એડવાઈઝરી છતાં ભારતીય વિદ્યાર્થીઓ/ પ્રવાસીઓ આમ કરશે તો તેઓ ભારતમાં ન તો રોજગારી લાયક ગણાશે કે ન તો હાયર એજ્યુકેશન માટે. જે શરણાર્થીઓ પાકિસ્તાનથી ભારત આવ્યા છે તેમને આ નિયમમાં છૂટ મળશે. માઈગ્રન્ટ અને તેમના બાળકો કે જેમણે પાકિસ્તાનમાંથી હાયર એજ્યુકેશન ડિગ્રી મેળવી છે અને જેમને ભારતીય નાગરિકતા મળી છે. તેઓ ગૃહ મંત્રાલયમાંથી સિક્યુરિટી ક્લિયરન્સ મળ્યા બાદ ભારતમાં નોકરી માટે એલિજિબલ ગણાશે. નોંધનીય છે કે ગત મહિને યુજીસી અને એઆઈસીટીઈ તરફથી ચીનમાં હાયર એજ્યુકેશનની ઈચ્છા ધરાવતા ભારતીય વિદ્યાર્થીઓને પણ એડવાઈઝરી દ્વારા ચેતવણી અપાઈ હતી. આ અગાઉ યુજીસીએ વર્ષ ૨૦૧૯માં કાશ્મીર (પીઓકે)ના શૈક્ષણિક સંસ્થાનોમાં પ્રવેશ લેવા વિરુદ્ધ પણ વોર્નિંગ એડવાઈઝરી બહાર પાડી હતી. જેમાં ભારતીય વિદ્યાર્થીઓને પાકિસ્તાનની કોઈ પણ કોલેજ કે એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટસમાં પ્રવેશ નહીં લેવાનો આગ્રહ કર્યો હતો. આ એડવાઈઝરીને ન માનનારા વિદ્યાર્થીઓને ભારતમાં નોકરી કે ઉચ્ચ શિક્ષણ મળી શકશે નહીં.

મૃત્યુ દંડના બદલે કડક સજાની કરાશે જોગવાઇ, સુપ્રીમ કોર્ટ નવી ગાઇડલાઇન ઘડશે

(એજન્સી)

નવી દિલ્હી તા. ૨૫

સુપ્રીમ કોર્ટ દેશની અદાલતો માટે ફાંસીની સજા આપવા અંગે ગાઇડ લાઇન બનાવશે. જસ્ટિસ યુયુલલિત, જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ્ટ અને જસ્ટિસ પીએસ નરસિમ્હાની બેન્ચે મૃત્યુદંડની સજા પામેલા કેદીની અરજી ઉપર આ પગલું ભરવાનો નિર્ણય કર્યો છે. મૃત્યુદંડની સજાને પડકારતી ઈરફાન ઉર્ફે ભૈયુ મેવાતીની અરજી ઉપર કોર્ટ વિચારણા કરી રહી હતી. ટ્રાયલ કોર્ટે ઈરફાન માટે ફાંસીની સજાને પડકાર આપ્યો હતો અને મધ્યપ્રદેશ હાઈકોર્ટે પણ તેની પુષ્ટિ કરી છે. ત્રણ જજની બેન્ચે આ જ અરજી ઉપર ચાલી રહેલી કાર્યવાહી દરમ્યાન કહ્યું હતું કે, મૃત્યુને લાયક ગુનામાં કડક સજા નક્કી કરવા માટે આ માર્ગદર્શિકા જરૂરી છે.

કોર્ટ તેને જલ્દી તૈયાર કરશે. આ માટે બેન્ચે એટર્ની જનરલ કે કે વેણુગોપાલને પણ આ માટે મદદ કરવા કહ્યું છે. તેમજ નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (નાલસા)ને નોટિસ જારી કરી છે. બેન્ચે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે, મૃત્યુદંડની સજા અંગે પણ નિયમો અને કાયદાઓ હોય, એટલે કે, તેને સંસ્થાકીય બનાવવામાં આવે, કારણ કે જે, સજા પામનારા દોષી પાસે પોતાના બચાવ માટે ખૂબ ઓછો સમય હોય છે. સુનાવણી દરમ્યાન એમિકસ ક્યુરીના સીનિવકીયરલ પરમેશ્વરે કહ્યું કે, ઘણા રાજ્યોમાં સરકારી વકીલને પ્રમોશન પણ એ જોઈને આપવામાં આવે તેમણે, કેટલા કેસમાં કેટલા લોકોને સજા અપાઈ છે, અને તે પણ મૃત્યુદંડની સજા કેટલાને મળી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ નીતિને સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવે, ત્યારબાદ કોર્ટે તેની નોંધ લીધી અને હવે આ મામલે ૧૦ મેના રોજ સુનાવણી થશે.

રશિયાની યુનિ.માં અભ્યાસ માટે મંગાવાયા રાજકોટનાં ભાઈ-બહેનના રિસર્ચ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૨૫

રાજકોટનાં ભાઈ-બહેન નીલ અને વ્રીતીકા છેલ્લા ત્રણ ચાર વર્ષથી રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને પાણી બચાવો ઉપર રીસર્ચ કરી રહ્યા છે. ફેસબુકના માધ્યમથી રશીયાની યુનિ.માં અભ્યાસ કરતા ગુજરાતી છાત્રને તેમના રીસર્ચ વિશે જાણ થતાં તેમનો સંપર્ક કરી રીસર્ચનું મટીરીયલ્સ મગાવવામાં આવ્યુ હતું. ભાઈ-બહેનને ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ ઈકોનોની અને ઈનોવેરાનએપ્રશંસા પત્રો આપ્યા છે. તેઓ દ્વારા પોલ્યુશનના પ્રોજેકટો પણ ટૂંક સમયમાં રિલીઝ કરવામાં આવશે.

• રમઝાન મુબારક •

૧૯. પરલોકની શાશ્વત સફળતા

હવે અંતિમ, પરંતુ સૌથી મહત્વપૂર્ણ વસ્તુને લઈએ. જો મૃત્યુ છે અને મૃત્યુ પછી ઈશ્વરની સમક્ષ ઉપસ્થિત થવાનું છે અને નિસંદેહ ઉપસ્થિત થવાનું છે, જો કર્મોના હિસાબ પછી પુરસ્કાર અને સજા છે, સ્વર્ગ-નર્ક છે, શાશ્વત જીવનમાં અસીન, સ્થાયી અને અપાર નેમતો (કૃપાઓ) છે અથવા ભયંકર, પીડાદાયક અને અપમાનિત કરનારી યાતનાઓને આ બધું પણ સત્ય છે તો પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક સમાજ અને સંપૂર્ણ માનવ-જાતિની સૌથી મૌલિક સમસ્યા આ છે કે તેને પરલોકની શાશ્વત સફળતા પ્રાપ્ત થાય અને તેને સ્થાયી અને પીડાદાયક યાતનાથી મુક્તિ મળે અને તે જ પ્રણાલી માનવતાની તરફેણમાં કાયમી સમજવામાં આવશે, જે માનવજાતિને પરલોકની શાશ્વત સફળતાની પ્રાપ્તિ અને સ્થાયી યાતનાથી મુક્તિનો માર્ગ દેખાડે.

સંસારની અસ્થાયી સફળતા હોય અથવા પરલોકની સ્થાયી સફળતા. આ બંને જ અવિનાશી પ્રભુના હાથમાં છે અને ઈશ્વરની ઈચ્છા અને તેના દ્વારા અવતરિત સત્ય-ધર્મ ઈસ્લામનું પાલન કરીને જ આપણે સંસાર અને પરલોકની સફળતા તેમજ મુક્તિ પ્રાપ્ત કરી શકીએ છીએ. આ છે ઈસ્લામ-ઈશ્વરની સૌથી મોટી કૃપા-માનવ-જાતિને માટે દયાળુતા તેમજ કૃપાઓથી પરિપૂર્ણ જીવન-પ્રણાલી.

ઈસ્લામ કોઈ વિશેષ સંપ્રદાય, જાતિ અથવા વર્ગને માટે વિશેષ નથી, બલ્કે તે સમગ્ર માનવોને માટે છે. આ તેમના સ્વામી, શાસક, પાલનહાર પ્રભુની તરફથી અવતરિત ધર્મ છે. તે એ લોકોનો છે જે તેને ગ્રહણ કરે જે લોકો તેને અપનાવશે પૃથ્વીલોક અને પરલોકમાં સફળ થશે અને જે લોકો તેને રદ્દ કરશે, તેઓ બંને લોકમાં અપમાનિત, અસફળ અને ઈશ્વરની ભીષણ યાતનાઓનો ભોગ બનશે.

૨૦. ઈસ્લામનું શિક્ષણ

ઈસ્લામનું શિક્ષણ આ છે કે માત્ર એક ઈશ્વરની ભક્તિ (બંદગી) અને પૂજા કરો, તેના સિવાય અન્ય કોઈ પૂજ્ય અને બંદગીને યોગ્ય નથી, તેના મોકલેલા સર્વ ઈશદૂત અને સંદેશવાહકો ઉપર, જેની અંતિમ કડી હઝરત મુહમ્મદ (સલ્લ.) છે અને બધા જ ઈશ્વરીય ગ્રંથો ઉપર અને અંતિમ ઈશ-ગ્રંથ કુર્આન ઉપર ઈમાન (આસ્થા) ધરાવવુ અને ઈશ્વર એ મોકલેલા ધર્મ "ઈસ્લામ"ને, જે પ્રત્યેક યુગમાં માનવની સફળતા અને કલ્યાણને માટે આવ્યો છે અને જે હઝરત મુહમ્મદ (સલ્લ.) ઉપર પૂર્ણ થયો છે, સ્વીકાર કરીને પોતાના જીવન તેની શિક્ષાઓના બીબામાં ઢાળો અને સંસારના તુચ્છ અને અસ્થાઈ હિતોને બદલે પરલોકની શાશ્વત સફળતા અને મુક્તિને પોતાના પ્રયાસોનું લક્ષ્ય બનાવો.

મુસલમાનોથી નિવેદન છે કે તેઓ નિષ્ઠા ભાવે અને એકાગ્રચિત થઈને આ સંપૂર્ણ પ્રણાલીને અપનાવે, કે જેથી તેઓ પોતાને માટે, પોતાના સમાજને માટે, પોતાની જાતી અને દેશને માટે અને સંપૂર્ણ માનવ-જાતિને માટે, દયાની મૂર્તિ બની શકે. અમે તમને કહીએ છીએ કે આ જીવન-પ્રણાલીનો પરિચય મોટા પાયે આપણાં દેશબાંધવોને કરાવે કે જેથી તેઓ પણ આ નેમતો (કૃપાઓ) થી લાભાન્વિત થઈ શકે અને આપણો દેશ મુશ્કેલીઓ, દુઃખો, સમસ્યાઓ અને (પરેશાનીઓ) થી મુક્તિ મેળવી શકે..

દેશ-બાંધવોથી નિવેદન છે કે આ કૃપાયુક્ત જીવન-પ્રણાલી મુસલમાનોનો વારસો નથી. આ જેટલો તેમનો છે એટલો જ તમારો પણ છે. આ આપણા સૌના સર્જનહાર તરફથી સર્વ માનવો માટે છે. તમે તેનો વિસ્તાર પૂર્વક ગહન અધ્યયન કરો. સાથે જ આજીજીપૂર્વક પ્રભુને પ્રાર્થના પણ કરો કે તે તમને સત્ય-માર્ગ દેખાડે અને સત્ય-માર્ગ ઉપર ચાલવાની શક્તિ આપે. આ કોઈ અન્યનો નહિ તમારો પોતાનો પ્રશ્ન છે. માનવ-જગતને માટે એક આદર્શ સમાજ અને એક આદર્શ રાજ્યનું ઉદાહરણ સ્થાપિત કરશો. જો તેને નહિ અપનાવો તો પોતાનું પોતાના સમાજનું, અને દેશ અને માનવ-જાતિનું ખુબ જ મોટું નુકશાન કરશો.

– ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

(કોન્ટેક્ટ નંબર : ૯૭૨૭૨૧૦૭૬૮)

૧૦ હજાર ડગલાંમાં ફિટનેસ સમાઇ જતી નથી

ફિટનેસ ગુરૂઓના દાવા મુજબ દિવસભરની સક્રિયતા, વર્કઆઉટ એટલાં જ જરૂરી

ગતિશીલતા એ બધું છે, અથવા તો ફિટનેસ ગુરૂઓ તમને માનવા પેરે છે પરંતુ ગતિશીલતા અને ચળવળ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું નવું નથી. તે ૧૯૬૫ જેટલું જૂનું છે, જ્યારે એક જાપાની ફર્મે પેડોમીટર લોન્ચ કર્યું હતું અને આ વિચારને લોકપ્રિય બનાવ્યો હતો કે દરરોજ ૧૦,૦૦૦ પગલાં લેવાથી આરોગ્ય સારૂં રહે છે. આ કંપની યામાસા ક્લોક એન્ડ ઈન્સ્ટ્રૂમેન્ટ કંપની હતી, અને તેના પેડોમીટરને મનપો-કેઈ કહેવામાં આવતું હતું, જેનો જાપાનીઝમાં અનુવાદ ૧૦,૦૦૦ સ્ટેપ્સ મીટર થાય છે. હાર્વર્ડ મેડિકલ સ્કૂલના સંશોધકો દ્વારા ૨૦૧૯ના રોજના પગલાની ગણતરી પરના અભ્યાસમાં એવું અનુમાન કરવામાં આવ્યું હતું કે આ તે છે જ્યાં જાદુ ૧૦,૦૦૦ પગલાંઓની સંખ્યા આવે છે. ગયા મહિને લેન્સેટમાં પ્રકાશિત થયેલા એક અલગ અભ્યાસમાં, સંશોધકોએ લખ્યું હતું કે, જો કે દરરોજ ૧૦,૦૦૦ પગલાંને સ્વાસ્થ્ય લાભો માટે વ્યાપકપણે પ્રોત્સાહન આપવામાં આવે છે, આ ભલામણને સમર્થન આપવા માટે ઓછા પુરાવા છે.

લેન્સેટમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસ માટે, સંશોધકોએ સાત વર્ષના સમયગાળામાં ૪૭,૦૦૦ થી વધુ લોકોના સ્વાસ્થ્ય અને ફિટનેસને આવરી લેતા ૧૫ અભ્યાસોનું વિશ્લેષણ કર્યું. તેઓએ જોયું કે ૧૦,૦૦૦એ એક દંતકથા હોવા છતાં, જે પુખ્ત વયના લોકો વધુ પગથિયાં ચલાવે છે તેમના માટે સ્વાસ્થ્ય લાભો છે. ૬૦ વર્ષ અને તેથી વધુ વયના પુખ્ત વયના લોકોમાં મૃત્યુદરનું જોખમ ક્રમશઃ ઓછું હતું જેઓ દરરોજ લગભગ ૬,૦૦૦-૮,૦૦૦ પગલાંઓ ચાલતા હતા, અને પુખ્ત વયના લોકોમાં ૬૦ વર્ષથી ઓછી ઉંમરના જેઓ દરરોજ લગભગ ૮,૦૦૦ - ૧૦,૦૦૦ પગલાંઓ ચાલ્યા.

ગમે તે હોય, એક બાબત પર બધા ફિટનેસ પ્રોફેશનલ્સ અને તબીબી નિષ્ણાતો સહમત છે તે હકીકત એ છે કે તમારે સ્વસ્થ રહેવા માટે દિવસભર સક્રિય રહેવાની જરૂર છે. જો કે, દિલ્હી સ્થિત ટ્રેનર અને કોસ્મિક ફિટનેસના સ્થાપક ગગન અરોરા કહે છે કે, તમે એક જ ટૂંકા સત્રમાં તમામ પ્રવૃત્તિઓને વ્યંગ કરવાને બદલે દિવસભર સક્રિય રહો તે મહત્વનું છે. સ્ટેપ ટાર્ગેટ એ દૈનિક સ્વાસ્થ્ય માટે માત્ર આધારરેખા છે, તે કહે છે, આ ૩૦-૬૦ મિનિટ વર્કઆઉટ દ્વારા પૂરક હોવું જોઈએ.

બેંગલુરૂ સ્થિત કોસફિટ કોચ કૌસ્તવ બરુઆ દલીલ કરે છે કે પગલાંની તીવ્રતા, પ્રયત્નો અને ગુણવત્તા માત્ર આવરી લેવાયેલા અંતર કરતાં વધુ મહત્વ ધરાવે છે. ૫ કિમીની તીવ્ર દોડ હંમેશા આરામથી ચાલવા કરતાં વધુ સ્વાસ્થ્ય લાભો આપે છે, ચાલવું એ ફિટ થવા માટે પૂરતું નથી. તે સ્વાસ્થ્ય માટે સારૂં છે પણ ખરેખર ફિટ થવા માટે નથી. તે માત્ર છે. પ્રારંભિક બિંદુ. જો કે, અમારા વ્યસ્ત જીવનને જોતા, અમે ઘણીવાર અમારા સુનિશ્ચિત વર્કઆઉટને ચૂકી જઈ શકીએ છીએ અને આવા કિસ્સાઓમાં તમારા પગલાની ગણતરી કરવા માટે ચાલવું એ એક સરસ વિચાર છે. જ્યારે એકલા ચાલવું તમને ખૂબ જ ફિટ બનવામાં અથવા તમારા શરીરના લક્ષ્યો સુધી પહોંચવામાં મદદ કરી શકતું નથી, તે હજી પણ તમારા સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. ગયા વર્ષે હાર્વર્ડ મેડિકલ સ્કૂલ દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે અઠવાડિયામાં ત્રણ વખત ૨૦ મિનિટ ચાલવાથી શરીરમાં સેરોટોનિનની એટલી જ માત્રા ઉત્પન્ન થાય છે જે સૌથી શક્તિશાળી એન્ટી-ડિપ્રેસન્ટ છે.

તમે માનો કે ના માનો, ૧૦,૦૦૦ પગલાંનો જાદુઈ આંકડો જલ્દી જતો નથી. લેન્સેટ અભ્યાસના લેખકો જણાવે છે કે ફિટનેસ ટ્રેકર્સ અને મોબાઈલ ઉપકરણો લોકપ્રિયતામાં વધારો થતાં વૈશ્વિક સ્તરે શારીરિક પ્રવૃત્તિનું નિરીક્ષણ કરવા અને પ્રોત્સાહન આપવા માટે દૈનિક પગલાંની ગણતરી એ એક સરળ અને શક્ય માપ છે. તેઓ લખે છે, અમારા તારણો સૂચવે છે કે મૃત્યુદર લાભો, ખાસ કરીને વૃદ્ધ વયસ્કો માટે, લોકપ્રિય સંદર્ભ મૂલ્ય કરતાં ઓછા સ્તરે ૧૦,૦૦૦ પગલાં પ્રતિ દિવસ થઈ શકે છે, તેથી, ટૂંકમાં, દરેક ૧૦,૦૦૦ પગલાંઓ ચાલવાનો પ્રયાસ કરતા ગડબડ ન કરો. દિવસ ગતિશીલ બનો અને કસરત કરો.

બિલખામાં નવનિયુક્ત સંરપચ સાબલપરા દ્વારા વર્ષો જુના પ્રશ્નો હલ કરાતા લોકોમાં આનંદની લાગણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૫

બિલખામાં ગત ગ્રામ પંચાયતની ચુંટણીમાં સામાન્ય મહિલા અનામત બેઠક આવેલ હતી. આ ચુંટણીમાં અત્યંત સેવાભાવી સાબલપરા પરીવારનાં ભાવનાબોન અનીલભાઈ સાબલપરા ૧૭૦૦ કરતા પણ વધુ જંગી લીડથી વિજેતા બન્યા હતાં. તેમનાં સેવાભાવી પરીવારનો પરીચય કરીએ તો સરપંચના પતિ અનિલભાઈ સાબલપરા છેલ્લા ૩૦ વર્ષથી ભાજપની વિચારધારાને અનુસરીને લોકસેવા કરી રહયા છે. કોઈપણ કુદરતી આફત હોય ત્યારે લોકોની સેવામાં અનિલભાઈ સૌથી આગળ હોય છે. અને વાવાઝોડા વખતે ગરીબ કુટુંબોની માલ-મિલ્કતને ભયંકર નુકશાન થયું હતું ત્યારે અનિલભાઈએ પોતાનાં ખર્ચે ગામડાઓમાં જનરેટર પહોંચાડી પશુઓને પાણી પાયા હતાં. તેમજ જે ગરીબ કુટુંબોના મકાન પડી ગયા હોય એવા કુટુંબોને ભોજન પુરૂ પાડેલ હતું. કોરોનાકાળ દરમ્યાન પણ તેઓએ પુષ્કળ સેવા આપી હતી જેના પરીણામે આ ચુંટણીમાં સમગ્ર ગામે તેઓને ખોબલેખોબલે મત આપ્યા હતાં.

અનિલભાઈ પોતે ઈંગ્લીશ વિષય સાથે સ્નાતક હોય તમામ સમાજને સાથે લઈને ચાલે છે. તેઓએ વિજેતા બન્યાનાં ૩ મહિનામાં જ બિલખાની જનતાની વર્ષો જુની ગટર સમસ્યાને હલ કરી દીધી છે. અને જરૂરીયાતવાળ વિસ્તારોમાં બ્લોક ફીટીંગ કરવામાં આવી રહયા હોય લોકોમાં આનંદની લાગણી જોવા મળે છે. વ્યવસાયે કરીયાણાની દુકાન અને માર્બલનું કારખાનું ધરાવતા અનિલભાઈનાં પિતા સમજુભાઈ સાબલપરા મુક પશુઓની સેવા માટે મોટી નામના ધરાવે છે. છેલ્લા ૨૦ વર્ષ ઉપરાંત સમજુભાઈ અને તેમનાં ધર્મપત્ની સ્વ. જયાબેન સમજુભાઈ સાબલપરા સવારે વહેલા ચાર વાગ્યે મુક પશુઓને રોટલા ખવડાવે છે. આથીય વિશેષ આ સમગ્ર શિક્ષીત પરીવારનાં સભ્ય યુવરાજભાઈ અનિલભાઈ સાબલપરા ટુંક સમયમાં જ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જતા હોય બિલખાનું નામ રોશન કરેલ છે. આમ અત્યંત સેવાભાવી પરીવારનાં સભ્ય ગામને સરપંચ તરીકે મળતાં ગામમાં આનંદની લાગણી જોવા મળે છે. અને બિલખાનો વિકાસ ચરમસીમાએ પહોંચશે એવી આશા લોકો રાખી રહયા છે.

જામકંડોરણા ખાતે ક્ષત્રિય યુવક મંડળ અને કરણી સેના દ્વારા ક્ષત્રિય સમાજનાં સરપંચોનો ભોજન સમારોહ યોજાયો

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૨૫

જામકંડોરણા ખાતે ક્ષત્રિય યુવક મંડળ અને કરણી સેના દ્વારા ઉપલેટા, ધોરાજી, જામકંડોરણા તાલુકાના ક્ષત્રિય સમાજના સરપંચોનો ભોજન સમારોહ યોજવામાં આવ્યો હતો. ગોંડલ ધારાસભ્યના પુત્ર યુવા નેતા જ્યોતિરાદિત્યસિંહ(ગણેશભાઈ) જાડેજા અને રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ઈન્દ્રવીજયસિંહ ચુડાસમા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જામકંડોરણા તાલુકામાં નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે ક્ષત્રિય યુવક મંડળ અને રાજપૂત કરણી સેના જામકંડોરણા દ્વારા સરપંચો, યુવા કારોબારી સભ્યો, કરણી સેનાના હોદ્દેદારો માટે ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરાજી, ઉપલેટા, જામકંડોરણાના ક્ષત્રિય સમાજના સરપંચોએ હાજરી આપી હતી. સાથે ભાયાવદર, ઉપલેટા, ધોરાજી, જેતપુર, ગોંડલ, પડધરી, કોટડા સાંગાણી, જૂનાગઢ, માણાવદર અને જામકંડોરણા તાલુકાના ક્ષત્રિય સમાજના આગેવાનો અને કરણી સેનાના હોદેદારોએ હાજરી આપી હતી. જામકંડોરણા રાજપૂત સમાજના પ્રમુખ તેજુભા જાડેજાએ ઉપસ્થિત તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી આવકાર્યા હતા. આ તકે રાજપૂત કરણી સેના જામકંડોરણા દ્વારા જામકંડોરણા તાલુકામાં સંગઠન મજબુત બનાવવા પ્રમુખ હરપાલસિંહ જાડેજા પાદરિયા દ્વારા ક્ષત્રિય સમાજના ૨૨ ગામમાં કન્વીનરોની નિમણુંક પણ કરવામાં આવી હતી. આ તકે ગોંડલ યુવા નેતા અને ધારાસભ્યના પુત્ર જયોતિરાદિત્યસિંહ જાડેજા (ગણેશભાઈ)એ તમામ સરપંચોને અભિનંદન આપ્યા હતા અને સાથે અઢારેય વરણને સાથે રાખી વિકાસના કામો કરવાનું સૂચન કર્યુંહતું. રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અને ભાયાવદર રાજપૂત સમાજના પ્રમુખ ઈન્દ્રવીજયસિંહ ચુડાસમાએ યુવાનોને સામાજિક અને સેવાકીય કાર્ય કરવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

આ ભોજન સમારોહમાં ગોંડલ માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, ગોંડલ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન મયુરરાજસિંહ જાડેજા, રાજકોટ જિલ્લા કરણી સેના પ્રભારી જગદીશસિંહ જાડેજા, જૂનાગઢ જિલ્લા કરણી સેના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગોંડલ તાલુકા પંચાયત સદસ્ય હરિચન્દ્રસિંહ રાણા, યુવા પ્રમુખ દિગુભા જાડેજા, કોટડા સાંગાણી સમાજ પ્રમુખ ધર્મરાજસિંહ જાડેજા, મંત્રી હરદેવસિંહ જાડેજા, ભરૂડી સરપંચ હરિચન્દ્રસિંહ જાડેજા, યુવા અગ્રણી રાજેન્દ્રસિંહ જાડેજા પાચીયાવદર, માણાવદર ઉપાધ્યક્ષ રાજભા ચાવડા, પડધરી કરણી સેના પ્રમુખ ભગીરથસિંહ જાડેજા, ધોરાજી કરણી સેના પ્રમુખ પ્રતાપસિંહ ચુડાસમા, ભાજપ અગ્રણી હરદીપસિંહ રાયજાદા, ઉપલેટા કરણી સેના પ્રમુખ મહાવીરસિંહ વાળા, ઉપલેટા તાલુકા ભાજપ મહામંત્રી પૃથ્વીરાજસિંહ ચુડાસમા, નગરસેવક રઘુભા, અગ્રણી વિક્રમસિંહ, ભાયાવદર યુવા પ્રમુખ ભરતસિંહ ચુડાસમા, જેતપુર યુવા પ્રમુખ જયદેવસિંહ ઝાલા, યુવા અગ્રણી નરેન્દ્રસિંહ વાઘેલા, પડધરી પ્રમુખ વી.પી. જાડેજા હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ક્રિપાલસિંહ જાડેજા પીપરડીએ કર્યું હતું.

રેલ્વે તંત્ર મુસાફરી કરતા પેસેન્જરોની સુવિધાઓ પુરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદતા. ૨૫

કોવીડ મહામારી દરમ્યાન કોરોનાનું સંક્રમણ ના ફેલાય તે માટે રેલ્વેમાં મુસાફરી કરતા પેસેન્જરોની ઘણી સુવિધાઓ બંધ કરી દીધી હતી. પરંતુ દેશમાં કોરોનાના કેસ ઘટતા મોટાભાગની ટ્રેનોનું સંચાલન શરૂ કરી દેવામાં આવ્યુંછે. તેમ છતાં ટ્રેનનાં એસી કોચમાં બેડરોલ, ચાદર, ધાબળા અને ઓશીકા સહિતની સુવિધાઓ શરૂ કરવા આદેશ આપ્યો હોવા છતાં આ સુવિધાઓ પુરી પાડવામાં આવતી ના હોવાની ફરીયાદ અંગે અમદાવાદ રેલ્વે ડીવીઝનનાં મેનેજર, રેલ્વેની ડીઆરયુસીસીને રેલ્વે સલાહકાર સમીતીનાં સભ્ય જયંતીલાલ પરમારે લેખીત રજુઆત કરતાં રાજધાની એકસપ્રેસ, આશ્રમ એકસપ્રેસ અને મંદોર એકસપ્રેસ ટ્રેનોમાં આ સુવિધાઓ આપવાની શરૂઆત કરવામાં આવી છે. બીજી ટ્રેનોમાં પણ બીજા ફેઝમાં આવી સુવિધાઓ આપવાની શરૂઆત કરવામાં આવનાર છે.

જૂનાગઢમાંથી બે મોટરસાયકલ ચોરનારને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા. ૨૫

જૂનાગઢ બસ સ્ટેશન પાસેથી તથા પ્રિઝમ કોમ્પ્લેક્ષ પાસેથી ચોરી થયેલ સ્પ્લેન્ડર મોટર સાયકલ-૨ ચોરી કરનાર બાઈક ચોર શખ્સને મોટર સાયકલ-૨ કિંમત રૂા. ૩૫૦૦૦ સાથે ઝડપી લીધેલ છે.

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પવારની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમનાં પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ ડી.જી. બડવા અને સ્ટાફને મળેલ હકકીતનાં આધારે રેલ્વે ફાટક પાસે ગીરીરાજ તરફ જતા ત્રણ રસ્તા નજીક તાહીરશા ઈબ્રાહીમશા રફાઈ (ઉ.વ. ૨૮) ધંધો ફ્રુટની લારી રહે. સુખનાથચોકવાળો મોટર સાયકલ લઈને ઉભેલ હોય જેની અંગજડતીમાંથી મોટર સાયકલ-૨, રોકડ રૂા. ૨૧૧૦, મોબાઈલ-૧ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસને સોંપી આપવામાં આવેલ છે. આ કામગીરીમાં પ્રકાશભાઈ ડાભી, યશપાલસિંહ જાડેજા, દિવ્યેશભાઈ ડાભી, વિજયભાઈ બડવા, વરજાંગભાઈ બોરીચા વગેરે જોડાયા હતાં.

:: અવસાન નોંધ ::

રાજકોટ: શ્રી સોરઠીયા શ્રીગોડ માળવીય બ્રાહ્મણ મુળગણોદ હાલ રાજકોટ નિવાસી પ્રો. ચીમનલાલ જેઠાલાલ ભટ્ટ (સી.જે. ભટ્ટ) (ઉ.વ. ૮૭) તે રાજેશભાઈ, દેવેશભાઈ, હરેશભાઈ, હર્ષાબેન જયંતકુમાર પંડયા, આશાબેન સંજયકુમાર પુરોહિતનાં પિતા અને જશ, શૈલજા, આયુષિ, રૂદ્રનાં દાદા અને ભંડુરી નિવાસી સ્વ. ભોગીલાલ જગન્નાથ દવેનાં બનેવીનું તા. ૨૩-૪-૨૨નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા સાદડી સંયુકત તા.૨૮-૪-૨૨ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ અલકેશ્વર મહાદેવ, અલ્કાપુરી શેરી નં. ૧, રૈયા રોડ, રાજકોટ મુકામે રાખેલ છે.

માંગરોળ મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૫

માંગરોળ મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ દ્વારા તા.૨૧ એપ્રિલ ૨૦૨૨થી ભાગવત સપ્તાહનું આયોજન માંગરોળ ખાતે વેરાઈ ફળીયામાં કરવામાં આવેલ છે. પોરબંદર સાંદિપની આશ્રમના છાત્ર રમેશભાઈ ઓઝાના શિષ્ય શાસ્ત્રી શિવકુમાર ઠાકર વ્યાસપીઠે બીરાજી ભાગવત કથાનું શ્રવણ કરાવેલ હતું. જેમાં ૪થા દિવસે પ્રભુ શ્રીરામ જન્મોત્સવ અને પ્રભુશ્રી કૃષ્ણજન્મોત્સવનો સમન્વય કરી સંગીતમય કથા પઠન કરી શ્રોતાવર્ગને જાળવી રાખેલ. લોક માંગણીને માન આપી ભાગવત સપ્તાહનું યુટયુબ ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવેલ હતું. આ ભાગવત સપ્તાહની અંદર અનેક મુજબના મહાનુભાવોએ કથા શ્રવણનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો અને તેઓનું ગીતાનું પુસ્તક આપી સન્માન કરવામાં આવેલ હતું. આ ભક્તિમય ભાગવત સપ્તાહ દરમ્યાન મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટના તમામ કાર્યકરો દ્વારા ભાગવત સપ્તાહને સફળ બનાવવા અથાક પ્રયત્ન કરેલ છે. તેના ફળસ્વરૂપે માંગરોળની ધર્મ પ્રેમી જનતાને આ મહામૂલો લાભ મળેલ છે.

જૂનાગઢમાં સાત વર્ષના બાળકે રાખ્યું રમઝાનનું રોઝૂ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

મુસ્લિમોનો પવિત્ર માસ રમઝાન ચાલી રહ્યો છે અને આજે ૨૧ રોઝા પૂર્ણ થયા છે ત્યારે જૂનાગઢ શહેરના મુસ્લિમ અગ્રણી ડેનીભાઈ હાલાના પુત્ર અફઝલ હાલાએ તેની સાત વર્ષની ઉંમરે રોઝૂ રાખીને અલ્લાહની રાહમાં નમાઝ અદા કરીને દુઆ માંગી હતી અને ઈબાદત કરી હતી. (તસ્વીર : અમ્માર બખાઈ)

ભારતભરનાં તમામ ટેકસટાઈલ ઉદ્યોગ સાહસિકોને ગુજરાતમાં રોકાણ કરવા કેન્દ્રીય મંત્રીનું આહવાન

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સ દ્વારા અમદાવાદ ખાતે ટેક્સટાઈલ ઈન્ટરેક્ટિવ મીટ અને ટેક્સટાઈલ લીડરશિપ કોન્કલેવ ૨૦૨૨નું સફળતાપૂર્વક આયોજન કરાયું

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદતા.૨૫

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સ દ્વારા તા.૨૩મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ શ્રી શક્તિ કન્વેન્શન સેન્ટર, અમદાવાદ, ગુજરાત ખાતે ટેક્સટાઈલ ઈન્ટરેક્ટિવ મીટ અને ટેકસટાઈલ લીડરશિપ કોન્કલેવ ૨૦૨૨નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેક્સટાઈલ ઈન્ટરેક્ટિવ મીટમાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંબંધિત ૨૭ જેટલા અગ્રણી રાષ્ટ્રીય અને રિજનલ એસોસિશનના નેતાઓએ દર્શના જરદોશ, કેન્દ્રીય કાપડ રાજય મંત્રી, જગદીશ વિશ્વકર્મા, ઉદ્યોગ મંત્રી ગુજરાત સરકાર, રૂપરાશિ મહાપાત્રા IA&AS, ટેકસટાઈલ કમિશ્નર ભારત સરકાર અને ડો. મુંજાલ દવે, ઉદ્યોગ અધિકારી ગુજરાત સરકાર સાથે વાર્તાલાપ કર્યો હતો. જેમાં સરકાર અને ઉદ્યોગ વચ્ચે વર્તમાન બાબતો/FTA/ વૃદ્ધિ યોજના/પ્રોત્સાહન અને સબસિડીઓ/કરવેરા/કપાસના ઉત્પાદન વગેરે ઉપર સંવાદ કર્યો હતો. આ મુદ્દાઓ ઉપર ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા લોકલ, રિજનલ અને રાષ્ટ્રીય એસોસિશનના ઈનપુટ્સ સાથે એક વિગતવાર પ્રેઝન્ટેશન બનાવવામાં આવ્યું હતું અને મંત્રીઓ અને સરકારના પ્રતિનિધિઓને રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રીઓ અને સરકારના પ્રતિનિધિઓએ આ બાબતો ઉપર ધ્યાન આપવાની અને ઝડપથી ઉકેલ લાવવામાં મદદ કરવાની ખાતરી આપી છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ લોકલ, રિજનલ અને રાષ્ટ્રીય એસોસિએશનોને એક મંચ ઉપર લાવવા અને સરકારને સૂચનો અને ભલામણોને એકત્ર કરીને રજુઆત કરવાના ચેમ્બરના આ અભૂતપૂર્વ પ્રયાસની સહભાગી એસોસિએશનોએ પ્રશંસા કરી હતી. સમગ્ર દેશમાંથી જીનિંગ, સ્પિનિંગ, વીવિંગ, પ્રોસેસ હાઉસ, ગાર્મેન્ટ ઉત્પાદકો, ટેકનિકલ ટેકસટાઈલ અને મશીનરી ઉત્પાદકો જેવા ક્ષેત્રોમાંથી ૬૦૦ જેટલા સહભાગીઓએ કોન્કલેવમાં ભાગ લીધો હતો. ટેક્સટાઈલ લીડરશિપ કોન્કલેવમાં ટેકસટાઈલ ઉદ્યોગના ચાર નેતાઓએ તેમના બિઝનેસ જૂથોની સફળતાની વાર્તા ઉપર વાત કરી હતી. પુનિત લાલભાઈ, અરવિંદ ગ્રુપ, રાજેશ માંડવેવાલા, વેલસ્પન ગ્રુપ, રાજેન્દ્ર અગ્રવાલ, ડોનર ગ્રુપ, મોહન કાવરી, સુપ્રીમ ગ્રુપ અને રોહિત પાલ, ઈન્ફિલૂમ કોન્કલેવમાં વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે, GCCIના પ્રમુખ હેમંત શાહે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા અનેક મુક્ત વેપાર કરારો અને નવી PLI યોજનાઓ સાથે, ભારતના કાપડ ક્ષેત્રને ઘણો ફાયદો થવાની તક છે અને આ ઈન્ટરેક્ટિવ મીટ અને લીડરશીપ કોન્કલેવનું આયોજન કરવા બદલ GCCI આનંદની લાગણી અનુભવે છે. જીસીસીઆઈ ટેકસટાઈલ ટાસ્કફોર્સના ચેરમેન સૌરિન પરીખે જણાવ્યું હતું કે, જીસીસીઆઈ ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સ રાજ્ય અને દેશમાં મોટા પાયે ટેક્સટાઈલના ઉદ્દેશ્ય માટે વિવિધ સ્તરે અવિરતપણે કામ કરી રહી છે અને આ ઘટનાએ નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ખૂબ ટૂંક સમય હોવા છતાં ભારતના ૨૭ જેટલા અગ્રણી રાષ્ટ્રીય અને રિજનલ એસોસિએશનો આ વાર્તાલાપ અને કોન્કલેવમાં જોડાયા એ ઘણા આનંદની વાત છે. ઉદઘાટન સત્રમાં મંત્રી દર્શના જરદોષે જણાવ્યું હતું કે, તેઓ અને મંત્રી પિયુષ ગોયલ ઉદ્યોગને લગતા અને ખાસ કરીને ગુજરાતને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિબદ્ધ છે. તેમણે આ પ્રસંગે આમંત્રણ આપવા અને ઉદ્યોગપતિઓ સાથે વાર્તાલાપ કરવાની તક આપવા બદલ GCCIનો આભાર માન્યો હતો. મંત્રી જગદીશ વિશ્વકર્માએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ગુજરાત અને ભારતના ટેકનિકલ ટેકસટાઈલ ઉદ્યોગે મહામારી દરમ્યાન માસ્ક અને PPE કિટનો અવિરત પુરવઠો પૂરો પાડીને વિશ્વને બચાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં શ્રેષ્ઠ અને વૈવિધ્યસભર ઉદ્યોગો ધરાવે છે. તેમણે ભારતભરના તમામ ટેક્સટાઈલ ઉદ્યોગ સાહસિકોને આગળ આવવા અને ગુજરાતમાં રોકાણ કરવા જણાવ્યું હતું તથા રાજય તેમને સંપૂર્ણ સહકાર આપશે એમ જણાવ્યું હતું. રૂપરાશિ મહાપાત્રાએ ઉદ્યોગ માટે અડચણો ઘટાડવા અને સુવિધા પ્રક્રિયાઓને સરળ બનાવવાની ખાતરી આપી હતી. કોન્કલેવમાં - ડોનિયર ગ્રૂપના રાજેન્દ્ર અગ્રવાલે તેમના જીવનની પ્રેરણા અને સંઘર્ષો અંગે વાત કરી હતી.

જવાહર નવોદય વિદ્યાલય જૂનાગઢને યોગ્ય સ્થળ ફાળવવા જીલ્લા કલેકટરને રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૫

આપ યુથ વિંગ જૂનાગઢ દ્વારા જીલ્લા કલેકટરને પત્ર પાઠવી જણાવ્યું છે કે જૂનાગઢની અંદર આવેલ જવાહર નવોદય વિદ્યાલય જે હાલમાં જુના આઈટીઆઈ બિલ્ડીંગમાં કાર્યરત છે તો ત્યાં જરૂર પુરતી સુવિધાઓ ઉપલબ્ધ નથી. હાલમાં જવાહર નવોદય વિદ્યાલયમાં માત્ર ધો. ૮,૯, ૧૦ સુધીની જવ્યવસ્થાઓ છે. જો વિદ્યાર્થીઓને ધો. ૧૧-૧૨ સાયન્સ ભણવું હોય તો ત્યાં કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. આ બાબતે પ્રિન્સીપાલનો રજુઆત કરતા એમણે જણાવેલ કે એમની પાસે યોગ્ય સ્થળ અને બિલ્ડીંગ નહીં જો કલેકટર અમને યોગ્ય સ્થળ અને બિલ્ડીંગ જૂનાગઢમાં આપે તો અમે સત્વારે ધો. ૧૧-૧૨ સાયન્સ શરૂ કરી દેવામાં માનીએ છીએ. જેથી જૂનાગઢમાં ઘણા બિલ્ડીંગ અને ગ્રાઉન્ડ બંધ પડયા છે જેમાંથી કોઈ સ્થળ જવાહર નવોદયવિદ્યાલયને ફાળવવામાં આવે તો જૂનાગઢનાં વિદ્યાર્થીઓ માટે આર્શિવાદરૂપ સાબિત થશે. જેથી વહેલી તકે એક યોગ્ય સ્થળ આપો જેથી કરી વાલીઓ અને વિદ્યાર્થીઓ પરેશાન ન થાય અને એમનું ભવિષ્ય છે એ બગડે નહી.

મેંદરડા : રામપારાયણમાં રામ જન્મોત્સવની ભાવભેર ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૫

મેંદરડા ખાખી મઢી રામજી મંદિર ખાતે મંદિરનાં મહંત પૂ. સુખરામદાસજી ગુરૂ રામકિશોરદાસજી દ્વારા તા. ૨૧ને ગુરૂવારથી તા. ૨૯ને શુક્રવાર સુધી મંદિરનાં પટાંગણમાં શ્રી રામ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું છે. જેમાં શાસ્ત્રી જીજ્ઞાસાબેન પોતાની આગવી શૈલીમાં સંગીતની સુરાવણલી સાથે કથાનું રસપાન કરાવી રહયા છે. જેમાં ગઈકાલે રામજન્મોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. પૂ. જીજ્ઞાશાબેનો જણાવ્યું હતું કે જયારે તમને સારા વિચારો આવવા લાગે ત્યારે સમજવું કે તમારામાં શ્રી રામનું પ્રાગટય થયું તેમ માનવું. આ પ્રસંગે મેંદરડા ગ્રામ પંચાયતનાં સરપંચ અને તેમની ટીમ અને જૂનાગઢ અકિલાનાં પત્રકાર વિનુભાઈ જોષી, તેમનાં ધર્મપત્ની મીતાબેનનું પૂ. સુખરામદાસજી બાપુ તથા જીજ્ઞાશાબેન દ્વારા સન્માન કરાયું હતું. તેમજ રામ જન્મ દરમ્યાન ભાવિકોને પંજરી તથા ચોકલેટ રેવડીનો પ્રસાદ આપવામાં આવેલ હતો.

ઉપલા દાતારની જગ્યા ખાતે પરબ ધામનાં મહંત કરશનદાસબાપુ પધારતા ભાવભર્યુ સ્વાગત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢમાં ઉપલા દાતારની જગ્યામાં પરબધામના મહંત કરશનદાસબાપુ તેમજ સેવકગણ દર્શનાર્થે પધાર્યા હતાં. આ પ્રસંગે ઉપલા દાતારની જગ્યાનાં મહંત ભીમબાપુએ દર્શનાર્થે પધારેલા પરબધામનાં મહંત કરશનદાસબાપુનું શાલ ઓઢાડી તેમજ પુષ્પમાલા પહેરાવી સન્માન કર્યું હતું. તેમજ દાતારની જગ્યામાં ચાલતા અવિરત અન્નક્ષેત્ર તેમજ જગ્યાના બ્રહ્મલીન મહંત પૂજય પટેલબાપુ તેમજ પૂજય વિઠલબાપુના જીવન કવનથી માહિતગાર કરી તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. કરશનદાસ બાપુ આટલી ઊંચાઈએ ગૌશાળા તેમજ અખુટ ભંડાર, અહીં ચાલતું અવિરત અન્નક્ષેત્ર અને જગ્યાના વિકાસ જોઈ પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે પૂજ્ય કરશનદાસબાપુ તેમજ તેમની સાથે પધારેલ સેવકગણએ દાતારની ગુફાના દર્શન કરી ભોજનપ્રસાદ પણ ગ્રહણ કર્યો હતો અને દાતાર પર્વત ઉપરની જગ્યા અને ત્યાં ચાલતા સેવા કાર્યોની ભરપૂર પ્રસંશા કરી હતી.

(તસ્વીર : વિજયત્રિવેદી)

મંગળવારે વરૂથિની એકાદશીનું મહત્વ

ચૈત્ર વદ અગીયારશને મંગળવાર તા. ૨૬-૪-૨૨નાં દિવસે વરૂથિની એકાદશી છે. આ દિવસે સવારે વહેલા ઉઠી નિત્યક્રમ કરી ત્યારબાદ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવી. ભગવાનને શુધ્ધ જળથી અભિષેક કરી વસ્ત્ર, જનોઈ, ચંદન, ચોખા, અબીલ-ગુલાલ, કંકુ, ધુપ-દિપ અર્પણ કરવા. નૈવેધમાં ખાસ સકકરટેટી ધરાવી આરતી ઉતારી એકાદશીની કથા વાંચવી અને સાંભળવી. આ દિવસે દિવસનાં નિંદ્રાનો ત્યાગ કરવો. ઉપવાસ અથવા એકટાણું રહેવું, તળેલી વસ્તુ ખાવી નહી. તથા ખાસ શાલીગ્રામ ઉપર ૧૧ તુલસીપત્ર ચડાવી અને સાંજે તેને ગ્રહણ કરવા. પારકી નિંદા કરવી નહી. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે અશ્વદાન કરતા ગજદાન શ્રેષ્ઠ ગણાય. ગજદાન કરતા ભૂમિદાન મોટું, ભૂમિદાન કરતા તલનું દાન મોટુ ગણાય. તલના દાન કરતા સુવર્ણદાન મોટુ ગણાય અને સોનાના દાન કરતા અન્નદાન ઉત્તમ ગણાય છે. આથી આ દિવસે અનાજનું દાન કરવું ઉત્તમ ફળ આપનાર છે. વરૂથિની એકાદશીનાં દિવસે પીપળે પાણી રેડવુ. અને પિતૃનાં મોક્ષ માટે શ્રીકૃષ્ણ ભગવાન અને વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરવી.

કથાનો બોધઃ કથાની વાર્તા પ્રમાણે ઘણીવાર પાછલા જન્મના અશુભકર્મોને કારણે આ જન્મમાં અચાનક વિના કારણે દુઃખ ભોગવવું પડે છે. પરંતુ શ્રી કૃષ્ણ ભગવાનની ભકિત કરવાથી તથા વરૂથિની એકાદશીનું શ્રધ્ધાથી વ્રત કરવાથી દુઃખનાં દિવસો પણ સરળતાથી પસાર થઈ જાય છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

જૂનાગઢ સહિત રાજ્યમાં ચાર દિવસ સુધી અગનજ્વાળા વરસશે

એપ્રિલ મહિનામાં જે ગરમી પડી રહી છે તે પ્રમાણે મે મહિનામાં ગરમી વધારેને વધારે આકરી સાબિત થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૫

જૂનાગઢ શહેર અને જીલ્લામાં છેલ્લા બે દિવસ થયા અસહય તાપ વરસી રહયો છે. અને લોકોને ફરજીયાત ઘરમાં રહેવું પડે તેવી સ્થિતિ સર્જાણી હતી. મોડી સાંજ સુધી અસહય ઉકળાટ, લૂ અને આકરા તાપ વચ્ચે જનજીવન પ્રભાવિત થયું હતું. તાપમાનનો પારો ૪૨ ડીગ્રીને પાર કરી ગયો હતો. દરમ્યાન આજથી સતત ચાર દિવસ સુધી રાજયભરમાં હીટવેવ જેવી સ્થિતિ રહેવાની આગાહી કરવામાં આવી છે.

એપ્રિલનો અંત નજીક છે એવામાં મહત્તમ તાપમાનનો આંકડો જૂનાગઢ સહિત રાજયભરમાં ઘણો ઊંચો જઈ રહ્યો છે.

આજથી રાજ્યનું તાપમાન વધુઊંચું જશે, જેના લીધે યલો અને ઓરેન્જ એલર્ટની પણ ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગે અઠવાડિયા દરમ્યાન રાજયનું તપામાન ૪૪ ડિગ્રી ઉપર પહોંચવાની સંભાવના પણ વ્યક્ત કરી છે. સામાન્ય કમોસમી વરસાદ બાદ રાજયમાં ફરી એકવાર ગરમી આકરી બની રહી છે. ગુજરાતમાં આજથી ચાર દિવસ સુધી આકરો તાપ સહન કરવો પડશે. જેમાં આજે ગરમીનું પ્રમાણ ૪૨ ડિગ્રી જ્યારે તે પછીના દિવસો એટલે કે મંગળવાર અને બુધવારે તાપમાન ૪૪ ડિગ્રી પહોંચવાની આગાહી કરાઈછે. રાજ્યમાં ત્રણ દિવસ માટે યલો એલર્ટ જ્યારે તે પછી બે દિવસ ઓરેન્જ એલર્ટની ચેતવણી આપવામાં આવી છે. રાજયમાં ગરમીના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં એકદિવસતાપમાન ૪૦ડિગ્રીથી નીચે નોંધાયા બાદ ફરી એકવાર સૂરજદાદા વધારે આકરા બની રહ્યા છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજથી પાંચદિવસ ગરમીનુંજોર રહેશે. IIPH ગાંધીનગરના પ્રોફેસર દિલીપ માવળંકરે જણાવ્યું કે, અમદાવાદ સહિત અન્ય જગ્યા કે જ્યાં ભારે ગરમી પડી રહી છે તેના માટે હીટ એકશન પ્લાન્ટ જાહેર કરવો જોઈએ. પરંપરાગત રીતે મે મહિનામાંગુજરાતમાં ભારે ગરમી રહે છે, જોકે હવે એપ્રિલમાં પણ કાળઝાળ ગરમી પડે છે. હવે આના ઉપરથી વિચારી શકાય કે આવતા મહિને કેવી સ્થિતિ હશે. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે શરૂઆતની આકરી ગરમી વધુ મોતનું કારણ બને છે. તેમણે જણાવ્યું કે, સરકારે નાગરિકોને ભારે ગરમી અંગે જાગૃત કરવા જોઈએ. આ સાથે ગરમીના કારણે કેટલી ગંભીર અસર થાય છે અને બપોરના સમયે બહાર ફરતી વખતે લોકોએ કાળજી રાખવી જોઈએ.

જૂનાગઢમાં પ્રેમ સંબંધ મામલે યુવાનની હત્યા : લાશ જંગલમાં નાખી પુરાવાનો નાશ કરવા અંગે ત્રણ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા.૨૫

જૂનાગઢમાં પ્રેમ સંબંધનાં મામલે એક યુવાનની હત્યા કરી લાશને બાવળનાં કાંટાળા જંગલમાં નાખી દઈ પુરાવાનો નાશ કરી નાખવા અંગે ગઈકાલે ત્રણ સામેબી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે કલમ ૩૦૨ અંતર્ગત ખુનનો ગુનો નોંધી વધુતપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર જૂનાગઢમાં જયશ્રી ટોકીઝ તુલજા ભવાની પાછળનાં ભાગે ગોકુલનગર, મંગલમ એપાર્ટમેન્ટની બાજુમાં રહેતા મનસુખભાઈ દેવશીભાઈ ચૌહાણ જાતે બાબર (વાણંદ) ઉ.વ.૬૨એ આરોપી સંજય રહે. જૂનાગઢ ઝાંઝરડા ચોકડી, રોનક એપાર્ટમેન્ટ પાસે, ઝુંપડામાં મુળ રહેવાની દાહોદ તેમજ અજીત રમેશ કોળી, રોનક એપાર્ટમેન્ટ નજીક જૂનાગઢ મુળ ગામ ભગવાનપર તા. લીંબડી તથા યુવરાજ રહે. ઝાંઝરડા ચોકડી, રોનકએપાર્ટમેન્ટ પાસે ઝુપડામાં વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આકામનાં ફરીયાદીનાં દિકરા સંજય સાથે આરોપી નં.૧નાં મામની દિકરી દીપાને પ્રેમસંબંધ થઈ ગયેલ હોય જેથી બંને અવાર નવાર મળતા હોય જેના કારણે આરોપી નં.૧ તથા ૨ તથા ૩એ આગોતરૂ આયોજન કરી ફરીયાદીનો દિકરો સંજય દિપાનાં ઝુંપડે આવતા ત્રણેય આરોપીઓએ ભેગા મળી એક સંપ કરી અને આરોપી અજીત કોળીએ મોઢે ડુચો દઈ પકડી રાખી તેમજ સાંજયએ માથામાં ધોકા જેવા પાઈપથી ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી અને યુવરાજે માથામાં પથ્થર મારેલ અને આ બનાવની જાણ ન થાય તે માટે ફરીયાદીનાં દિકરાની લાશ બાવળનાં કાંટામાં જંગલમાં નાખી દઈ અને મોટર સાયકલ તળાવમાં નાખી દઈ મોબાઈલ ફોન તથા ચપ્પલ તેમજ આરોપી અજીત તથા સંજયનાં કપડા સાથે તેઓએ ત્યાં સળગાવી દઈ પુરાવાનો નાશ કરી નાખ્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. આ બનાવ ઝાંઝરડા ચોકડી નજીક રોનક એપાર્ટમેન્ટની બાજુમાં ઝુપડાઓ પાસે ગત તા. ૧૬-૨-૨૦૨૨ ૨૩:૧૫નાં અરસામાં બન્યાનું અને ગઈકાલે ૨૪-૪-૨૦૨૨નાં પોલીસમાં જાહેર કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને બી ડીવીઝન પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૦૨, ૧૨૦(બી), ૨૦૧, ૧૧૪, જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ આર.એસ. પટેલ વધુ તપાસ ચલાવી રહયા છે.

જૂનાગઢ જીલ્લામાંથી મોટરસાયકલ ચોરનારને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા. ૨૫

જૂનાગઢનાં ગ્રામ્ય વિસ્તારનાં કેશોદ, બાંટવા, વંથલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરીઓ કરતી દેવીપૂજક ગેંગનાં સાગરીત રણજીત ધીરૂ દેવીપૂજકને દબોચી લઈ જૂનાગઢ જીલ્લા ઉપરાંત અન્ય જીલ્લામાં દાખલ થયેલ ઘરફોડ ચોરી તથા મોટર સાયકલ ચોરીની કબુલાત સહીત કુલ ૧૦ ગુનાનો ભેદ જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખ્યો છે.

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પવારની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમનાં પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ ડી.જી. બડવા અને સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ સ્ટાફને હકીકત મળેલ કે જૂનાગઢ જીલ્લાનાં કેશોદ અને બાંટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થોડા સમય અગાઉ ચોરીઓના બનાવ બનેલ હોયજે ચોરીઓમાં રાજકોટ ગ્રામ્યના ગોંડલ તાલુકાનાં વાસાવાડ ગામની દેવીપૂજક ગેંગનાં માણસો સંડોવાયેલ હોવાની તેમજ હાલ જૂનાગઢ જીલ્લામાં અગાઉ ચોરીઓમાં પકડાયેલ અને ઉપરોકકત દેવીપૂજક ગેંગનો માણસ ધીરૂ દેવીપૂજક હાલ ચોબારી ફાટક નજીક ઉભેલ હોવાની માહિતીનાં આધારે ઝડપી લઈ ક્રાઈમ બ્રાંચની ઓફીસે લાવી પુછપરછ કરતાં તેણે પોતાના સાગરીતો સાથે મળી જૂનાગઢ જીલ્લામાં તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં અલગ અલગ જગ્યાએ ચોરી કરેલાની હકકીત જણાવતા અંગજડતી દરમ્યાન રોકડ રૂા. ૬૪૨૦, વીવો કંપનીનો મોબાઈલ-૧ મળી કુલ રૂા. ૧૬૪૨૦નો મુદામાલ સાથે સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી તાલુકા પોલીસ સ્ટેશનને સોંપી આપેલછે.

આકામગીરીમાં વિજયભાઈ બડવા, વિક્રમભાઈ ચાવડા, વાય.એસ. જાડેજા, જયદીપભાઈ કનેરીયા, સાહીલભાઈ શમા, ભરતભાઈ સોલંકી વગેરે સ્ટાફ જોડાયેલહતો.

કેશોદ : મેસવાણના યુવકના લગ્ન થયાના થોડી કલાકો બાદ થયું મોત : લગ્નની ખુશી માતમમાં છવાઈ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદતા.૨૫

કેશોદના મેસવાણ ગામે કામરીયા પરિવારમાં કરૂણ ઘટના બનતા મેસવાણ ગામ તથા કોળી સમાજમાં માતમ છવાયો છે. વિધાતાએ કેવા લેખ લખ્યા હશે જે પરિણીતાએ જેના હાથે સેંથીમાં સિંદુર પુર્યો પ્રભુતામાં પગલા પાડી દાંપત્ય જીવનની શરૂઆત કરી એ યાદગાર ઘડીની કલાકો બાદ જ પતિનું મોત થતાં પરિણીતા વિધવા બની. કેશોદ તાલુકાના મેસવાણ ગામે રહેતા અશ્વિન મોહન કામરીયાના એક દિવસ પહેલાં જ કેશોદ ખાતે કોળી સમાજ સમુહ લગ્ન સમિતી દ્વારા યોજાયેલ સમુહ લગ્નમાં રાત્રીના લગ્ન થયા હતા. સમુહ લગ્નની વિધી પુર્ણ થયા બાદ વહેલી સવારે જાન ઘરે આવતા રીત-રીવાજ મુજબ પોખણાં કોડીયે રમવાનું તથા સગા સંબંધીઓ મિત્ર મંડળ પરિવારજનોના આશિર્વાદ લીધા હતા. બાદમાં અશ્વિનભાઈ ઘરના પાછળના દરવાજેથી કયાંક જતા રહેલ ઘણો સમય ઘરે ન જોવા મળતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છતાં સાંજ સુધી કોઈ મળેલ ન હતા. સાંજના સમયે જાણવાં મળ્યું હતું કે, ગામથી અઢી કિલો મીટર દુર જાળીયા વિસ્તારમાં ડેમમાં અશ્વિનભાઈનો મૃહદેહ પડયો છે. ઘટનાની જાણ થતા પરિવારજનના સગાઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યાં જોતા ઈલેક્ટ્રીક વિજપોલ ઉપર ચડી પહેરેલ કપડાં ગળામાં વીંટી ઈલેક્ટ્રીક વિજપોલના એંગલ ઉપર બાંધી ગળાફાંસો ખાઈ જીંદગી ટુંકાવવાનો પ્રયાસ કરેલ હોય જેમાં સફળતા ન મળતા ઈલેવન ઈલેક્ટ્રીક વિજ વાયરને સ્પર્શ કરી મોત નિપજયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જે બનાવ બાદ લાશને પીએમ અર્થે કેશોદની સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવેલ. દાંપત્ય જીવવાની શરૂઆતે જ દાંપત્ય જીવનનો કરૂણ અંત આવ્યો હતો. લગ્ન પુર્ણ થયાની થોડી કલાકો બાદ જ હજુ શણગાર સજેલી દુલ્હનના હાથમાં લગ્નની મહેંદી નસુકાય ત્યાં પરિણીતાનો સિંદુર ભુંસાતા લગ્નનો માહોલ કરૂણ કલ્પાંતમાં સર્જાતા પરિવારજનોમાં શોક છવાયો છે.

વંથલીનાં બાલોટ ગામે રેતી ભરવાની ના પાડતા અપહરણ કરી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા. ૨૫

વંથલી તાલુકાનાં બાલોટ ગામે રહેતા હરેશભાઈ ઉર્ફે હીરાભાઈ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૪૯)એ નાંદરખી ગામનાં જયસુખ હમીર કોળી, ભુપત બાવન કટારા રહે. ગીરનાર દરવાજા, નિતિન ખીમગીરી બાવાજી રહે. જૂનાગઢ, બાબુ મામદ હાલા રહે. ઉમટવાડા વગેરે સામે એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓ ફરીયાદીની વાડીએ આવી સાહેદ બાલોટ ગામનાં સરપંચ દિલીપભાઈ મકવાણાને કહેલ કે, તમારા ગામની નદીમાંથી રેતી ભરવી છે. સરપંચે રેતી ભરવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદીનું આઈ-૨૦ કારમાં અપહરણ કરી લઈ જઈ બિભત્સ શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી અને કોઈ વાડીએ લઈ જઈએ કેફી પીણું પીવડાવી બાદમાં છોડી દીધાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસો આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ વંથલી પોલીસ ચલાવી રહી છે.

શીલનાં સરમા ગામે તું સરપંચ બની ગયો છે એટલે હવા આવી ગઈ છે તેમ કહી હુમલો : ૬ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા. ૨૫

માંગરોળનાં સરમા ગામે રહેતા શાંતીબેન કાંતીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૭)એ ભીખાભાઈ મંગાભાઈ ચૌહાણ, મસરીભાઈ કારાભાઈ ચૌહાણ, વેજાભાઈ ઉગાભાઈ ચૌહાણ, દિપકભાઈ જેસાભાઈ ચૌહાણ, ગોવિંદભાઈ કારાભાઈ ચૌહાણ, મુળુભાઈ ભીમાભાઈ ચૌહાણ વગેરે સામે એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીનાં પતિ સરમા ગામનાં સરપંચ તરીકે ચુંટાયેલા હોય જે આરોપીઓને ગમ્યું ન હોય જેથી અદાવત રાખી આરોપી નં.૧ પોતાના હાથમાં કુહાડી લઈ ફરીયાદીનાં ઘરે જઈ અને કાંતિભાઈ ચૌહાણને કહેલ કે તું સરપંચ બની ગયો એટલે તને હવા આવી ગઈ છે. પણ તું સરપંચાઈ કેમ કરે તે હું જોઈ લઈશ તેમ કહી બિભત્સા શબ્દો કહેલ. આ દરમ્યાન અન્ય આરોપીઓ પણ આવી જતાં લાકડીઓ, પાઈપવડે હુમલો કરી ગેરકાયદેસર મંડળી રચી માર મારેલ તેમજ પાઈપ અને કુહાડી જેવા હથિયારો વડે માર મારવામાં આવેલ. આ ઉપરાંત ફરીયાદી તથા સાહેદ મનિષાબેન, મીતાબેન અને જયેશભાઈ કાંતિભાઈને છોડાવવા જતાં તેઓને પણ માર મારેલ છે. આમ આરોપીઓએ એકસંપ કરી ઈજાઓ પહોંચાડયાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિસાવદર તાલુકાનાં નાના કોટડા ગામે અકસ્માતે કુવામાં પડી જતા મોત

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા. ૨૫

વિસાવદર તાલુકાનાં નાના કોટડા ગામનાં ગોરધનભાઈ ગોવિંદભાઈ સાવલીયા જાતે પટેલ (ઉ.વ.૬૦) કુવામાં પાણી જોવા જતાં અકસ્માતે પગ લપસી જતાં તેનું મૃત્યું થયું છે.

મજેવડી ગામે ગળાફાંસો ખાતા મૃત્યું

મજેવડી ગામનાં ગીતાબેન મહેશભાઈ બારૈયા (ઉ.વ.૩૮) તા. ૨૩-૪-૨૦૨૨નાં પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર જતા રહેલ અને ગઈકાલે ઝાલણસર ગામે પરબડી રોડ ઉપર નદીના કાંઠે બાવળનાં ઝાડ સાથે ગળાફાંસો ખાધેલ હાલતમાં મળી આવેલ જે અંગેની જાણ તાલુકા પોલીસનો કરવામાં આવતા જૂનાગઢ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ગુજરાતી થાળી - સાઉથ ઈન્ડીયન



લિજ્જત પાઉંભાજી

જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સની સામે, કળવા ચોક, જૂનાગઢ

મો. ૯૪૨૨૭૭ ૩૩૩૪૪

- હરકયુલિસ સાયકલ
- હીરો સાયકલ
- બીએસએ સાયકલ
- વિકટર ૯૧ સાયકલ
- હિલી સાયકલ
- કોરાડો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- દાસ સાયકલ

તેમજ દરેક કંપનીનો સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગોલેક્સી

ઓટો એન્ડ સાયકલ એજન્સી

માંગનાથ રોડ, જૂનાગઢ (ગુજરાત)

મો. ૯૯૦૪૦ ૩૪૨૦૮

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 110, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India